અકલંક ગ્રંથમાળા પુષ્પ ૮૯

# જૈન કથાઓ

# ભાગ ૧૯



: સંપાદક :

તપસ્વી મુનિશ્રી અકલંકવિજયજી મહારાજ

P. P. Ac. Gunratansuriji M.S.          Jin Gun Aaradhak Trust

## -: છપાયેલ પુસ્તકોની યાદી :-


૧ કલ્યાણક સ્તવન ટોડર
૨ રૂષભદેવ ચરિત્ર
૩ શાંતિનાથ ચરિત્ર
૪ નેમિનાથનેકૃષ્ણ ચરિત્ર
૫ પાર્શ્વનાથને આદિનાથ ચરિત્ર
૬ મહાવીર ચરિત્ર
૭ જૈન રામાયણ
૮ ચેઈચિથયથુઈસજઝાય માળા
૯ શુકરાજાની કથા
૧૦ સમક્તિના સડસઠ બોલની સજઝાય અર્થ સાથે
૧૧ અકલંકવિજયજીનું જીવનચરિત્ર
૧૨ કુમારપાળ ચરિત્ર
૧૩ ભક્તામર અર્થકથા સહિત
૧૪ છકર્મગ્રંથસાર ભા. ૧
૧૫ નળ-દમયંતી ચરિત્ર
૧૬ પ્રકરણ ભાષ્યસાર
૧૭ જૈન કથાઓ ભા. ૧
૧૮ છ કર્મગ્રંથ સાર ભા. ૨
૧૯ જૈન કથાઓ ભા. ૨
૨૦ સજઝાયમાળા
૨૧ ભોગોપભોગ વિરમણવ્રત
૨૨ કુવલયમાળા કથા
૨૩ સામાયીક પ્રતિક્રમણને અષ્ટકર્મ ઉપરની કથાઓ
૨૪ તિલકમંજરી
૨૫ જૈન કથાઓ ભાગ ૩
૨૬ વૈરાગ્યનું અમૃત યાને સમરાદિત્ય ચરિત્ર
૨૭ રૂષભદેવ ચરિત્ર સ્તવનો સાથે
૨૮ શાંતિનાથ ચરિત્ર સ્તવનો સાથે
૨૯ નેમિનાથ ચરિત્ર સ્તવનો સાથે
૩૦ પાર્શ્વનાથ ચરિત્ર સ્તવનો સાથે
૩૧ મહાવીર ચરિત્ર સ્તવનો સાથે
૩૨ જૈન રામાયણ
૩૩ ભક્તિ મુક્તિ પર્યુષણ પર્વમાળા
૩૪ ભૂર્ભુવઃ સ્વઃ ભા. ૧
૩૫ શાંબપ્રદ્યુમ્ન ચરિત્ર
૩૬ વીશસ્થાનકની કથાઓ
૩૭ જૈન કથાઓ ભા. ૪
૩૮ મયણા શ્રીપાળ
૩૯ નેમિ વિવાહલો
૪૦ મહાબળ મલયા સુંદરી ચરિત્ર


P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

શ્રી પરમાત્માને નમઃ શ્રી ગુરૂભ્યો નમઃ

અકલંક ગ્રંથમાળા પુષ્પ ૮૯

# જૈન કથાઓ ભાગ ૧૯

* પ્રકાશક *
અકલંક ગ્રંથમાળા
ઠે. વાડીલાલ જીવરાજ
ગૌતમ નિવાસ, નં. ૭ લક્ષ્મી શોપીંગ સેન્ટર પાછળ
ગૌશાળાલેન મલાડ ઇસ્ટ મુંબઇ ૪૦૦૦૬૪

* સંગ્રાહક *
તપસ્વી મુનિશ્રી
અકલંકવિજયજી મહારાજ

* મુદ્રક *
સી. પી. પ્રિન્ટર્સ
હનુમાનવાળી શેરી પાસે–પાલીતાણા

નકલ ૧૦૦૦ કિંમત રૂા. ૬–૦૦

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

# અ....નુ... ક્ર....મ મ....ણિ....કા



| પેઈજ નં. | વિગત |
| --- | --- |
| ૧ | અભયકુમાર |
| ૪૬ | મેતાર્યમુનિ |
| ૫૭ | સ્થુલભદ્ર |
| ૭૨ | વજ્રસ્વામી |
| ૧૦૨ | દાતાઓની નામાવલી |



P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

# અભયકુમાર

ઉત્પાતિકી બુદ્ધિના યોગથી સર્વ મંત્રીમાં શ્રેષ્ઠ એવો અભયકુમાર, નિર્મળ એવી સંયમ લક્ષ્મી પામીને (દીક્ષા લઈને, મુક્તિ રમણીને વર્યા, એટલા માટે એ અભયકુમાર મંત્રીશ્વરની ઉત્પત્તિ અને તેનું સ્વરૂપ મુક્તિ પ્રાપ્તિ સુધી કહીએ છીએ.

લાખજોજન પ્રમાણવાળા જંબુદ્વિપને વિષે દક્ષિણ દિશાએ ભરતક્ષેત્રના મધ્યભાગમાં મગધ નામનો દેશ શોભી રહ્યો છે. ત્યાં બાર જોજન લાંબુ, નવ જોજન પહોળુ તથા નાના પ્રકારના મણિ, મુકતાફળ પ્રવાળા અને વસ્ત્રાદિકે કરીને દીપી રહેલું રાજગૃહ નામે નગર છે. તેની પાસેનાજ પ્રદેશમાં દક્ષિણ ભાગે ગંગા નદી વહે છે. ત્યાં વૈભારગિરિ નામનો પર્વત આવેલો છે. આવા નગરને વિષે ઘણાજ વ્યવહારિઆ વસે છે. તેમના મહાન્ પ્રાસાદ અને જિનમંદિરો જોઈને સર્વ કોઈને હર્ષ થાય છે. ત્યાં પ્રબળ વૈરી રૂપી હસ્તિને હણવામાં કેસરીસિંહ સમાન અને ન્યાય



P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

રૂપી સમુદ્રને ઉલ્લાસ પમાડવાને ચંદ્ર સમાન એવો પ્રસેન-જિત મહિપાળ રાજ્ય કરતો હતો. નગરીને ફરતો મ્હોટો કોટ હતો. તે ચોમેર કુંડળની પેઠે દીપતો હતો. રાજાને એકસો રાણી હતી. તેમાં મુખ્ય કળાવતી હતી. વળી શ્રેણિક કુમાર આદિ એકસો પુત્રો હતા. એ સર્વ પુત્રોને શસ્ત્ર તથા શાસ્ત્રકળાનો સારો અભ્યાસ કરાવ્યો હતો.'

કહ્યું છે કે–જેણે પ્રથમ અવસ્થામાં વિદ્યા ઉપાર્જિ નથી, બીજી અવસ્થામાં ધન ઉપાર્જ્યું નથી, અને ત્રીજી અવસ્થામાં ધર્મ ઉપાર્જ્યો નથી; તે ચોથી અવસ્થામાં શું કરશે ? વળી મનુષ્ય જન્મ પામીને માણસને બે કળાઓ ખરી શીખવાની છે. જેણે કરીને સુખેથી જીવાય અને જેણે કરીને મૃત્યુ પછી સુગતિ પ્રાપ્ત થાય.

એકદા પ્રસેનજિત રાજા ચિંતવવા લાગ્યા કે આ સર્વ પુત્રો વિદ્યા અને બળમાં સરખા છે, પણ પરીક્ષા વિના પુત્ર રાજ્ય યોગ ગણાય નહીં. માટે જે પ્રજાને વલ્લભ હોય બુદ્ધિ અને વિનયવાળો હોય; તે જ રાજ્યયોગ્ય કહેવાય. તેથી તેમની પરીક્ષા કરવી. કારણ કે, જો પિતા પોતાની હયાતીમાં પોતાના પુત્રોને પરીક્ષા કરીને મર્યાદા ન બાંધી આપે તો, તેના મુત્યુ પછી તેઓ પરસ્પર યુદ્ધમાં લડીને મૃત્યુ પામે અને રાજ્ય બીજાઓ લઈ જાય.

કહ્યું છે કે–દેહ નાશ પામ્યા પછી બુદ્ધિ કયાંથી ? બુદ્ધિ વિના સ્મૃતિ કયાંથી ? સ્મૃતિ વિના જ્ઞાન કયાંથી ? અને જ્ઞાન વિના સદ્ગતિ કયાંથી ?

એમ વિચારીને રાજાએ ઉત્તમ પકવાન (ખાજા) બના-

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

રાવી તેને વાંસના કંડીઆમાં ભર્યાં, ને તે કંડીઆં ઓરડામાં મૂકયા. એજ પ્રમાણે કોરા ઘડામાં પાણી ભરીને તે પણ ઓરડામાં મૂકયા. પછી પુત્રોને બોલાવીને કહ્યું. "તમે આ ઓરડામાં રહો. કંડીઆનાં કે ઘડાના મોં ઉઘાડવાં નહિ ને ભૂખ્યા કે તરસ્યા પણ રહેવું નહી."

હવે શ્રેણિકાદિ કુમાર પોત પોતાની બુદ્ધિ વડે વિચારવા લાગ્યા કે, "આપણે આમાંથી કેવી રીતે અન્ન જળ લેવું ? ને પિતાની આજ્ઞા અખંડ રાખવી !" પણ કોઈની બુદ્ધિ પહોંચી નહિ. એટલે શ્રેણિક કુમારે ભાઇઓને ભુખ તરસથી પીડાતા જોઇને કહ્યું. "જો તમે મ્હારી બુદ્ધિ પ્રમાણે વર્તો, તો તમારી પીડા મટે." સર્વેએ હા કહી એટલે શ્રેણિક કુમારે વસ્રના કકડા લઈને પ્રત્યેક ઘડાની આસપાસ વીંટયા અને કંડીઆને હલાવી હલાવીને તે માંહિલું પકવાન ચૂર્ણ કર્યું. અર્થાત્ તે (ખાજા)નો ભુકો કરી નાંખ્યો. તેથી બહાર ભોંય ઉપર પડવા લાગ્યું. તેઓ ખાવા લાગ્યા અને કોરા ઘડાનું પાણી વીંટેલા વસ્ત્ર નીચોવીને તેઓ પાણી પીવા લાગ્યા. આમ શ્રેણિકની બુદ્ધિથી સર્વ કુમારો તૃપ્ત થયા, પછી સૌ પ્રસેનજિત રાજા પાસે આવ્યા. ત્યારે રાજાએ પુત્રોને પૂછયું કે, " કેમ સૌ તૃપ્ત થયા ?" ત્યારે એક પુત્ર બોલ્યો. 'શ્રેણિકની બુદ્ધિથી.' પિતાએ કહ્યું કે, જેને એવી ખાજાનો ભુકો કરવાની બુદ્ધિ ઉપજી તેને રાંક જાણવો."

ત્યાર પછી વળી પિતાએ બીજી રીતે પરીક્ષા કરવાનું ધાર્યું. તે એમ કર્યું કે દૂધની ખીર રંધાવીને સર્વ પુત્રો પાસે પાત્રો મૂકી તેમાં તે ખીર પીરસાવી અને તુરતજ

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

ભૂખ્યા કૂતરાઓને છોડી મુકયા. જેવામાં તે કુમારો જમવા લાગ્યા. તેવામાં કૂતરાઓ ઘુર્ઘુર શબ્દો કરતા આવ્યા કે, તુરતજ શ્રેણિક વિના બીજા સઘળા કુમારો ભયને લીધે ભાણાં પડતાં મૂકી ખરડાયલે હાથેજ નાસી ગયા! પણ શ્રેણિકે તો નિર્ભય રહીને પોતાના ભાઈઓનાં ભાજનાં પેલા કૂતરાઓની સન્મુખ થોડે થોડે ખસેડી મુકયાં. એટલે કૂતરાઓ તે ભોજનમાંથી ખાવા લાગ્યા અને પૂંછડી હલાવતા હલાવતા શ્રેણિકના દાસ જેવા થયા. એટલા વખતમાં શ્રેણિક પોતાના ભોજનમાંથી સ્વસ્થ ચિત્તે ખીર ખાઈને તૃપ્ત થયો અને હાથ ધોઈ પાણી પીને રાજા પાસે ગયો. ત્યાં બીજા કુમારો પણ આવ્યા એટલે તે શ્રેણિકને તૃપ્ત અને બીજાઓને ભૂખ્યા જોઈને કૃત્રિમ (ખોટી) ભ્રકુટી ચઢાવીને બોલ્યો. "શ્રેણિક કૂતરાઓની પંક્તિમા જમ્યો, માટે એ તમારા સરખો કહેવાય નહી. એ ગામડાના લોક જેવો કે, ગોવાળ જેવો જાણવો; કે જેણે આવા પ્રકારનું ભોજન કર્યું! જે જેની પંક્તિમાં જમે, તે તેના જેવો જાણવો. આ બીજા શ્રેષ્ઠ છે, શુચિ છે અને પવિત્ર છે." આ સાંભળીને તેઓ હર્ષ પામ્યા, પરંતુ શ્રેણિકના મનમાં જરા પણ ખેદ થયો નહી.

પછી રાજાએ શ્રેણિકને કહ્યું. "મેં પૂર્વે ત્હારી પરીક્ષા કરી છે (ને હજુ પણ કરવી છે) માટે આ ધવળ ઘર બળે છે, તેમાંથી જે તને ઉત્તમ વસ્તુ લાગે તે લઈ આવ. શ્રેણિક તો ત્યાં જઈ હીરા, મોતી માણેક આદિ છોડી દઈને માત્ર ભંભા નામના વાજિંત્રને લઈને આવ્યો. એમ દેખીને રાજાએ તેને કહ્યું કે, "તું તે વાજિત્ર ઘેર ઘેર વગાડીને ઉદ્ઘોષણા કર. કારણ કે તું પેટ ભરો છે. વળી કુમારો

જે જે પડતું મૂકે, તે તે વસ્તુનું ભક્ષણ કર. જો તું મેં કહ્યું તે પ્રમાણે કરીશ, તો જાણજે કે તું ડાહ્યો છે. અને ત્હારીજ આજ્ઞા...આ પ્રમાણે શબ્દ કપટે કરીને તેને રાજ્ય સોંપ્યું એમ જણાવ્યું. પછી રાજાએ સર્વ પુત્રોને યથા-યોગ્ય ગામો ભાગ પાડીને વહેંચી દીધાં. પછી શ્રેણિક શિવાય બીજા કુમારો હસ્તિ, ઘોડા, પાયદળ આદિનો સં-ગ્રહ કરવા લાગ્યા; પરંતુ શ્રેણિકે તો અશ્વોનો પણ સંગ્રહ કર્યો નહી ! પિતાએ કહ્યું કે, "આ શ્રેણિક કુતરાઓની સાથે જમ્યો, પરમાન્ન એવું જે પકવાન તેનું ચૂર્ણ કર્યું, બળતા ઘરમાંથી ફકત ભંભાજ લાવ્યો; માટે હાલમાં એ રાજ્યને યોગ્ય નથી, વળી વણિકની પેઠે તે મુષ્ટિબદ્ધ થઇ કાંઇ ખર્ચ પણ કરતો નથી."

પિતાએ આ પ્રમાણે કહ્યું, તે ઉપરથી એક રાત્રીએ શ્રેણિક એકલો ખભે ખડગ ધારણ કરીને વિદેશ તરફ ચાલી નીકળ્યો. તે ઔષધ, મંત્ર, તંત્રાદિ પ્રયોગને જાણતો હતો. છત્રીશ દંડાયુધ-દંડપીલવાની કળા વગેરેમાં પ્રવીણ હતો. હવે તેનાં અદ્‌ભુત કર્મ ઉદય આવવાનાં હતાં, એટ-લે નિર્ભય એવો તે સિંહની પેઠે વનમાં ફરવા લાગ્યો. ઘણી ભૂમિ ઉપર ભમતાં ભમતાં અનુક્રમે તેણે વજાકર નામે મ્હોટા પર્વતને દીઠો. તે વખતે તે ઘણો હર્ષિત થયો. ત્યાં તે પર્વતનો અધિષ્ઠાયક દેવતા તેનું મહત્‌ ભાગ્ય જાણીને તેને સ્વપ્નમાં રાત્રીએ આ પ્રમાણે કહેવા લાગ્યો. 'હે કુમાર ! અહિંથી બે કોસ ઉપર નદીને કાંઠે હસ્તમેળાપક આકારે પીંપળાના બે વૃક્ષોનું જોડેલું છે. તે વૃક્ષોમાં એક શાખાને વિષે એક પાષાણ છે, તેના ગુણ મેરુપર્વત તુલ્ય છે અને તેમાં અઢાર મહાપ્રભાવવાળાં રત્નો છે. અઢારે

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

એક એકથી ચઢિયાતાં છે.

પહેલા રત્નના પ્રભાવથી અઢાર જાતિના સર્વ માણસો વશ્ય થાય. બીજા રત્નના પ્રભાવથી સર્વ પ્રકારના વિષ ઉતરે. ત્રીજા રત્નના પ્રભાવથી ક્ષુદ્ર ઉપદ્રવો થતાજ નથી. ચોથા રત્નના પ્રભાવથી રાજા, પ્રધાન અને શેઠીયા પ્રમુખ માન આપે. પાંચમા રત્નના પ્રભાવથી રૂદ્ધિ સહિત પુત્ર મળે. છઠ્ઠા રત્નના પ્રભાતથી દીવ્યભોગ પ્રાપ્ત થાય. સાતમા રત્નના પ્રભાવથી પાણીનું પૂર તરી જવાય. આઠમાં રત્નના પ્રભાવથી મહ વિવેકી થવાય. નવમા રત્નના પ્રભાવથી શરીર ઉપર ઘા ન લાગે. દશમાં રત્નના પ્રભાવથી ભણાવનારે ગુરૂ વિના પણ વિદ્યા આવડે. અગીયારમા રત્નના પ્રભાવથી શસ્ત્રો લાગતાં નથી. બારમા રત્નના પ્રભાવથી જાતિઅંધ મનુષ્યો દેખતા થાય. તેરમા રત્નના પ્રભાવથી અગ્નિ દેહને બાળી શકતો નથી. ચૌદમાં રત્નના પ્રભાવથી વસ્તુ પરીક્ષા આવડે. પંદરમાં રત્નના પ્રભાવથી ભૂખ કે તૃષા લાગે નહી. સોળમાં રત્નના પ્રભાવથી માણસને માર્ગે જતાં વાઘ સિંહાદિ દુષ્ટ પ્રાણીઓ મળે નહી. સત્તરમા રત્નના પ્રભાવથી રૂપ પરાવર્તન (ફેરફાર) થઇ શકે અને અઢારમાં રત્નના પ્રભાવથી શરીરનાં સર્વ રોગ નાશ પામે તથા સર્વ લોકો આવીને નમે.

હે કુમાર ! તું ડાહ્યો છે. તે પાષાણ તું જોજે. એ અઢારે રત્નો લઇને નામ લખીને તેમને ત્હારી પાસે રાખજે. તેમની હમેશાં પૂજા કરજે. મારૂં નામ હંમેશાં ચિત્તને વિષે ધારી રાખજે. તું ત્યાં જઇને છાયામાં વિસામો લઇશ કે, તુરત તે પાષાણ પ્રગટ થઈ આકાશમાં જતો રહેશે. તે તે રત્નોનો જે જે પ્રભાવ મેં કહેલો છે, તે સત્યજ

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

માનજે. ત્હારૂં ભાગ્ય વધતું જોઇને એ સઘળું મેં તને કહેલું છે. આ રત્નોનો પ્રભાવ વીશ વર્ષ સુધી વધ્યા કરશે. ત્યાર પછી તો તેનો પ્રભાવ અથાગ વધી જશે."

આવું સ્વપ્ન દેખીને કુમાર જાગ્યો કે, સવારે તુરતજ ત્રણસેં પંચ પરમેષ્ઠિ નમસ્કાર (નવકાર) ગણીને સ્વપ્ન સ્વરૂપને હૃદયમાં ચિંતવન કરતો કરતો દેવતાએ કહેલે અનુસારે ચાલ્યો તો તેણે નદી તીરે હસ્તમેળાપક આકારે વૃક્ષ જોયું. તેમાં મહાન ધવળ પાષાણ જોયો. તે જોઇને તેને પૂજી તે તેના ઉપર બેઠો. એટલામાં તે વૃક્ષમાંથી પાષાણ પડયો. ને શ્રેણિકે લીધો, તેમાંથી અઢાર રત્નો નીકળ્યાં. તે સર્વે રત્નોને પ્રભાવનાં ચિન્હો કરીને ધીમે ધીમે આગળ ચાલ્યો.

કહ્યું છે કે–રાજ્ય, સંપત્તિ ભોગ, ઉત્તમ કુળમાં જન્મ, સારું પંડિતપણું, લાંબુ આયુષ્ય અને શરીરે આરોગ્ય એ સર્વ ધર્મનાં ફળ જાણવાં.

હવે માર્ગને વિષે ચાલતા એવા શ્રેણિકે નદી તીરે ચંપક, અશોક, પુન્નાગ, માકંદ અને રાયણ પ્રમુખનાં વૃક્ષો દીઠાં તે વૃક્ષો ફળ ફુલથી શોભી રહ્યાં હતાં તેમનામાંથી જે જે ઉત્તમ વૃક્ષો જાણીતાં હતાં, તે તે વૃક્ષોનાં મધુર ફળ આસ્વાદન કરી (ખાઇ) મૃગલાં સાથે ક્રીડા કરતો, નદીના નિર્મળ જળનું પાન કરતો આગળ ચાલ્યો, મૃદુ એવાં પત્રોની શય્યા રચીને તેમાં તે રાત્રીને અવસરે શયન કરતો. પર્વતના શિખરો ઉપરથી પડતાં ઝરણાંને જોઇને અને નૃત્ય કરતા એવા મયૂરોને જોઈને તે બહુ હર્ષ પામ્યો. એટલે તે અત્યારે પલ્લીમાં ચાલતો થયો પણ રાજાના ઘરના સુખથી અધિક સુખ માનવા લાગ્યો.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

એકદા રસ્તે ચાલતાં અકસ્માત્ એક ભિલ્લપુત્રી કુમારિકા તેની દષ્ટિએ પડી. તે ભિલ્લપુત્રી પણ દેવકુમાર તુલ્ય શ્રેણિક કુમારને આવતો જોઈને નૂપુરના નાદથી દિશાઓને પૂરી દેતી, મોર પીછાના અલંકારથી શોભાવ્યું છે ગાત્ર જેણીએ એવી તથા હર્ષના ઉત્કર્ષથી જેના મનોરથ પૂર્ણ થઈ ગયાં છે એવી ચંદ્રને જોઈને જેમ ચકોરી પ્રમોદ પામે, તેમ પ્રમોદ પામતી હાથણીની પેઠે ધીમે ધીમે પર્વત ઉપરથી ઉતરી શ્રેણિક કુમારની સમીપે આવીને કહેવા લાગી. "આજ મારો જન્મ સફળ થયો કે, આપના સમાન તરુણ રૂપવાન પુરુષ મને પ્રાપ્ત થયા. હું આપને શરણે આવી છું. ઉભા રહો સ્વામિન્ ઉભા રહો, મ્હારા ઉપર સ્નેહ કરો. આ પલ્લીમાં મ્હારો પિતા રાજા છે. જો આપ મને પરણશો તો, તે તમને દેશના અધિપતિ કરીને સ્થાપશે અને જો મ્હારું કહ્યું આપ નહી કરો તો અકાળે મૃત્યુ પામશો. જે જે ઔષધિ અને મણિ મંત્ર તંત્ર, પ્રભાવ વિદ્યમાન છે, તે તે હું જાણું છું. મ્હારી પાસે એવી ઔષધી છે કે, જેથી મનુષ્ય પશુ થાય છે. અને પશુ મનુષ્ય થાય છે. બીજી એક એવી ઔષધિ છે કે, મનુષ્ય વાંદરો થઈને પગલે પગલે ઉછળતો ચાલે છે. ત્રીજી એક એવી ઔષધિ છે કે, જેથી વાંદરો મનુષ્ય થાય છે. વળી હું વૃક્ષો ઉપર પગ મૂકીને કામદેવની ઈચ્છા કરનારા મનુષ્યોના હાથપગ છેદી શકું છું. હું વાઘ કે સિંહથી ભય પામતી નથી, વનમાં ચાલવાથી બ્હીતી નથી અને ભૂત, પ્રેત, પિશાચ, ચોર કે સર્પથી પણ હું ડરતી નથી! કારણ કે, મ્હારી પાસે ઉત્તમ ઉપાયો છે. વળી હું પાણીના પૂરથી પણ બ્હીતી નથી. હસ્તિને કાન પકડીને ઉભો રાખું છું. ફકત એક અગ્નિથી હું દૂર

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

નાશું છું. આ સઘળું માનીને મને પરણીને મ્હારા પતિ થાઓ. મ્હારા પિતાના રાજ્યની સીમા સો કોસ સુધી છે. માટે આપ અહિંથી કયાય પણ જઈ શકો એમ નથી. મને અંગીકાર કર્યા વિના ઉપાય નથી. ઘેર પરોણો આવ્યો છે. તેને સહન કરો કે ન કરો, તેમ મરજી હોય, કે ન હોય, પણ મને પરણો."

શ્રેણિકે વિચાર્યું. "આ શાકિનીને હું કેમ પરણું ? એ આવી મલીન છે, નીચ જાતિની છે. તે કામદેવના વશથી બોલે છે. વળી બલિષ્ઠ પણ છે અને ધુતારી પણ છે. મેં પહેલાં ધુતારાઓની સાથે ભોજન કર્યું, તેથીજ મને પિતાએ સ્વદેશથી કાઢી મૂકયો છે. જો હું એને પરણું તો મ્હારી જાતિને માથે ખાર પડે. ન જવાની જગ્યાએ જવાથી અધમ પુરુષો કૂળ ખૂવે છે. જો હું એને પરણ્યો તો મ્હારું ક્ષત્રિયકુળ ભિલ્લકુળ સમાન થયું જાણવું. વળી જો એને પરણીશ તો મ્હારે એના હાથનું ભોજન લેવું પડશે તથા એના પિતાને નમવું પડશે; મ્હારા માત પિતા લાજશે. માટે એને ન વરવું પડે એવું કાંઈ કરું. ત્યારે શું એની આગળથી નાસી જઉં કે, મરણ અંગીકાર કરું ? ઉત્તમ કૂળ પામીને જે માણસો અધમની સાથે મૈત્રી કરે છે, તેને પણ અધમ જાણવા.

કહ્યું છે કે—વિધાતાએ આ સંસારમાં સ્ત્રી રૂપી પાસલો માંડ્યો છે કે, જેમાં જાણ અને અજાણ પુરુષો બંધાય છે. કારણ કે, જૂઠ, સાહસ, માયા, મૂર્ખાઈ, અતિલોભ, નિઃસ્નેહ અને નિર્દયપણું એ સાત દોષ સ્ત્રીઓ માંસ્વભાવથીજ હોય

છે, જો તેનાં દર્શન થયા હોય તો ચિત્ત હરી લે ને, સ્પર્શ બળને હરે છે અને તેનો સંગમ વીર્યને હરે છે. આ પ્રમાણે સ્રીને પ્રત્યક્ષ રાક્ષસી કહી છે.

ક્ષણવાર મૌન ધારણ કરીને કુમાર તો ધીમે ધીમે આગળ ચાલવા લાગ્યો. એટલે તે સ્રી પણ પાછળ પાછળ ચાલી. આગળ ચાલતા શ્રેણિકે દાવાનળ બળતો જોયો, એટલે હૃદયમાં અગ્નિસ્તંભન મણિનું સ્મરણ કરીને તેમા પોતે ઝંપાપાત કર્યો. પછી તે કહેવા લાગ્યો. ' હે સ્રી ! જો તારે મને પરણવું હોય તો અહિં આવ. " એ સાંભળી સ્રી તો હાથ ઘસવા લાગી ને બોલી કે, ' મેં બહુ ઉતાવળ કરી. જો સ્થિર થઈ હોય તો જરૂર મને પરણત. એણે મને છળ (કપટ) કરીને છેતરી. તે મેં ઘણો વિનય કર્યો હોત તો ! ક્ષય ઉપજાવનાર એવું એક પણ વચન નહિં બોલી હોત ! જો હું મીઠાં મીઠાં વચન બોલીને તેની દાસી થઇ હોત ! તો જરૂર તે મ્હારા પાશમાં આવી જાત. હું જે જે બોલી, તે તે મ્હારે માથેજ આવી પડયું કારણ કે, નિશ્ચે એ અસંખ્ય મંત્ર તંત્રાદિ જાણતો હતો, પણ રંકને હાથ આવેલું રત્ન તે કેમ રહે ? મે જ મૂર્ખાઇ કરીને મ્હારું જ્ઞાન જણાવી દીધું ! એણે તો મને છેતરી ને દાવાગ્નિમાં પ્રવેશ કર્યો. હવે હું શું કરૂં ? કયાં જઉ ? કોની પાસે એ કહું ? " ઉંચે પર્વત ઉપર રહેલી કુમારિકા કુમારને જતો દેખીને ખેદ ધરતી આ પ્રમાણે કહેવા લાગી અને છાતી કુટવા લાગી, પણ ક્ષણવાર વિચાર કર્યો તો તેણીને જણાયું કે, એને રાખવાને કોઇ સમર્થ નથી. હું વૃથા ખેદ કરું છું ? ભાગ્ય વિના ચિંતામણી રત્ન ઘરને વિષે રહે જ નહિ. એમ ધારતી તે ત્યાં જ ઉભી રહી.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

હવે શ્રેણિકકુમાર મૂઠી વાળીને દોડયો. તે ગંગા નદીના પ્રવાહ પાસે પહોંચ્યો. બહુ પાણી જોઇને તે ચારે દિશાએ ફરી ફરીને જોવા લાગ્યો, તે નદીના કાંઠે સુક્કું એવું ચંદનવૃક્ષ જોઇને તે હર્ષ પામ્યો. જેવો તે તે વૃક્ષ ઉપર ચડયો કે તુરત જ કડકડ શબ્દ કરતું તે ચંદનવૃક્ષ ગજેંદ્રની પેઠે પાણીમાં પડયું. પણ તેણે તુરત જ પોતાની પાસેના જળતારક રત્નનું સ્મરણ કર્યું. એટલે તે વૃક્ષ ઉપર બેઠેલો છતાં વિમાનમાં બેઠેલો હોય તેમ ચાલવા લાગ્યો અને જેમ જેમ તેનાં આધારે ને રત્નના પ્રભાવે વીશ દિવસ પૂર્ણ થયા ત્યારે તે બેન્નાતટ નગર સમીપે આવ્યો.

જેવામાં તેણે તે ચંદનવૃક્ષ ત્યાં રાખ્યું, તેવામાંજ નગરમાં તેનો ગંધ સર્વ સ્થળે પ્રસરી રહ્યો. તેને અનુસારે જેમ ઉત્તમ પુષ્પો પાસે ભમરાઓ જાય, તેમ બહુ શ્રેષ્ઠીઓ ચંદનના ગંધથી આકર્ષાઈને ત્યાં આવ્યા. તેમણે પૂછ્યું. “ હે કુમાર સાર્થવાહ ! આ વૃક્ષનું મૂલ્ય શું ?’ ત્યારે તેણે કહ્યું. “ એનું મૂલ્ય ન કહી શકાય તેટલું છે. તે મણિ, માણિકયની બરાબર તોળીને વેચવું છે. આવું ચંદન કોઈ રાજાના ભંડારમાં પણ નથી, માટે તે સૂકું ચંદન સુવર્ણની બરાબર તોળીને તમને આપીશ. કારણ કે ઉત્તમ કરિયાણું સર્વ ખપી જાય છે. ” એટલામાં તો બહુ લોક એકઠા થઈ ગયા. ત્યારે શ્રેષ્ઠીઓએ કહ્યું. “ અરે લોકો દૂર જાઓ જાણતા નથી કે, એ એકલો છે અને આપણે ઘણા છીએ. જો તેનું જરા પણ ચંદન જશે તો તે આપણું જં ગયું. કારણ કે, તે આપણો સાધર્મિક છે. માટે કોઇએ તેમાં હાથ નાંખવો નહિ. નાંખશે તે ચોર

P. P. Ac. Gunratnasuriji M.S. Jin Gun Aaradhak Trust

ગણાશે, ને તે અન્યાયીનો રાજા નિગ્રહ કરશે. કારણ કે, રાજા ન્યાયની જ રક્ષા કરે છે. પછી ચારે દિશાઓથી ચંદનને કાપવાનાં ઓજારો–વાંસલા, કુહાડા પ્રમુખ ત્યાં ઘણ આવ્યા. તેણે કરી કાપી કાપીને તે ચંદન કાંટે ચઢાવીને સુવર્ણ બરાબર તોળીને તેણે વેચ્યું. તેના ઉપજેલા સુવર્ણનાં તેણે રત્નો લીધાં. ક્ષણવારમાં બધા શ્રેષ્ઠીઓ પણ સુવર્ણ આપી લીધેલું ચંદન લઇને પોતપોતાને સ્થાને ગયા

હવે શ્રેણિક કુમાર પણ હર્ષ પામી સઘળાં રત્નો ગાંઠે બાંધી વેષ ફેરવીને એ બેન્નાતટ શહેરમાં પ્રવેશ કર્યો. પ્રવેશ કરતાં જ પ્રથમ ધનવાહ શ્રેષ્ઠીની દુકાને ગયા ત્યાં તે ક્ષણવાર બેઠો. ત્યાં તો તે શ્રેષ્ઠીના ઘણા ગ્રહકો આવવાથી મ્હોટો લાભ થવા માંડયો. એટલે તેણે કુમારને કહ્યું. "આ એક ભાજનમાં મીંઢળનાં ફળ છે, બીજામાં રોહિણી વૃક્ષની છાલ છે અને ત્રીજા ટોપલામાં જવ છે. એ સર્વે મેં કાલે આણ્યાં છે. વળી આ ગળો, કચૂરો, પાટલાદિ ચોથા ટોપલામાં છે. વળી આ ત્રિગડુ, ત્રિફળાં સિંધવ, ગિરિઆળો તથા સૂંઠ વિગેરે છે. તેનાંથી ત્હારે જે જોઇએ તે લે." એમ સાંભળીને શ્રેણિકકુમાર બોલ્યો. "હાથ તો ઘણો મોકળો છે, પણ તમે મારા ઉપર શા કારણે એમ કરો છો ? એ તો તમારો સ્વભાવ જ એવો હશે." શેઠ હસીને બોલ્યા. "સંસારમાં પોતાનો અર્થ સર્વ કોઇને વહાલો હોય છે. પારકો અર્થ કાંઈ વ્હાલો નથી." ત્યારે કુમાર બોલ્યો. "તમારે પોતાનું શું કાર્ય છે? ત્યારે શેઠે કહ્યું. "આજ રાત્રીએ કોઈ દેવતાએ મને સ્વપ્નને વિષે કહ્યું કે, 'પ્રભાતે સાત ઘડી સૂર્ય ઉગ્યા

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

પછી આઠમી ઘડીએ પૂર્વ દિશાએથી કોઈ વીશ વર્ષની વયવાળો શ્વેત વસ્ત્રધારી પુરૂષ તારી દુકાને આવશે, તે તારી સર્વ આપત્તિ દૂર કરશે.' એવું સ્વપ્ન આપીને તે દેવ વિજળીની પેઠે અંતર્ધાન થઈ ગયો. પછી પ્રભાતે ઉઠીને મેં વિચાર્યું કે, આ સ્વપ્ન તો ઉત્તમ છે.

કારણ કે સ્વપ્નશાસ્ત્રમાં કહ્યા પ્રમાણે દેવતા, બ્રાહ્મણ ગાય, મા, બાપ, સાધુ અને રાજા એટલા સ્વપ્નને વિષે જે કહે તે સત્ય જ જાણવું. ગાય, અશ્વ, હસ્તિ અને દેવ એટલા સિવાયની બીજી સઘળી કાળી વસ્તુઓ ખરાબ કહી છે અને કપાસ, છાશ અને લવણ શિવાયની બીજી સઘળી શ્વેત વસ્તુઓ સારી કહી છે. સ્વપ્નમાં ગીત ગાતાં, રૂદન કરવું પડે, નૃત્ય કરતાં, બંધનમાં પડવું પડે, હસવાથી રૂદન કરવું પડે, તથા ભણવાથી કલેશ થાય.

પ્રભાતે આવીને જેવો દુકાન ઉપર બેઠો, તેવાજ મેં આપને તે પ્રમાણેનાજ લક્ષણ ગુણવાળા જોયા."

કુમાર વિચારવા લાગ્યો કે, "આ શેઠ મુગ્ધ (ભોળો) છે. તે કાંઈ પણ છાનું રાખતો નથી".

પછી તે જેમ જેમ સ્વપ્નનું સ્વરૂપ કહેતો ગયો તેમ તેમ કુમાર ચિત્તને વિષે કૌતુક ધરવા લાગ્યો. એટલામાં તે કુમારની દ્રષ્ટિ દુકાનમાં એક વસ્તુ ઉપર પડી. તે જોઇને તેણે શેઠને પૂછ્યું. 'એ શું છે?' શેઠે કહ્યું. 'પરદ્વીપ સંબંધી વહાણને ચોર લોકેએ સમુદ્રમાં જતું પકડ્યું ને અહિં લાવીને શીઘ્ર તે તેમણે અતિદ્રવ્યે ભરેલું મને

સોંપ્યું. એ ચોરોના ગયા પછી રાજાને ખબર પડી એટલે તેણે મારું સર્વસ્વ ધન, કણ, કાપડ, સુવર્ણ, રૂપું વિગેરે દંડમાં લઈ લીધું. શેઠની પદવી પણ લઇ લીધી ! વહાણમાં રહેલું કરિયાણું પણ લઇ લીધું. તેમાં ધૂળ ભરેલી હતી તે જોઇને તેણે કહ્યું. 'એ ધૂળ એને ગળે બંધાવો (એને આપો) કે, જેથી હવે પછી આવું કામ કરે નહી.' મારા જેવા શેઠિયાને માથે પણ રાજાએ આ પ્રમાણે કર્યું. પછી મેં વિચાર્યું કે, મારું ધન તો ગયું, હવે જો આ ધૂળ પણ દૂર નાંખી દઇશ, તો લોકો મારી હાંસી કરશે. તેથી મેં વિચાર્યું કે ચોમાસામાં દુકાન પાસે ઘણો કચરો થાય છે, તેથી કેટલીક ધૂળ મેં દુકાન આગળ નાંખી અને કેટલીક દુકાનમાં જ રહેવા દીધી. જે વહાણુ મેં લીધું છે તે પણ પાંચ સાત દિવસમાં ગંગા નદીના પૂરમાં અદૃશ્ય થશે. મ્હારૂં નામ ધન છે પણ હવે હું નિર્ધન થયો છું.' શ્રેણિક બોલ્યો. 'ઓહો ! જે માણસ વસ્તુનું સ્વરૂપ જાણતો નથી, તે શા વાસ્તે ક્રય વિક્રય (લેવું વેચવું) કરે છે ? ત્યારે શેઠે કહ્યું. લોકો તો મ્હારી હાંસી કરે છે અને આપ પણ મ્હારી હાંસી કરશો, ત્યારે હવે મ્હારી શી ગતિ ? લોકો કહે છે કે, 'હજુ અહિં કેમ રહયો છે ?' તેઓ સર્વે મ્હારું શ્રેષ્ઠ એવું ઘર અને દુકાન લઇ લેવાનો વિચાર કરે છે. મ્હારે દુકાન પણ વેચવી પડશે અને નગર પણ છોડવું પડશે. જે નગરને વિષે મેં નાના પ્રકારના આહાર, દિવ્ય વસ્ત્ર અને વાહનાદિ વાપર્યાં છે, તે જ નગરને વિષે આજ મ્હારે જેવા તેવા આહાર અને વસ્ત્રવડે નિર્વાહ કરવો પડે છે ! હું તે કુવામાં પડીને કે, અગ્નિમાં પડીને મરણ સાધું ? કારણ કે, લક્ષ્મી વિનાનો માણસ

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

શોભતો નથી.

કહ્યું છે કે-વાઘોના સમૂહથી સેવાએલા, જળ રહિત બહુ કાંટાવાળા, તૃણની શય્યાવાળા અને જેમાં વૃક્ષની છાલનાં વસ્ત્ર મળે એવા વનમા રહેવું સારૂં, પણ બંધુ-ઓમાં ધન વિનાનું જીવવું સારૂં નહિ '

કરુણાસાગર એવો શ્રેણિક કુમાર શેઠને દુઃખી જોઈને પોતે પણ દુઃખી થયો.

કહ્યું છે કે—કોમળ ચિત્ત, મધુર વચન, પ્રસન્નપણાથી ઉજ્જવળ દૃષ્ટિ, ક્ષમાયુક્ત શક્તિ, પાપ વિનાની બુદ્ધિ, દાનથી દીનતાને નાશ કરનારી લક્ષ્મી, શીલયુંક્ત રૂપ, મદ વિનાનુ પંડિત પણું અને અહંકાર વિનાની મ્હોટાઇ એ નવ અમૃતના કુંડ સમાન છે.

કુમારે કહ્યું. ' શેઠ, તમે છતી લક્ષ્મીએ મૃત્યુ કેમ માગો છો ? ' શેઠે કહ્યું. મ્હારે ઘેર જમવાને અન્ન પણ નથી. ' કુમારે કહયું. ' એમ કેમ કહો છો ? આ વહાણ છે તે લ્યો. ગંગા નદીને કાંઠે જે વહાણ છે, તેનું તમે જઇને રક્ષણ કરો. તેમાં જે ધૂળ છે તે ધન જ છે. તે ધૂળ છે તેજ ધન થશે અને ત્યાંસુધી તમે મ્હારા રત્નોથી વ્યાપાર કરો. તમે બેનાતટના રાજાને તેડજ્યો અને જે સેવકો છે તેને પણ બોલાવો. હું દેશાંતર જઇને પાછો આવું, ત્યાં સુધી આ રત્નોવડે વ્યાપાર કરો. ' ધનપતિએ કહયું: ' આપ એ શું બોલ્યા ? એથી તો મ્હારા હૃદયમાં બહુ ઉચ્ચાટ પેદા થયો છે. તમે જવાની વાત કરી તેથી મ્હારા ચિત્તામાં સંશય ઉત્પન્ન થયો છે. આપનાં વચનોએ

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

તો આપત્તિ રૂપી સમુદ્રમાંથી મને તાર્યો છે, તો તુરતજ પાછા કેમ મને ઉલાળી મૂકો છો ? ઉત્તમ પુરૂષોને એમ બોલવું યોગ્ય નથી. આપે જે વચન કહયાં તે પ્રમાણે કરો. પછી ભલે દેશાંતર જજો. જો મને અવગણીને તમે જશોજ તો, તો દેવતાએ કહેલાં વચન પણ નિષ્ફળ થશે આપના બુદ્ધિ પ્રપંચ વિના તો ધૂળ જ રહેશે. આપ કલ્પ વૃક્ષ સમાન અહિં આવીને કેમ જતા રહો છો ? આ ધૂળ વેચવાથી જે લાભ થશે, તો આપણે બન્ને અર્ધો અર્ધ વ્હેચી લઈશું. જો આપ એમ નહિ કરો તો, હું ગંગા નદીના પ્રવાહમાં ઝંપાપાત ખાઇશ. જેથી પછી કાંઈ સંતાપ થાય નહી. ”

તે ઉપરથી કુમારે કહ્યું. “ જો તમે મ્હારા માતા, પિતા, કુળ અને ગામ વિષે કાંઇ નહિ પૂછો, તો હું અહિં કેટલા દિવસ રહીશ. ” ધનપતિએ કહ્યું. ‘ હું કાંઈ પણ નહિ પૂછું. આપ આપને નામે સુખે રહો, મારે આપના નામનું શું કામ છે ? મારી વસ્તુ અને આપની બુદ્ધિ. આપની બુદ્ધિવડે એ વસ્તુ આપ સુખેથી વેચો. જે મૂલ્ય આવશે તે આપણે અર્ધો અર્ધ વ્હેંચી લઈશું. ”

એવામાં ધનપતિની પુત્રીએ દાતણને અર્થે દાતણ તથા પાણી આણ્યું. દાતણ એકજ આણ્યું હતું, પણ પરોણાને દેખીને એક દાતણની બે ચીરી કરીને ધનને તથા શ્રેણિકને આપી. બન્નેએ દાતણ કર્યું. પરસ્પર પ્રીતિ વધી શેઠે કુમારનાં રત્નો પણ ગ્રહણ કર્યા. દાતણપાણી કરી કુમાર દુકાન ઉપર બેઠો. ત્યાં આ શેઠની પુત્રી જે કુંવારી હતી, તેણે જોયું કે, આ કુમાર સુલક્ષણો છે. તેથી તેણીએ

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

વિચાર્યું કે, " જો આ મારો ભર્ત્તાર થાય તો મારા પૂર્વ પુણ્યનો ઉદય થાય. ' એમ વિચારીને તેણીએ પોતાના પિતાને કહ્યું, ' હે તાત ! જો તમે મને પરણાવો તો આજ મારો ભર્ત્તાર થાઓ, નહિ તો મારે ચારિત્ર લેવું છે. ' શ્રેષ્ઠીએ કહ્યું. ' હે વત્સે ! એમ બોલવું ઘટે નહિ. જા જા ઘેર જા, ને ઘર સાફ કર. આપણે ત્યાં દૂરથી આ મહેમાન આવ્યા છે. ' આ સાંભળીને પુત્રી ઘેર ગઈ, ને પોતાની માતાને કહેવા લાગી. હે માતા ! આપણી દુકાને એક માણસ બહુ દૂરથી આવેલા છે, તેને જોઇને મારૂં મન ઉલ્લાસને પામે છે. સૂખડી લેવાને અર્થે તમોએ જે દ્રવ્ય મને આપેલું છે, ને મારી પાસે છે, તેમાંથી આ મહેમાનનો સ્નાન તથા અન્નપાનાદિએ કરીને સત્કાર કરો અને તેની સાથે મારો વિવાહ કરો. ' માતાએ કહ્યું. ' રે નિર્લજ પુત્રી ! તું કહ્યા વિના શા વાસ્તે દુકાને ગઈ ? તું જેને જેને જોઇશ, તેને તેને વરવાનું નામ લઇશ; તો જાણીશું કે, તું અમારા હાથથી ગઈ ! આ પ્રમાણે છોકરાં પોતાની ઇચ્છા પ્રમાણે બોલનાર થાય, ત્યારે તેઓ દુઃખીજ થાય છે તું મોટા કુળમાં જન્મેલી છતાં આવું કેમ બોલે છે ? તારી લજ્જાળુ પ્રકૃતિ પણ કયાં ગઈ ? ' પુત્રીએ કહ્યું. ' માતા, એમ ન બોલો. મારુ શીલ મેરૂ પર્વત સમાન નિશ્ચલ જાણજો ત્હારે ત્હારા મનમાં બીજો કાંઇ પણ વિચાર ન લાવવો; કારણ કે હું ત્હારી પુત્રી છું. પણ મેં મનમાં જે પતિ ધાર્યો છે, તેજ મારે આ જન્મમાં પતિ થાઓ; નહિતર મારે સંયમ એજ શરણ છે. '



P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

મા દીકરી રસોઈ કરતાં કરતાં આ પ્રમાણે વાતચિત કરતાં હતાં, તેવામાં જ આંગણામાં તે શ્રેણિકકુમાર આવ્યા આ વખતે ધનશ્રેષ્ઠી સ્ત્રી અને પુત્રીની વાતચિતનો બનાવ સાંભળીને ઘરમાં આવીને બોલ્યા. ' આ શ્રેષ્ઠ વર આવ્યો છે અને આ પુત્રી પણ વિવાહ યોગ્ય થઇ છે.

જો એ બેનાં લગ્ન થાય તો, લગ્ન સમાગમ ચંદ્ર ને રોહિણીના સમાન, સૂર્ય અને રત્નાદેવીના સમાન, કામદેવ અને રતિના સમાન, કૃષ્ણ અને રાધાના સમાન તથા શક્રેંદ્ર અને ઇંદ્રાણીના સમાગમ સમાન શોભાવંત થશે. જો કાંઇ અંતરાય ન થાય તો યોગ ઘણોજ શ્રેષ્ઠ છે. જીવોને લાખો ગમે પુણ્ય કરતાં ઘણાં વિઘ્નો નડે છે. પ્રગટ વિઘ્નો ઉપજે છે. માટે સત્પુરૂષોએ હમ્મેશાં સાહસ કરવું.

એ પુરુષને તમારે ગામ, નામ, ઠામ અને ગોત્રાદિ ન પૂછવું; કારણ કે, એ વિષે તેણે મારી પાસે નિયમ કરાવ્યો છે, ત્યારેજ તે આપણે ઘેર આવ્યા છે. '

તે ઉપરથી સુનંદાએ કહ્યું. ' હે તાત ! એના નામ, ઠામ, ગોત્રાદિની ભલે પૃચ્છા કરશો નહિ, પણ જો મને તે અંગીકાર કરે, તો તેની સાથે મારા લગ્ન કરો. એમ નહિ તો મને દીક્ષા અપાવો. ' પુત્રીનો આવો નિશ્ચય જોઇને પિતા હર્ષ પામ્યો. પછી બન્ને જણ સ્નાન કરી, દેવપૂજા કરી ઉત્તમ રસવતી જમ્યા. ત્યાં સુધી ધનશ્રેષ્ઠીની સ્ત્રીએ તે બન્નેની ભક્તિ કરી. પછી તે બન્ને જણ ચિત્રશાળામાં જઇને બેઠા. ત્યાં ધનશ્રેષ્ઠીએ કુમારને કહ્યું. ' જો આપને અરુચિકર ન લાગે તો કાંઇક કહેવું છે. ' ત્યારે કુમારે

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

કહ્યું. ' જે મનને રુચે તે તમારે બોલવું.' ત્યારે શ્રેષ્ઠીએ કહ્યું. ' હે પથિક ! આ મારી પુત્રીને આપ પરણો.

અંતઃ કરણમાં દ્રવ્યલોભ કરીને જે માણસ પુત્રીને વેચે છે. તેને બહુ પાપ લાગે છે વળી જે માણસ પુત્રીઓને વેચે છે, તે પરલોકમાં ઉત્કૃષ્ટ દુઃખને પામે છે.

એ તમને વરી ચૂકી છે. તેમ નહિ અંગીકાર કરો તો, તે ચારિત્ર લેશે. બીજા પુરુષને નહિ વરે.'

આ સાંભળીને ' એ કન્યા ધર્મિષ્ઠ છે.' એમ જોઇ તે મન ગોપવીને બોલ્યો. ' એ તો ઘેલી છે, જેને જેને દેખશે, તેને તેને વરશે તો તેની મૂર્ખાની પંક્તિમાં ગણત્રી થશે. નામ, ઠામ, કુળ, ગોત્રાદિક જાણ્યા વિના વરને વરવાની વાત કરે છે, તો સમજવું કે એ ઘેલી થઇ છે.'. કુમારીકા બોલી. ' ભલે એને જે કહેવું હોય તે કહે; પણ હું તો એનેજ વરીશ. રાજહંસનું કુળ કોણ પૂછે ? તેમનુ કુળ તો ઉત્તમજ હોય. તેમની વાણી જ કુળાચાર જણાવે છે.' કુમારે જાણ્યું કે, રાજહંસી માનસરોવર ઉપરજ અભિરુચિ ધરાવે છે. બીજે નહિ, તેમ આ કુમારિકા પણ મારે વિષેજ આસકત છે. આમ ધારીને તે પ્રગટ પણે બોલ્યો. ' હે કુમારિકા ! હું તને વરૂં, તેમાં તને શો લાભ છે ? હું વિદેશી છું. ઘડિમાં અહિં ને ઘડિમાં બીજે મારો મેળાપ વાદળની છાયા જેવો છે.' ત્યારે સુનંદાએ કહ્યું.' આપનું વચન સત્ય છે. વાદળના આધારે ચંદ્ર અને સૂર્ય છે, વાદળને આધારે વર્ષાદનું પૂર છે, વાદળના આધારે સર્વ તારા છે અને સર્વ લોક પણ વાદળને આધારે છે; તેમ હું પણ આપને આધારે છું, માટે કૃપા કરીને

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

મારો હાથ ગ્રહણ કરો અને આપ પુત્ર, પુત્રીઓ વિગેરેનો વિસ્તાર કરો.' ત્યારે શ્રેણિક કુમાર કહેવા લાગ્યો. 'હે સુનંદા! મારી સાથે ત્હારો વિવાહ સ્વપ્ન તુલ્ય થશે; કારણ કે, પાણિગ્રહણને પાંચ દશ દિવસ થશે, ત્યા તો હું પરદેશી એટલે પરદેશ પ્રત્યે ચાલી નીકળીશ. કારણ કે, પરદેશી તો યોગીની પેઠે ચાલી નીકળે. જેની સાથે લગ્ન થયાં હોય, તે ચાલી નીકળે ત્યારે પરણેલીની શી ગતિ થાય?' ફરી સુનંદાએ કહ્યું. 'હું દીક્ષાજ લેવાની હતી, ત્યાંજ તમે આવ્યા અને તમને જોઇને મારું મન આવું થયુ કે, કાં તો આપનો હાથ ગ્રહણ કરવો. અથવા સંયમ અંગીકાર કરવો.' જો આપ મને પરણીને જતા રહેશો, તો હું શીલ વ્રત પાળીશ. મને નિઃકલંકને પરણીને આપ સુખે દેશાંતર જજો.'

આ સાંભળીને કુમારે ગાંઠ બાંધીને કહ્યું. 'આજ રૂડી લગ્નની વેળા છે, આપને જે રુચે તે કરો.' એટલે શ્રેષ્ઠીએ પોતાની પુત્રી સુનંદાને મહોત્સવ પૂર્વક પરણાવી.

એકદા શ્રેણિક દુકાન ઉપર બેઠેલો છે. તેવામાં તેણે નગરમાં પડહ વગડાતો સાંભળ્યો. તેણે શ્રેષ્ઠીને તેનું કારણ પૂછ્યું. ત્યારે તેણે ઉત્તર આપ્યો કે, 'સવાલાખ પોઠીઆ ઉપર નાના પ્રકારની વસ્તુઓનો સમુચ્ચય ભરીને દેવનંદિ નામનો સાર્થવાહ અહિં આવેલો છે. તેની પાસે એક પોપટ છે, જે છ છ મહિનાને છેડે બોલે છે અને પૂછીએ છીએ ત્યારે તે પોપટનું બોલેલું સાચું પડે છે. એકદા દેવનંદિ સાર્થવાહે તે પોપટને પૂછ્યું. 'તેજંતૂરી કયાં છે?' ત્યારે પોપટે કહ્યું. 'તે હાલ બેન્નાતટમાં છે.' તે ઉપ-

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

રથી તે ઘણાં કરિયાણાંની પોઠો લઈને ગઇ કાલ અહિં આવેલો છે. તેણે રાજાને મળીને રૂડું ભેટણું કર્યું. પછી રાજાએ આવવાનું કારણ પૂછયું, ત્યારે દેવનંદિએ કહયું. ' તેજંતૂરી જોઈએ છીએ. તે ઉપરથી રાજાએ મંત્રીઓને પૂછયું. ત્યારે મંત્રીઓએ કહયું. ' અહિં તો તેજંતૂરી કયાંય હોય એમ લાગતું નથી. ' ત્યારે રાજાએ કહયું. ' જયાં સર્વ વસ્તુઓ મળે છે અને જયાં બહુ દ્રવ્યવાન્ વ્યવહારિયા આવે છે તેનેજ શ્રેષ્ઠ નગર કહેવું; પણ જ્યાં આવેલી વસ્તુઓ વ્યાપારીઓ લે નહિ અને જયાં સર્વ વસ્તુઓ મળે નહિ તે નગર નહિ પણ ગામડું કહેવાય. ' એમ કહી રાજા ખેદ ધરવા લાગ્યો. ત્યારે મંત્રીએ કહયું. ' આ નગર મોટું છે, કોઈના ઘરમાં કદાપિ તે હોય પણ ખરી. માટે પડહ વજડાવો. ' આવો વિચાર કરી રાજાના આદેશથી મંત્રીઓ આ પડહ વગડાવે છે. '

શેઠનાં આવાં વચન સાંભળીને શ્રેણિકકુમાર બોલ્યો. ' શેઠ, તમે જઈને પડહને સ્પર્શ કરો ' તે ઉપરથી શ્રેષ્ઠીએ જઈને પડહને સ્પર્શ કર્યો, એટલે રાજાના સેવકોએ રાજા પાસે જઈને કહ્યું. ' ધનશેઠે પડહને સ્પર્શ કર્યો છે. ' તે સાંભળીને રાજા પ્રમુખ સર્વ હસવા લાગ્યા કે, ' એના ઘરમાં તો ધૂળજ રહી છે, બીજું કાંઇપણ ધન તો નથી; માટે એ ગાંડો થયો જણાય છે. કાં તો તે ઉંઘમાંથી ઉઠયો હશે એટલે આવીને તુરતજ પડહનો સ્પર્શ કર્યો હશે! માટે જો તે ધૂળ દેખાડશે તે આપણા નગરનું માહાત્મ્ય જશે. ' પછી રાજાએ ધનશ્રેષ્ઠીને તેડાવ્યો. રાજાના સેવકોને આવતા જોઇને શ્રેષ્ઠીએ કુમારને કહયું. ' હવે શું કરવું ? આ રાજાના સેવકો આવ્યા. ' તે ઉપરથી કુમારે કહ્યું. ' શેઠ,

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

તમારે લગાર પણ ખેદ ન કરવો. આ રાજ વશીકરણ મણિ છે, તે ગાંઠે બાંધીને ત્યાં જાઓ ને તેનુંજ મનમાં સ્મરણ કરતાં રાજાને જઇને મળો. એ મણિના પ્રભાવથી જ્યારે રાજા તુષ્ટમાન થાય ત્યારે તમારે પુષ્કળ દ્રવ્યે કરીને પણ માંડવી માગવી, તેજ તમને તેજંતૂરી આપશે.'

આ પ્રમાણે સાંભળીને તે શ્રેષ્ઠી રત્ન લઇ રાજા પાસે ગયો, ને ત્યાં જઈ તેને પ્રણામ કર્યા, રાજાએ બીજા રત્નો લઈ પ્રસન્ન થઈને મંત્રીને કહ્યું. 'આપણે આ ધન શેઠને માંડવીનું કામ સોંપવું છે. વધારે ધન મળે તોપણ એ કામ એના હાથમાંથી લઇને બીજાને સોંપવું નહિ' આ પ્રમાણે શેઠને માંડવી તો મળી પછી રાજાએ કહ્યું. 'શેઠ, આ સાર્થવાહને જે જોઇએ તે અપાવજો.' ત્યારે શેઠે કહ્યું. 'આ સાર્થવાહને જૂની તેજંતૂરી જોઇએ છીએ કે નવી?' એ સાંભળીને રાજા હર્ષિત થયો ને ધનશેઠને દિવ્ય વસ્રાદિકથી સન્માન કરી તેની સાથે દેવનંદિ સાર્થવાહને મોકલ્યો. ત્યાં ગયો એટલે શેઠ પાસે દેવનંદિ સાથવાહે સુવર્ણનું બીજોરૂં ભેટ મૂક્યું, ત્યારે શેઠે કહ્યું. 'આ શ્રેણિકકુમાર પાસે મૂકો. એ સર્વ જાણે છે.' એટલે તે સાર્થવાહે બંને ને ભેટણું કરીને કહ્યું. 'અહો ધનશેઠને ધન્ય છે, કે આવો વૈભવ છતાં પણ તેનો આવી રીતનો વિનય છે! જ્યાં આવા આવા શ્રેષ્ઠ લોકો વસે છે, તે દેશને ધન્ય છે!' પછી શ્રેણિકને જોઇને સાર્થવાહ બોલ્યો. 'અહો કુમાર! મેં તમને રાજગૃહ નગરમાં જોયા હતા!' ત્યારે કુમારે કહ્યું. રાજ–ગ્રહ (રાજા તરફથી બંધન) મ્હારા વૈરિઓને પણ ન હો જો તમારે અહિં આવા અરુચિકર શબ્દો બોલવા

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

હોય તો બીજાને ઘેર જઈને વસ્તુ લ્યો. અમારી વસ્તુના લેનાર ઘણા આવશે.' એ ઉપરથી સાર્થવાહ શ્રેણિકને પગે પડીને બોલ્યો. 'હું મૂર્ખ ઠર્યો કે, આવા શબ્દો હું અહિં બોલ્યો. મને ક્ષમા કરો.'

પછી કુમારે કહ્યું. 'એક ગદિઆણો તેજંતૂરી અગ્નિમાં નાંખીને તેમાં જો એક *ભાર ત્રાંબુ નાંખીએ, તો તે સર્વ સુવર્ણ થાય છે.' આ સાંભળી સાર્થવાહ હર્ષ પામ્યો ને 'તેજંતૂરીની વાનગી (નમુનો) દેખાડો,' એમ કહેવા લાગ્યો. તે ઉપરથી ધનશેઠે વાનગી દેખાડી. તે જોઈને સાર્થવાહ વિચારવા લાગ્યો. 'અહો! ધન્ય છે આ શેઠને કે એના ઘરમાં આવા આવા વૈભવ છતાં પણ એનામાં દાક્ષિણ્યાદિ ગુણો છે! આ રાજાના નગરને અને રાજાને પણ ધન્ય છે કે, તેમાં આવા વ્યવહારિઆ વસે છે!' પછી દેવનંદિ સાર્થવાહ પોતાની સવાલાખ પોઠ, જેમાં રત્ન, સુવર્ણ, રૂપું, વસ્ત્ર, પંચવર્ણી વસ્ત્ર ચંદન, કપુર, કસ્તૂરી વિગેરે બહુ મૂલ્યવાળાં કરિયાણાં ભરેલાં હતાં, તે ધનશેઠના આંગણામાં લઈ આવ્યો. ધનશેઠ અને શ્રેણિકકુમાર આવા આવા પોઠીયા ભરેલા જોઈને ચમત્કાર પામ્યા. પછી પરસ્પર વસ્તુઓ દેખીને માંહોમાંહે બોલતા ધનશેઠ અને દેવનંદિ પોત પોતાની વસ્તુઓ આપ લે કરી હર્ષ પામ્યા.

પછી ધનશેઠ. સાર્થવાહ અને શ્રેણિક એ ત્રણ્યે જણ

---

* પાંચ ચણોઠી ભારનો એક માષ, સોળ માષનો એક કર્ષ, ચાર કર્ષનો એક પળ, સો પળનો એક તોલો અને વીશ તોલાનો એક ભાર.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

જિનમંદિરે ગયા. ત્યાં જઇને તેમણે સો પાંખડીવાળાં તથા હજારો પાંખડીવાળાં એવાં જાઇ જુઇનાં પુષ્પોએ કરીને શ્રી ભગવંતની પૂજા કરી પછી નૃત્ય, ગાન, ગીત વિગેરેથી ભાવપૂજા કરી બન્ને વ્યવહારિઆને માંહોમાંહે બહુ પ્રીતિ થઇ પછી વસ્તુ લઇને દેવનંદિ સાર્થવાહ, ધનશેઠ સહિત રાજા પાસે ગયો ને કહેવા લાગ્યો. 'હે રાજન્ ! આપ પુણ્યવાન્ છો. આપને ધન્ય છે કે, આપની પાસે આવા વ્યવહારિઆ છે ! જેઓ જૈનધર્મી છે. મને આપના નગરમાં સાત ધાતુ, નવ નિધાન અને ચૌદ મહારત્નો મળ્યાં છે હવે આપે આ ધન વ્યવહારિઆને બીજા જેવો ન ગણવો. હું ઘણા નગરમાં ભમ્યો છું, પણ આવો વ્યવહારી મેં કયાંય પણ દીઠો નથી." પછી રાજાએ સાર્થવાહનું વસ્ત્રાલંકાર વડે સન્માન કર્યું.

હવે પાછો દેવનંદિ સાર્થવાહ શેઠને ઘેર આવ્યો, ને તેને બહુ ભક્તિ પૂર્વક નમસ્કાર કર્યો અને ધનશેઠ તથા શ્રેણિક પ્રત્યે કહેવા લાગ્યો. 'તમારે મને ચિત્તમાંથી વિસારવો નહિ. મને રાત્રિ દિવસ યાદ કરજો.' એમ કહીને તે ચાલ્યો. 'ઉત્તમ પ્રીતિરૂપી વેલડીને હૃદય રૂપી કયારાંમાં બાલ્યા વસ્થાથીજ સ્થાપીને તેને હંમેશા પત્ર-સંદેશા વિગેરે પાણી વડે વધારવી.' આમ કહી વળી ધનશેઠ અને શ્રણિક કહેવા લાગ્યા. 'માર્ગમાં તમને કલ્યાણ થાઓ. ફરી પણ આપણો સમાગમ થાઓ. તમારા મનના મનોરથ પૂર્ણ થાઓ. અવસરે અમને સંભારજો.' હવેથી તો ધનશેઠને ઘેર નવાં નવાં પાત્રો નૃત્યગાનાદિ કરવાને આવવા લાગ્યાં ! યાચકો ધન માગવાને આવવા લાગ્યા. જેઓ એને મૂર્ખ અને અભાગ્યવાન્ કહેતા હતા. તેઓજ

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

તેના પગ તળે લોટવા લાગ્યા ! શ્રેણિકે પોતાનું ગોપાળ એવું નામ રાખ્યું. શ્રેષ્ઠી પણ ધન ધાન્યે પૂર્ણ થયો સુનંદાનો પતિ શ્રેણિક નિત્ય ભગવંતને મંદિરે પૂજા વિગેરે સાત ક્ષેત્રોમાં ધન વાપરવા લાગ્યો.

તે જે જે કરિયાણાં ખરીદતો, તેમાં તેને અનર્ગળ (ઘણોજ) લાભ થવા લાગ્યો. અશ્વાદ બહુ ખરીદ્યા અને ધનશેઠે કૈલાસ સમાન પ્રાસાદ (મહેલ) ચણાવ્યા. અશ્વશાળામાં અશ્વ- બાંધીને તેમની રક્ષા માટે ઘણા ચાકરો રાખ્યા. બીજા વ્યવહારિઆ પણ તેના કિંકર (દાસ) હોયની ! તેમ તેની સેવા કરવા લાગ્યા ! કારણ કે, જેની પાસે લક્ષ્મી હોય છે, તેની સર્વ લોક સેવા કરે છે. વળી આવ, બેસ, આગળ ચાલ, બોલ, બોલશો નહિ, એમ કહીને દ્રવ્યવાનૂ પુરુષો, આશાબદ્ધ અર્થિઓની સાથે ક્રીડા કરે છે.

હવે શ્રેણિકને સુનંદા સાથે બહુજ પ્રીતિ વધતી ગઇ તે પણ પોતાના ભર્ત્તારના મનને અનુસરીને ચાલતી. અનુક્રમે બે વર્ષ વીતી ગયાં અને સુનંદાને ગર્ભ રહયો. જેમ જેમ ગર્ભ વધતો ગયો, તેમ તેમ સુનંદાને ભૂખ ઘટતી ગઇ. કોઈ કોઇવાર તો બે ત્રણ કોળિઆ આહાર લે. વળી કોઈ કોઇ વાર તો વમન પણ થાય. આમ તે અનુક્રમે દુર્બળ થઇ ગઇ. ચાલતાં ચાલતાં શ્વાસ ચઢી જાય, તેથી તે પિતાને પગે પડીને કહેવા લાગી. ‘ હું કયાં સુધી જીવીશ કે કયારે મરીશ ? તે જણાતુ નથી. ’ વળી વારંવાર પાણી માગે ને કહે કે, ‘ મને બહુ તૃષા લાગે છે. ’



P. P. Ac. Gunratansuriji M.S.  Jin Gun Aaradhak Trust

પ્રિયાને આ પ્રમાણે દુઃખી જોઇને શ્રેણિકે બીજે દિવસે પોતાની સાસુને પૂછ્યું. " તમારી પુત્રી આમ કેમ દુર્બળ થઈ ગઇ છે ? એને પૂછો કે, એને કાંઇ દોહદ ઉત્પન્ન થયો છે ? એને જે દોહદ ઉત્પન્ન થયો હશે, તે પૂર્ણ કરવો પડશે; નહિ તો એનું મૃત્યુ થશે. ' તે ઉપરથી માતાએ સુનંદા પાસે જઇને કહ્યું. ' પુત્રી, ત્હારું અંગ કેમ ક્ષીણ થઇ ગયું છે ? તને કોઈ વિષયની વાંછા થઇ છે ? ' પુત્રીએ કહ્યું. ' દોહદની ઊત્પત્તિનું સ્વરૂપ જો તને કહીશ તો, તે કોઇના ચિત્તમાં માય તેમ નથી. મ્હારો દોહદ પૂરવો કઠણ છે. તેથી અવશ્ય મ્હારૂં મૃત્યુ થશે. ' તેની માએ કહ્યું. ' હે પુત્રી ! એ ત્હારે ત્હારી માને તો અવશ્ય કહેવું જોઇશે. ' ત્યારે સુનંદા બોલી. ' હું જાણે એમ જાણું છું કે હું હસ્તિ ઉપર બેસી રોજ રાજમાર્ગે દાન દેતી થકી જઊં, તે વખતે રાજા પણ પરિવાર સહિત જાણે મ્હારી આગળ ચાલે. હું જિનાલયને વિષે જઇને શ્રેષ્ઠ પુષ્પોથી દ્રવ્યપૂજા કરૂં અને સ્તવનાદિએ ભાવપૂજા કરૂં. હું એમ ઇચ્છું છું કે રાજાના વાજિંત્રો મ્હારી આગળ વાગે. અને પાત્રો નૃત્ય કરે. વળી હું પંચ પરમેષ્ઠિ મંત્ર ભણું. વળી બીજા પાસે મસ્તકે છત્ર ધરાવું મનવાંછિત દાન આપું સાધર્મિકોને ભોજન જમાડી વસ્રાદિ આપું, દેશમાં અમારી પળાવું, શીલ પાળું અને ચૈત્યપરિપાટી કરી ઘેર પાછી આવું. વળી એમ ઇચ્છા થાય છે કે, સાધુઓને ધૃતાદિ શુદ્ધ આહાર વહેરાવું. હે માતા ! આ સઘળી વાત મેં ત્હારી આગળ કહી. અભયદાન શિવાય હવે મ્હારું જીવિત નથી. '

આ સઘળી વાત પુત્રીની માતાએ સાંભળીને પછી

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

પોતાના જમાઇને કહી. સ્ત્રીના મનોરથ જોઇને શ્રેણિક તો હર્ષ પામ્યો. ' જેને આવો ઉત્તમ દોહદ ઉત્પન્ન થયો છે, તેના ગર્ભમાં અવશ્ય કોઇ પુણ્યવાન્ જીવજ આવ્યો હશે કહ્યું છે કે-ધર્મકાર્યના મનોરથ મહા ભાગ્યના યોગે થાય છે અને વળી તે જો પૂર્ણ થાય તો તો ' સોનું અને સુગંધ' જેવું થાય. પૂર્વે જે જીવે જે શુભાશુભ કર્મ કર્યું હોય, અથવા અભ્યાસ કર્યો હોય, તેજ અભ્યાસને યોગે ફરી પણ તેજ પ્રવૃત્તિ થાય છે. પછી કુમારે કહ્યું ' શેઠ, તમારા રાજાની પુત્રી જે જન્મથીજ અંધ હતી, તે હજુ જીવે છે કે નહી ? ' શેઠે કહ્યું હજુ સુધી તે જાતિઅંધજ છે, ને જીવે છે, બાલ્યાવસ્થાથી જ તેણી દીક્ષા લેવાની ઈચ્છાવાળી હતી, તેથી તે પ્રચંડ તપ કરે છે. તેનાં વિસ્તારવાળાં લોચન (આંખો) દેખીને લોકો જાણે છે કે, એ દેખતી છે અને તેને સુલોચના કહે છે, રાજાને તે અતિ વલ્લભ છે, તેથી જો કોઈ તેણીને આંધળી કહે છે તો તેને તે ઉગ્ર શિક્ષા કરે છે. ' રાજાની પુત્રી અંધ છે, એવું જાણવાથી શ્રેણિકે કહ્યું કે, આપની પુત્રીનો દોહદ દુઃખે કરીને પૂર્ણ થાય તેવો છતાં પણ તે પૂર્ણ કરવાનો ખરેખરો ઉપાય છે શેઠે પૂછયું; શો ઉપાય છે ? શ્રેણિકે કહ્યું. ' આ રત્ન લઇને રાજા પાસે જઇને કહેવું કે, આ રત્નને પાણીમાં બોળીને તેણીની પુત્રીની આંખે તે પાણી છાંટવું. તેમ કરવાથી તેના મનોહર નેત્ર થશે. એમ થવાથી રાજા તૃષ્ટમાન થઈ વચન માંગવાનું કહે, ત્યારે તમારી પુત્રીનો દોહદ પૂરવાનું માંગજો.

પછી ધનશેઠ રત્ન લઇને રાજા પાસે ગયો. એટલે રાજાએ તેને સન્માન દીધું અને પરસ્પર પ્રીતિમાં વૃદ્ધિ થઈ.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

પછી શેઠે એકાંતે કહ્યું. ' આપની પાસે કહેવા યોગ્ય નથી તોપણ કહું છું કે, આપની પુત્રીને અહિ બોલાવો.' રાજાએ પુત્રીને બોલવી એટલે ધનશેઠે રત્નનું પાણી છાંટીને તેને દેખતી કરી (કુમારિકાએ દિવસે તારા જોયા.) રાજાએ ધન શેઠને અર્ધ રાજ્ય આપવા માંડયું. ત્યારે શેઠે કહ્યું. 'રાજ્ય ને અમે શું કરીએ ? પણ હે સ્વામીનૂ ! મ્હારી પુત્રીને દોહદ ઉત્પન્ન થયો છે તેને પૂર્ણ કરો.' પછી રાજા પોતાની પુત્રીને તથા સુનંદાને હસ્તિ ઉપર બેસારી. પોતે આગળ ચાલ્યો. નૃત્ય થાય છે, છત્ર ચામર વિંજાય છે અને વાજિંત્રના નાદ થઇ રહયા છે, એવી રીતે રાજા રસ્તે ચાલવા લાગ્યો. સુનંદાએ સર્વ જિનમંદિરોમાં પૂજા કરી. પછી પોતાને ઘેર આવી સાધુઓને વિનંતી કરી તેમને પ્રાસુક એવા અન્નપાનથી પ્રતિલાભ્યા અને સમગ્ર દેશમાં અમારિપડહ વગડાવ્યો. પછી રાજાએ અને સુનંદાને ગાઢ પ્રીતિ થઇ. રાજાએ ઘેર ઘેર ધૃતનું લ્હાણું કર્યું અને બજારમાં તોરિયા તોરણ બંધાવ્યાં. એકદા શ્રેણિકે પોતાની સ્ત્રી સુનંદાને કહ્યું કે ' આપણો પુત્ર થશે તેનુ નામ અભયકુમાર પાડીશું. કારણ કે, તને અમારી પ્રવર્ત્તન પ્રમુખ દોહદ થયો હતો.'

હવે પેલો દેવનંદિ સાર્થવાહ પૃથ્વી ઉપર ફરતો ફરતો પુષ્કળ દ્રવ્ય મેળવીને રાજગૃહિ નગરિએ ગયો. ત્યાં પ્રસેનજિત રાજાના નવાણું પુત્રો પરસ્પર વિરોધ કરતા, તેથી તે રાજા વિનીત એવા શ્રેણિક કુમારને સંભારી સંભારીને પ્રિયા પાસે કહેવા લાગ્યો. 'મેં અપમાન કૈર્યું તેથી તે પુત્ર રાજય ત્યજીને જતો રહ્યો છે. તેનું શું થયું હશે ! મને તેના વિના રાત્રિ દિવસ નિદ્રા આવતી નથી. હું

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

સુખે શ્વાસ પણ લેતો નથી. જ્યારથી તેનો વિયોગ થયો, ત્યારથી સુખ ગયું છે. મેં પણ અવિચાર્યું અકાર્ય કર્યું છે. તે જીવતો છે કે, નહિ ? તે પણ હું જાણતો નથી. વખતે તે દાસ થઈને ક્યાં રહ્યો હશે વર્ષાદમાં પણ તેને ઘેર ઘેર ભિક્ષા માગવી પડતી હશે. ભૂખ અને તૃષાથી પીડાતો હશે. ચોમાસામાં સ્થાન ન હોવાને લીધે તેના મસ્તક ઉપર વર્ષાદ પડતો હશે. શીયાળામાં ટાઢ અને ઉનાળામાં તાપ વિગેરે દુઃખ તેને સહન કરવું પડતું હશે આવું આવું સંભારીને તે પ્રસેનજિત રાજા દુઃખી થવા લાગ્યો.

એકદા વળી તેને વિચાર થયો કે, 'પુત્ર કોનો ? માતા કોની ? અને સ્ત્રી પણ કોની ? એ સર્વ સ્વપ્ન જાળ સરખું દેખાય છે. આ સર્વે જીવો અનંતા ભવમાં સર્વના સંબંધીઓ થઈ ગયા છે, થાય છે અને થશે.' આમ વિચારી તે પોતાના ચિત્તને સ્થિર કરીને બેઠો છે, તેવામાં પેલો દેવનંદિ સાર્થવાહ આવીને કહેવા લાગ્યો. 'હે દેવ ! આપને તો સો પુત્ર છે અને નવાણું કેમ દેખાય છે !' ત્યારે રાજાએ શ્રેણિક ગયાનું સ્વરૂપ કહી બતાવ્યું. તે ઉપરથી સાર્થવાહ કહેવા લાગ્યો. 'હે રાજન્ ! મેં આપના કુમાર જેવો બેન્નાતટ નગરને વિષે ધનશેઠને ઘેર મહાબુદ્ધિમાન્ કુમાર જોયો છે. તેને મેં કહ્યું કે, 'તમને મેં રાજગૃહ નગરે જોયા હતા.' ત્યારે તેણે કહ્યું કે, 'રાજગ્રહ મ્હારા દુશ્મનને પણ ન હો.'

સાર્થવાહનું આ કહેવું સાંભળીને તો વળી પ્રસેનજિત રાજાને મહા શલ્ય પ્રગટ થયું, તેથી તે કહેવા

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

લાગ્યો. 'આશ્ચર્ય છે કે, તે પુત્રે પોતાની સ્થિતિ એકવાર પણ મને જણાવી નહી તેથી હવે એની સ્થિતિ બીજા પુત્રો આગળ કહેવી નહી,' એમ મનમાં ગુપ્ત રાખીને તેણે સાર્થવાહને કહ્યું "તમે કેમ અસત્ય બોલો છો ? તે પુત્ર તો આળસુ અધમ અને મૂર્ખ હતો. તે અહિંથી નીકળી રઝળીને મૃત્યુ પામ્યો હશે. એમ જે પોતાની ઇચ્છાએ ઘેરથી જતો રહે, તે મૃત્યુજ પામે. રાંકની પેઠે ઘેર ઘેર ફરતો એવો તે મૃત્યુજ પામ્યો હશે. કર્મ પ્રગટ થઇને કાંઈ બતાવતું નથી, પણ તેને કંઈક બુદ્ધિ આપે છે કે, જેને આધારે લોક રાંકની પેઠે રઝળે છે. વિરંચી જે બ્રહ્મા, તે કાંઇ પ્રગટ થઇને તમાચાવડે મારતો નથી, પણ તે તો તેને બુદ્ધિ આપે છે કે, જે બુદ્ધિની સહાયથી તે પ્રાણી રંકની પેઠે રડવડે છે. વળી જે માણસ થાપણ ઓળવે છે તથા બીજાને ઠગે છે તેમની પેઠે, ત્રીજો તું જો અસત્ય બોલતો હોય તો ?" ત્યારે દેવનંદિ સાર્થવાહે રાજાને એકાંતમાં બોલાવીને કહ્યું, જો ત્યાં શ્રેણિક કુમાર ન હોય અને જો હું અસત્ય ભાષણ કરતો હોઉં, તો મને થાપણ ઓળવવાનું, વિશ્વાસઘાત કર્યાનું, કન્યાવિક્રયનું, કૂડાં તોલામાપનું અને વળી સ્ત્રીહત્યા, ગૌહત્યા અને બાળહત્યા તેમજ મુનિહત્યાનું પાપ લાગો. મેં બેન્નાતટ નગરમાં ધનશેઠની દુકાને તે રાજહંસ જેવા કુમારને બેઠેલો જોયો છે. તે શેઠ કુમારની આજ્ઞાને દેવતાની આજ્ઞાની પેઠે સર્વ કાર્યમાં પાળે છે. તેજ કુમારના સ્નેહના વચને કરીને હું ધનશેઠને ઘેર ગયો અને તેજંતૂરી લીધી. જેથી મ્હારે ઘેર સુવર્ણની તો કોટી થઈ ગઈ છે ! વળી હું એમ પણ જાણું છું કે, તે કુમાર ધનશેઠની પુત્રી વેરે પરણ્યો છે.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

તે સાર્થવાહની આપેલી આ ખબરથી પ્રસેનજિત રાજા હર્ષ પામ્યો અને પુત્રને તેડાવવાને ઉત્સાહી થયો. એટલે તેણે વિચાર્યું કે "જો તે જરૂર ત્યાંજ હશે તો, હું મ્હારા કોઈ વિચક્ષણ સેવકને એક સમસ્યા સહિત ત્યાં મોકલીશ અને જો તે મ્હારો પુત્ર હશે તો તે મ્હારી સમસ્યા સાંભળીને તુરત અહિં આવશે

પછી તેણે પોતાના એક હુંશિયાર સેવકને તેની પાસે મોકલ્યો. તે સેવકે બેન્નાતટ નગરમાં ધનશેઠને ઘેર જઈને ગોપાળ કુમારના હાથમાં સમસ્યા આપી. તે તેણે વાંચી તે આ પ્રમાણે :–પકવાન ભરીને મુખ બાંધી લીધેલા એવા કંડીયામાંથી પણ ખાધુ અને ભાઈઓને ખવરાવ્યું. વળી મુખ બાંધેલા પાણીના ઘડામાથી પણ પાણી પીધું અને ભાઇઓને પાયું. વળી કુતરાઓએ અભડાવેલ એવાં ખીરનાં ભોજન તેમને ફેંકતા ફેંકતાં પોતે પણ ત્યાં તે ખીરનું ભોજન કર્યું. આ પ્રમાણે જેની હકીકત છે તેને કેમ છે? તે બેન્નાતટપુરમાં ધનશેઠની પુત્રીને પરણીને ઘરજમાઈ થઈને રહ્યો ? તેણે પોતાના માતા, પિતા, ભાઇને ત્યજી દીધા છે તે કેમ જીવે છે ? જેનાં માત પિતા હમણાં દુઃખી થઇને રહે છે, તે માણસ રાંકની પેઠે કેમ દૂર રહે છે ?

પ્રસેનજિત રાજાએ શ્રેણિક કુમારને લખેલી સમસ્યા :–
કૂકર કહેતાં કોપે છડિયો, ઘર ઘર જમાઈ થાય ॥
હંયા હઈયાળી કો કહે, કવણ ભલો બિહું માંય ॥૧॥

કુતરા જેવો કહેવાથી કોપે ચઢ્યો અને ઘર જમાઈ થઇ રહ્યો; એ હરિયાળી મનમાં વિચારીને કહો કે, એ

એમાં કયું કૃત્ય સારું કર્યું ? ૧...

આ પ્રકારની સમસ્યા વાંચી તેનો અર્થ જાણીને ગોપાળ (શ્રેણિક)ની આંખોમાંથી વારંવાર આંસુ પડવા લાગ્યા તેણે વિચાર્યું કે :–

મારણ તાડણ જે કરે, જેવા તેવા લહંતિ ॥
આંમ સરીખા બેટડા, તે બોલે ન રહંતિ ॥૨॥

જેવા તેવા દીકરાઓ તો (તેમનામાં કશી શક્તિ ન હોય તેથી) મારણ તાડણ પણ સહન કરે, પરંતુ મારા જેવા પુત્રો તો એક વચન પણ સહન કરતા ત્યાં રહે નહિ. ૨...

અમિય રસાયણ અગ્ગલી, માય તાય ગુરુ શીખ ॥
જે નવિ માને બાપડા, તે રુલિયા સવિ દીસ ॥૩॥

અમૃતરસથી પણ અધિક એવી જે માતા, પિતા, કે ગુરુની વાણી રૂપ શીખામણ, તેને ભાગ્યહીન જનો નથી માનતા, તે નિરંતર સર્વ દિશાઓમાં રઝળતા ફરે છે. ૩...

એમ ચિંતવીને તેણે (શ્રેણિકે) લેખ લખીને તેજ અનુચર (સેવક) સાથે મોકલાવ્યો. તે પત્ર પ્રસેનજિત રાજાએ વાંચ્યો. તેમાં શ્રેણિકે આ પ્રમાણે લખ્યું હતું.

મમ ઉપહરા બોલડા, લહસે રાયકુમાર ॥
હું તુમ્હ ભણિઓ વાણિઓ, તેહ વયણ ફળ સાર ॥૪॥

મને આપે જે ઠપકાનાં વચન લખ્યા, તે જો બીજા રાજકુમારો જાણશે તો........

જિણે અવસરે જોઇએ, સ્વામિતણા પસાઉ ॥
તિણે નીચ ઉતારણો, કિમ સેવીજે રાઉ ॥૫॥

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

જે અવસરે સ્વામિનો પ્રસાદ જોઇએ, તેજ વખતે પ્રસાદને બદલે ઉલટો ઠપકો મળે, તો તે રાજાને કેમ સેવાય ?

ઘર જમાઈ ઘર સુણહ, તે કુણ હૂંશ ધરંતિ ॥
પણ અપમાન્યા છોરડા, ન રહે દૂર ફરંતિ ॥૬॥

ઘરના કુતરાની પેઠે ઘર જમાઇ થઈને રહેવાને કોને હોંશ થતી હશે ? પરંતુ જ્યારે પિતા તરફથી પુત્રને અપમાન થાય, ત્યારે વેગળો ન રહે તેઃ શું કરે ? ૬...

આ પ્રમાણે લેખ વાંચી તેનો અર્થ મનમાં વિચારીને ફરીથી પ્રસેનજિત રાજાએ લેખ લખીને મોકલ્યો. શ્રેણિકે તે લેખ છાનો વાંચ્યો. તેમાં આ પ્રમાણે લખ્યું હતું.

જે મેં સભામાંહિ બોલીઓ, તે અપમાન કે માન ॥
સો જિ સંભારિ વિચાર કરી, તો આરોગો ધાન ॥૭॥

જે મેં તને સભામાં બોલાવ્યો હતો, તે માન દીધું કે અપમાન ? હે પુત્ર ! તું આ વાતનો વિચાર કરીને પછી અન્ન જમજે. ૭—

મોર ભણે અમ્હ પીંછડા, મેં મ્હેલિયા વણેહિ ॥
અજિય અગાસઉ તેહ વિણ, તે સિરિ રાય વહેઈ ॥૮॥

જેમના પીંછા વનમાં રહેલા છે, તેવા મોર જેમ આકાશની પેઠે ખાલી દેખાય છે, તેમ પીંછારૂપ ત્હારા વિના આ રાજગૃહિ પણ આકાશમય દેખું છું. ૮—

પિતાનો આવો લેખ વાંચીને શ્રેણિકે તેને અમૃતની પેઠે પરિણમાવ્યો વળી શ્રેણિકે એવો લેખ લખી મોકલ્યો કે-



P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

જાતે એકજ પીંછડે, મોર દોહિલો કાંઈ ॥
તેહ નવાણું પીંછડાં, ભરી પુરિ ર્ગહઆઈ ॥૯॥

એક પીંછું જવાથી જેમ મોર ખરાબ દેખાતો નથી, તેમ એક પીંછા રૂપ મ્હારા વિના નવાણું પુત્રોવાળા તમે ખરાબ દેખાતા નથી. અર્થાત્ હું નવાણું ભાઈઓને રાજ-ગૃહિ નગરીમાં મૂકીને આવ્યો છું. ૯—

પ્રસેનજિત રાજાએ આ લેખ વાંચી ફરી બીજો લેખ મોકલ્યો કે—

બેડી કેરા પાટીઆ, બાંધ્યાં બહુઅ ગુણેહિં ॥
પઠાણ છાંડે રહણ, તૂં તારીજે કેણ ॥૧૦॥

જેમ વહાણના પાટીયાં પાણીમાં તરતી વખતે બાંધ્યાં થકા બહુ ગુણ કરે છે, પણ તે છોડીને જતા રહે તો માણસ શી રીતે તરી શકે ? અર્થાત્ વહાણના પાટીયા સમાન તું અમને છોડીને ચાલ્યો, તેથી અમે શી રીતે તરી શકીએ ? ૧૦...

કલ્પતરૂનું પાનડું, ઉડિયું વાય વસેણ ॥
તો તિહાં સીળી છાહડી, જે સીઅલા તે સીળ ॥૧૧॥

જેમ કલ્પવૃક્ષનું પાનડું વાયરેથી ઉડીને બીજે ઠેકાણે પડયું તો ત્યાં પણ તે શીતળને શીતળજ હોય છે, તેમ તું પણ જ્યાં જાય છે ત્યાં સુખ પામે છે. ૧૧—

આ લેખ વાંચી વળી શ્રેણિકે લખ્યું કે " હું જ્યાં સુધી અહિં હયાત છું. ત્યાં સુધી આપે નિરંતર પત્ર

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

લખ્યા કરવો. આ પ્રમાણે શ્રેણિકે છેવટે પોતાના પિતા પ્રસેનજિત રાજા ઉપર લખ્યું.

પછી શ્રેણિકકુમારે પોતાના નવાણું ભાઇઓને માટે આભુષણો તથા પોતાની માતા અને બ્હેનો સારૂં સુવર્ણ તથા રત્નાદિકના શૃંગાર ઘડાવ્યા. તથા પિતા અને ભાઇ-ઓને માટે ઉત્તમ જાતિના ઘોડાઓ લીધા. આ સર્વે શ્રેષ્ઠ એવી જે ભેટો તેને નામાંકિત કરીને શ્રેણિકે ગુપ્ત રીતે પિતાને મોકલાવી. પિતાએ હર્ષ પામીને પુત્રને પેલી ભંભા (વાજિંત્ર) મોકલાવી અને પત્ર લખીને જણાવ્યું કે, "તેં જે વનને વિષે ભિલ્લકુમારીનો સ્વીકાર ન કર્યો, તે ઘણું શ્રેષ્ઠ અને કુળને શોભા મળે એવું કર્યું છે; પણ તેં અહિંથી જતાં તે પલ્લિનું ઉલ્લંઘન કર્યું, તે વખતે ત્યાંના ભિલ્લ લોકો ત્હારા ઉપર કોપાયમાન થયા છે."

પિતાનાં આવાં વચનો વાંચીને તેણે ધીમે ધીમે ઘોડા તથા સૈનિકોને નગર બહાર આણ્યા અને પોતાની સ્ત્રીને કહ્યું કે, "હું પિતાની પાસે જાઉં છું." ત્યારે સુનંદાએ કહ્યું. "હું પણ આપની સાથે આવીશ. આપના વના ક્ષણમાત્ર પણ રહી શકીશ નહી." પણ શ્રેણિકે તે વખતે મ્હારાથી તને સાથે લઈ જઈ શકાશે નહી" એવું કહ્યું. તે ઉપરથી સુનંદાએ તેને "પુત્રનું શું નામ પાડવું !" તે પૂછયું. ત્યારે તેણે કહ્યું. "ત્હારે દોહદ થયો હતો, તેને અનુસારે અભય એવું નામ પાડવું." વળી સુનંદાએ પૂછયું. "ત્યારે એ પુત્ર જયારે નવેક વર્ષનો સમજણો થઈને તેના પિતાનું નામ ઠામ વિગેરે મને પૂછે, ત્યારે મ્હારે શું કહેવું ?" આ ઉપરથી શ્રેણિક કુમારે ચિત્રશાળાના ભાર-

વંટિઆ ઉપર ખડીથી અક્ષર લખ્યા. "રાજગૃહ ગામ, ગોપાળ નામ અને ધવળટોડે ઘર" આ પ્રમાણે લખ્યું.

એકદા તે છાનોમાનો બહાર જઈને પોતે પૂર્વે આગળ મોકલેલી સેનાની ભેગો થઈ ગયો. સૈન્ય આગળ ચાલ્યું. કુમારે ભિલ્લની રાજધાની પાસે આવીને ભંભા વગાડી. તે સાંભળી ભિલ્લરાજ તૈયાર થઈને ભિલ્લ સેના સહિત આવ્યો. તેણે સિંગી વગાડી એટલે ભિલ્લો કિલકિલાટ શબ્દ કરતા પાળ ઉપર ભેગા થઈ ગયા અને ક્રોધથી લાલચોળ આંખો કરી બોલવા લાગ્યા કે, શત્રુઓને હણો, હણો." શ્રેણિક કુમારે અંગરક્ષક રત્નનું સ્મરણ કર્યું એટલે ભિલ્લ લોકોએ ફેંકેલાં શસ્ત્રો શ્રેણિક ઉપર નિષ્ફળ જવા લાગ્યાં. એટલે તેઓએ આવીને શ્રેણિકને નમસ્કાર કર્યા. નાસતા એવા ભિલ્લ સેનાપતિને શ્રેણિક કુમારે રણક્ષેત્રને વિષે બાંધી લીધો અને તેને બંધન યુક્ત વિષમ સ્થાનક પ્રત્યે લઈ ગયો. કહ્યું છે કે—લક્ષ્મી કાંઈ કુળક્રમથી ચાલી આવતી નથી, દસ્તાવેજને વિષે પણ તેને લખી આપી નથી; પણ તે તો ખડ્ગની સહાય્યથી વિજય મેળવીને ભોગવવાની છે. કારણ કે, વસુંધરા જે પૃથ્વી, તે વીર પુરુષોથી જ ભોગવવા યોગ્ય છે. વળી હરિણોએ સિંહને નથી કર્યો રાજ્યાભિષેક કે, નથી કર્યો સંસ્કાર; પણ તે સિંહે જે મૃગેંદ્રતા-મૃગ ઉપર સ્વામીપણું મેળવ્યું છે, તે પોતાના પરાક્રમને લીધેજ.

પછી શ્રેણિકે ભિલ્લપતિને કહ્યું. "રે ભિલ્લ! આગળ થા અને રાજગૃહિનો માર્ગ બતાવ. વળી જે ઘાટ આવે તે પણ મને ઉતરાવ. નહિ તો મારે હાથે મૃત્યુ પામીશ."

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

તે ઉપરથી ભિલ્લે આગળ થઈને રાજગૃહિનો માર્ગ બતાવ્યો. અનુક્રમે સર્વ ઘાટ પણ ઉલ્લંઘીને સવા લાખ ભિલ્લ લોકોને પરિવારે યુક્ત પુષ્કળ અશ્વ સહિત જઈને માતા પિતાને અત્યંત ભક્તિવડે પગે લાગ્યો. શ્રેણિકને આવ્યો જાણીને સર્વે ભાઈઓએ પણ આવીને તેને વિનય સહિત વંદન કર્યું. પિતાએ અને પુત્રોએ મળીને શ્રેણિકને રાજ્ય સોંપ્યું. પ્રસેનજિત રાજાએ તપ અંગીકાર કર્યો. પરાજય પામેલા (હારી ગએલા) તે ભિલ્લ પણ લજ્જાયમાન થઈ તાપસ થઈને કોઠીમાં પ્રવેશ કરીને ઉત્તમાર્થ અંગીકાર કરવા લાગ્યો. એટલે તેના પુત્રને બોલાવીને તેને પોતાનો સેવક કરી તેનો દેશ શ્રેણિકે તેને સોંપ્યો. પછી શ્રેણિકે પોતાના સર્વ ભાઈઓને તેડાવ્યા અને જે જે વૈરિઓ પોતાના પિતાની આજ્ઞા નહોતા પાળતા, તેમને પોતાના પગ પાસે આણીને તેણે નમાવ્યા.”

પછી શ્રેણિકે બીજે દિવસે પરીક્ષા કરી કરીને ચારશેને નંવાણુ પ્રધાન નીમ્યા. તેમનામાંથી એકને સર્વોત્તમ પદ આપવાનો વિચાર કર્યો. કારણ કે, સારા મંત્રિ વિના રાજ્યતંત્ર નભે નહી. “જે જે મંત્રીઓને મેં અધિકાર આપ્યો છે, તે તે સર્વ ઉદ્ધત છે, ઇર્ષ્યાળુ છે માટે જ્યાં સુધી મને એવો શ્રેષ્ઠ, નિરહંકારી, વિનયી, ધર્મિષ્ઠ અને વિશુદ્ધ મતિવાળો પ્રધાન ન મળે, ત્યાં સુધી હું પ્રધાન જ રહીશ રાજા નહી.

વિશિષ્ટ મંત્રી વિના રાજ્યતંત્ર સ્થિર રહે નહિ. કહ્યું છે કે–ઉત્તમ કુળમાં જન્મેલો, શીળ ગુણે અલંકૃત, સત્ય બોલનારો, ધર્મમાં પ્રીતિવાળો, રૂપવાન અને સુપ્રસન્ન એવો

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

પ્રધાન હંમેશાં રાજાએ કરવો. આચારમાં વૃદ્ધિ કરનારો, ધૈર્યવાન, સર્વ રત્નની પરીક્ષાવાળો, શુદ્ધ અને અવ્યભિચારી એવો ભંડારી કરવો જોઇએ તેમજ બીજાના મનની ઇંગિત જે ચેષ્ટાઓ તથા આકારને જાણનારો, તત્ત્વના જ્ઞાનવાળો, પ્રિય વચન બોલનારો, સૌને પ્રિય અને એકજ વાર કહેલું હોય તે ગ્રહણ કરી લેવામાં ડાહ્યો આવો મંત્રીશ્વર પ્રશંસાપાત્ર છે.

આવો વિચાર કરીને શ્રેણિકે એક સૂકાઇ ગએલા ખાલી કૂવામાં પોતાની વીંટી ફેંકીને કહ્યું. 'જે પુરૂષ આ કૂવાના કાંઠાં ઉપર રહીને પોતાની બુદ્ધિની સહાયયથી આ વીંટીને ગ્રહણ કરીને પહેરે, તેને હું અર્ધું રાજ્ય અને મુખ્યમંત્રિની મુદ્રિકા (પદવી) આપીશ.' આમ કહીને કૂવા ઉપર પોતાના સેવકોને બેસારીને તેમને કહી ગયો કે. 'જે માણસ કાંઠા ઉપર રહીને એ વીંટીને કાઢીને પહેરે, તેને મારી પાસે જાહેર કરવો. (તેડી લાવવો.) કોઈ મંત્રી પ્રમુખ પણ એમ કરી શકે તો તે પણ મને કહેવું.' સર્વ મંત્રીઓ કૂવા ઉપર રહ્યા થકા મુદ્રા જોઇ જોઇને ખેદ પામ્યા અને કહેવા લાગ્યા કે 'રાજાએ આપણને કષ્ટ દેવાને અર્થે આ એક કોહડો માંડયો છે.' પછી ગામના લોકો પણ આવ્યા તેઓએ પણ વીંટી પહેરવા માટે વૃથા મહેનત કરી.

હવે શ્રેણિક કુમાર સુનંદાને મૂકીને અહિં આવ્યો ત્યાં પાછળ તેણીને પુત્ર અવતર્યો તેનું અભયકુમાર એવું નામ પાડયું. તે મ્હોટો થયો ત્યારે તેને નિશાળે મૂકયો. અનુક્રમે તે પંડિત પાસે બહુ શાસ્ત્ર શીખ્યો. એક વખતે નિશાળમાં નિશાળીઆઓ વચ્ચે તકરાર થતાં કોઇએ તેને

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

કહ્યું. 'તું તો ન બાપો (બાપ વગરનો)છે.' તે ઉપરથી ઘેર આવીને અભયે વીલે મોઢે માતાને પોતાના પિતાનું સ્વરૂપ પૂછ્યું. ત્યારે માતાએ કહ્યું, હું કાંઈ જાણતી નથી. અહિં આવી મને પરણીને તું મ્હારા ગર્ભમાં આવ્યા પછી ઓચિંતા વદેશ ગયા છે.' એ સાંભળીને અભયકુમારે પૂછ્યું. જ્યારે એ ગયા ત્યારે તને કંઈ કહી ગયા છે ? કંઇ બતાવી ગયા છે ? કે, તને કંઇ અક્ષર પ્રમુખ લખી આપી ગયા છે ?' માતાએ ઉત્તર આપ્યો કે, ગયા ત્યારે આ ચિત્ર-શાળાના ભારવટિઆ ઉપર અક્ષરો લખી ગયા છે. તે ઉપ-રથી એ અક્ષરો કુમારે જઇને વાંચ્યા. પિતાના સ્વરૂપથી તે જાણીતો થયો અને હર્ષિત મને માતા પાસે આવી કહેવા લાગ્યો. મેં પિતાનું સ્વરૂપ જાણ્યું છે, જ્યાં તે છે ત્યાં હું જાઉં છું માતાએ પણ સાથે આવવાનું કહ્યું. તે ઉપરથી વૃદ્ધમાતામહ (દાદી)ની રજા લઇને તે પોતાની માતાની સાથે રાજગૃહિ સમીપે ચાલ્યો. કેટલીક ભૂમિ ઉલ્લંઘન કરીને રાજગૃહિના ઉદ્યાનમાં આવીને માતાને ત્યાં મૂકીને પેલા કૂવા પાસે આવ્યો.

ત્યાં લોકોએ તેને કહ્યું. 'કૂવા ઉપર ઉભા રહીને જે એની અંદર રહેલી મુદ્રાને ગ્રહણ કરે, તેને રાજા અર્ધ રાજય અને પ્રધાનની પદવી આપવાના છે.' એ સાંભળીને અભયકુમારે કહ્યું. "જેની શક્તિ હોય તે અજમાવી લ્યો અને મુદ્રિકા પહેરો: પાછળથી વળી કહેશો એમ તો અમે પણ કરત.' ત્યારે સર્વ લોકોએ કહ્યું, 'તું જ પહેર.' તે ઉપરથી અભયકુમારે લીલું છાણ લાવીને તે મુદ્રિકા ઉપર નાંખ્યું અને તેની ઉપર ઘણો અગ્નિ ફેંક્યો એમ કરીને પેલું છાણ ચાર ઘડિમાં સૂકવી નાંખ્યું. ( જેમાં

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

મુદ્રિકા પણ ચોંટી ગઇ) પછી પાસેના કૂવામાંથી નીક વાટે આ કૂવામાં પાણી આણ્યું. તે પાણીથી કુવો કાંઠા સુધી ભરાઈ ગયો એટલે છાણું (સુકાઇ ગયેલું છાણુ) ઉપર તરી આવ્યું. તેમાં મુદ્રિકા હતી તે કાઢીને તેણે પહેરી. આ વાત શ્રેણિક રાજાએ જાણી ત્યારે તે બહુ હર્ષ પામ્યો. અને ત્યાં આવ્યો. એવા આકૃતિમાન્ કુમારને દેખીને પ્રમોદ પામ્યો. તેને પૂછયું: "તુ કયાંથી આવ્યો ?" ત્યારે તેણે કહ્યું "હું બેન્નાતટ નગરથી આવું છું" "તુ કોનો પુત્ર છે ?" "હું પ્રજાપાળ રાજાનો પુત્ર છુ." રાજાએ પૂછયું. તે નગરને વિષે ધનશેઠની પુત્રી વિષે તું કંઈ જાણે છે ?" ત્યારે કુમારે કહ્યુ. તેણીને એક પુત્ર થયો છે. તેનું અભયકુમાર એવું નામ રાખ્યું છે." "તે કેટલા વર્ષનો હશે ?" "ઉમ્મરે મ્હારા જેવડોજ અને રૂપમાં પણ "મ્હારા તુલ્યજ છે" "ત્હારે તેનો આટલો પરિચય કયાંથી ?" "મ્હારે અને તેને બહુ મૈત્રી થઇ છે તેથી તેના વિના હું ઘડી પણ રહી શકતો નથી." "ત્યારે તું તેને મૂકીને અહિં કેમ આવ્યો ?" હું તેની સાથેજ અહિં આવ્યો છું." "ત્યારે તે કયાં છે ?" તે અને તેની માતા આ પાસેનાજ ઉદ્યાનમાં છે." આ ઉપરથી રાજા તેને આગળ કરીને પાછળ પાછળ ચાલ્યો. ત્યારે લોકો કહેવા લાગ્યા. "ન્હાનો છતાં પણ એ રાજાને લઈ જાય છે !"

ત્યાં જઇને રાજા પ્રિયાને હર્ષ સહિત ભેટયો. ભેટીને કહ્યું. "હે પ્રિયે ! આપણો પુત્ર કયાં છે ?" ત્યારે તેણીએ કહ્યું. "આ રહ્યો આ પુત્ર !" એમ કહીને તેને બતાવ્યો. એટલે રાજાએ કહ્યું. હે પુત્ર ! તું અત્યાર સુધી આવું જુઠું કેમ બોલ્યો ?" અભયે કહ્યું. "હું તો સદા માતાના



P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

હૃદયમાં વસું છું તેથી એવું બોલ્યો." પછી રાજાએ તેને ખોળામાં બેસાર્યો. પછી નગરમાંથી પટ્ટહસ્તિ મંગાવીને તેનાં ઉપર સ્ત્રી તથા પુત્રને બેસારીને મહોત્સવપૂર્વક તેમને નગરમાં પ્રવેશ કરાવ્યો, અને પોતાના આવાસ પ્રત્યે લઈ ગયો. પછી રાજાએ સર્વ બુદ્ધિનિદ્ધાન એવા પોતાના પુત્ર અભયકુમારને મુખ્ય મંત્રીની પદવી આપી પછી તેણે તેની બુદ્ધિને યોગે બહુ દેશ ઉપર વિજય મેળવ્યો.

એકદા દેવ, સાધુ અને સાધ્વીઓએ યુક્ત એવા શ્રી મહાવીર પ્રભુના સમવસરણમાં એક શાંત, કૃશ અંગવાળા અને ઈંદ્રિયો ઉપર નિગ્રહવાળા એવા મહર્ષિને જોઈને અભયકુમારે પ્રશ્ન કર્યો કે, "હે પ્રભુ! આ સાક્ષાત દેખાય છે તે કોણ સાધુ છે?" વીર પ્રભુએ કહ્યું. "પૂર્વ દિશામાં વીતભય નામનું સ્વર્ગ સમાન નગર છે તેમાં ઉદાયન નામનો રાજા હતો તે પ્રજાને ન્યાય માર્ગે પાળતો હતો. એકદા અમે ત્યાં વિહાર કરતા કરતા સમવસર્યા. એટલે દેવોએ સમવસરણ રચ્યું. ત્યાં એ નગરનો ઉદાયન રાજા અમારો ઉપદેશ સાંભળવાને આવ્યો.

કહ્યું છે કે જેઓને શાશ્વત ધર્મ અને દર્શન રહેલું છે તેઓનું મંદિર લક્ષ્મી કદિ પણ ત્યજી દેતી નથી. અર્થાત્ લક્ષ્મી ત્યાં સદા વાસ કરે છે. હે વિશ્વાધિપતિ! ધર્મના પ્રસાદથી મનુષ્ય ઉત્તરોત્તર સુખ પામે છે; પણ જે મોહાંધ પ્રાણી કદાપિ ધર્મને સંભારતો નથી, તે કૃતઘ્ન જાણવો. ધર્મ સાંભળીએ અથવા દૃષ્ટિએ દેખીએ કરીએ અથવા કરાવીએ અથવા અનુમોદીએ તો હે રાજેન્દ્ર! તે સાત કુળ સુધી સુખી કરે છે. પંડિત પુરૂષે એક ધર્મજ સદા આચરવો; કારણ કે તે પરમ બાંધવ સમાન છે અને હંમેશા

P. P. Ac. Gunratnasuriji M.S. Jin Gun Aaradhak Trust

લક્ષ્મી યુક્ત વાંછિત સિદ્ધિઓ આપે છે. વળી સંસારમાં સર્વ ઠેકાણે દુઃખજ છે, ગર્ભાવાસમાં પણ દુઃખ છે, બાળ પણામાં પણ મલીન શરીર તથા સ્ત્રીના સ્તનનું દૂધ પીવું આદિ દુઃખ છે, તરૂણ અવસ્થામાં પણ વિરહ વિગેરેનું દુઃખ છે, વૃદ્ધાવસ્થા પણ અસાર છે; આ પ્રમાણે હે મનુષ્યો ! સંસારમાં દુખજ છે. કંઇ પણ સુખ હોય તો કહો ? વળી સંધ્યા સમ ના રંગ, પાણીના પરપોટા અને ડાભના અગ્ર ભાગ ઉપર રહેલા પાણીના બિંદુ જેવા જીવિત છતે અને નદીના વેગ સમાન યૌવન છતે પણ હે પાપી જીવ ! તું બોધ પામતો નથી એ શું ?

અમારા મુખથી ઉપદેશનાં વચનો સાંભળવાથી જેનું મન પ્રથમથીજ વૈરાગ્યની વાસનાવાળું હતું. એવા ઉદાયન રાજાને વધારે વૈરાગ્ય થયો. પોતાના બેનના પુત્ર કેશીને રાજ્યગાદી સોંપી ને દીક્ષા ગ્રહણ કરી. તે આજ ભવને વિષે કર્મ ક્ષય કરીને મોક્ષ પામશે. " એ સાંભળીને અભયકુમારે કહ્યું. ' હે પ્રભો ! બીજો કયો રાજર્ષિ મુકિત પ્રાપ્ત કરશે ? " ત્યારે પ્રભુએ કહ્યું. 'છેલ્લો રાજર્ષિ કેવળી ઉદાયનજ. '

આ સાંભળીને પ્રભુને વંદન કરીને અભયકુમારે ઘેર જઈ શ્રેણિક રાજાને કહ્યું. ' હે પિતાજી ! મને દીક્ષા લેવાને રજા આપો કે જેથી હું સર્વ કર્મનો ક્ષય કરીને મોક્ષ પામું. " ત્યારે શ્રેણિકે કહ્યું. 'દીક્ષા લેવાનો અવસર તો મ્હારે છે, ત્હારે તો હમણાં રાજ્ય કરવાનો વખત છે. તને આવો વિચાર કયાંથી થયો ? તુંજ મ્હારૂં રાજ્ય વધારવાને સમર્થ છે. " અભયકુમારે કહ્યું. ' હે પિતાજી ! આપનો પુત્ર થઇને જો દીક્ષા ગ્રહણ ન કરૂં તો તો હું

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

દુ:ભાગી કહેવાઉં; માટે કૃપા કરીને મને દીક્ષા અપાવો. ભૂપતિએ કહ્યું. 'હે વત્સ! જ્યારે હું ક્રોધે કરીને તને એમ કહું કે, "જતો રહે. ત્હારું મુખ મને બતાવીશ નહી.' ત્યારે તું ભલે વ્રત આદરજે.' પિતાના આ વચન સાથે સમ્મત થઈ, અર્થાત્ પિતાનું આ વચન કબૂલ રાખી અભયકુમાર પિતાને નમીને પોતાને સ્થાનકે ગયો. ત્યાં જઈ તે વિચારવા લાગ્યો.

"જેમ વજ્ર વજ્રથી વીંધી શકાય છે. તેમ આ રાજાની બુદ્ધિ મ્હારી બુદ્ધિવડેજ વીંધી શકાશે." આમ વિચાર કરીને બુદ્ધિમાન્ એવો અભયકુમાર નિરંતર અત્યંત ભક્તિવડે પિતાની સેવા કરવા લાગ્યો.

(એકદા અત્યંત ટાઢ પડવા લાગી. ત્યારે લોકો બહુ દુઃખી થવા લાગ્યા.) રાત્રીને વિષે મનુષ્ય થકી, સંધ્યા સમયે અગ્નિ થકી અને દિવસને વખતે સૂર્ય (તડકા) થી શીત નાશ પામે છે. 'ટાઢ આવી' એમ માણસો બોલતે છતે અગ્નિ અતિશય વલ્લભ લાગ્યો, બાળકોનું માંન્યપણું થવા લાગ્યું, મસ્તકના દોષો (રોગ) વૃધ્ધિ પામવા લાગ્યા. બાગમાં નિરંતર સુગંધી પુષ્પો પાંચ છની સંખ્યામાં અર્થાત્ થોડાં દેખાવા લાગ્યાં.

અથવા બીજો અર્થ :– કળિયુગને વિષે મનુષ્યોને જાડયપણું (મૂર્ખાઇ) પ્રગટ થએ છતે ચાડીઆઓ અત્યંત વલ્લભ થવા લાગ્યા. ખેદ થાય છે કે અજ્ઞાનીઓનું માન્યપણું થવા લાગ્યું! ઊંચ માણસોમાં દોષો વૃદ્ધિ પામવા લાગ્યા અને પૃથ્વીમાં નિરંતર આનંદ આપનાર સજ્જનો પાંચ છ અર્થાત્ થોડા દેખાવા લાગ્યા. એ પ્રકારે હમણાં

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

આ કળિયુગ શિયાળાની તુલ્યતાને પાંમ્યો છે.

તેવામાં શ્રી વીર પ્રભુ રાજગૃહિ નગરીની સમીપે આવીને સમવસર્યા. શ્રેણિક રાજા ચિલ્લણા રાણી સહિત ત્યાં જઈને તેમને નમસ્કાર કરીને ધર્મ સાંભળી પાછો વળ્યો. રસ્તે નદીને તીરે તેમણે એક શાંત અને દાંત એવા એક સાધુને કાયોત્સર્ગે રહેલા જોયા. તેમને તેમણે વાંદ્યા અને સ્તુતિ કરી. પછી ઘેર આવ્યા. રાજાએ જિનપૂજા કરીને ભોજન કર્યું. રાત્રીએ શ્રેણુકને નિદ્રા આવી ગઈ. ચેલ્લણા રાણી જાગી તેથી તે પેલા સાધુને સંભારી સંભારીને બોલવા લાગી. "અહો આવી જીવિતને અને પ્રાણુને હરનારી એવી ટાઢ પડે છે, તો અત્યારે એનું શું થતું હશે ? પ્રિયાનાં આવાં વચનો શ્રેણિકે અચાનક જાગી જઈને સાંભળ્યાં તેણે વિચાર્યું કે 'આ મ્હારી સ્ત્રી જરૂર વ્યભિચારિણી છે. મ્હારા કરતાં કોઈ બીજો પુરૂષ તેણીને વધારે વ્હાલો છે, તેમાં કાંઈ સંદેહ જેવું નથી.'

રાજા આમ ચિંતવન કરે છે, એટલામાં સૂર્ય ઉદય પામ્યો. પ્રભાતે અભયકુમારને તેડાવ્યો ને તેને રાજાએ કહ્યું 'મ્હારૂં અંતઃપુર દુરાચારી છે, માટે તેને તુરત બાળી નાંખો એ કાર્યમાં (અંતઃપુર નાશ પામશે, એમ વિચારી) વિલંબ ન કરવો.' અભયકુમારે વિચાર્યું કે, 'રાજાનો અભિપ્રાય શો છે ? તે બરોબર રીતે સમજાતો નથી.' તોપણ તેણે પિતાને 'આપનું વચન પ્રમાણ કરું છું' એમ કહ્યું.

પછી શ્રેણિક તો સવારે વીરપ્રભુ પાસે ગયો. ત્યાં ઉપદેશ સાંભળ્યા પછી પુછયું કે, 'હે પ્રભો ! મ્હારી સર્વ સ્ત્રીઓ સતી હશે કે, અસતી ?' ભગવાને ઉત્તર આપ્યો કે

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

'ચેલ્લણા વિગેરે સર્વ રાણીઓ સતી છે. આ' સાંભળીને તે તુરતજ પ્રભુ પાસેથી પાછો વળ્યો.

અહિં અભયકુમારે વિચાર્યું કે, 'મ્હારા પિતાએ મને આદેશ તો કર્યો છે, પણ સહસા કરેલું કાર્ય ખેદ પમાડે છે.' એમ ધારીને કેટલાક ઘરમાંથી વસ્તુ પ્રમુખ સર્વ કાઢી લઇને તે ઘરો બાળી નાંખ્યાં. ત્યાંથી તે સમવસરણ જવા નીકળ્યો. માર્ગમાં શ્રેણિક મળ્યા. તેમણે પૂછ્યું. 'તેં શું કર્યું? ત્યારે અભયકુમારે કહ્યું 'મેં આપના કહેવા પ્રમાણે કર્યું છે. તે ઉપરથી શ્રેણિકે તેને કહ્યું. અહિંથી જતો રહે, ત્હારૂં મુખ ન બતાવ. એમ વગર વિચાર્યું કાર્ય કોણ કરે? પણ અભયકુમારે તો 'પિતાનું વચન પ્રમાણ' એમ કહીને શ્રી વીર પ્રભુની પાસે જઇને દીક્ષા અંગીકાર કરી.

હવે શ્રેણિકે ઘેર જઇને ઉજ્જડ ઘર બળતાં દેખીને વિચાર્યું કે તેણે મને છળ કપટથી છેતર્યો છે, ને તેણે જરૂરથી દીક્ષા લીધી હશે. એટલે તે તુરત મૂઠીવાળીને દોડતો દોડતો સમવસરણમાં ગયો. ત્યાં તેણે જોયું તો અભય કુમારે દીક્ષા ગ્રહણ કરી હતી! તેણે કહ્યું 'તમે મને છેતર્યો છે. એમ કહીને (તેને ચરણે નમીને!) તથા ખમાવીને ઘર પ્રત્યે પાછો આવ્યો. ત્યાર પછી અભયકુમારે વીર પ્રભુ પાસે બહુ તપશ્ચર્યા કરી કર્મને છેદી અનુત્તર વિમાનમાં તેત્રીશ સાગરનો આઉખે દેવ થયા. ત્યાંથી ચ્યવી મહાવિદેહ ક્ષેત્રમાં ઉત્તમ કુળે અવતાર પામી સુગુરૂ સમીપે દીક્ષા અંગીકાર કરી આઠ કર્મને ખપાવી મોક્ષગતિને પામશે.

ઇતિ અભયકુમારની કથા. વિસ્તારથી જાણવા અભય કુમાર મંત્રિશ્વરનું જીવનચરિત્ર તથા ઉપદેશ–૫૬ વાંચો.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

# મેતાર્ય મુનિ

જે પ્રાણી મન વચન કાયાએ કરીને જીવરક્ષા કરે છે તે મેતાર્ય મુનિની પેઠે કલ્યાણરુપી લક્ષ્મીને શીઘ્ર પ્રાપ્ત કરે છે.

પોતાનિ સમૃદ્ધિએ કરીને જેણે ઈંદ્રના નગરનો પણ તિરસ્કાર કર્યો છે, એવા સાકેતપુર પાટણમાં ચંદ્રાવતંસ નામે રાજા ન્યાયમાર્ગે રાજ્ય કરતો હતો તેને સુદર્શના નામે રાણી હતી અને સાગરચંદ્ર તથા મુનિચંદ્ર નામના બે પુત્રો હતા. રાજાએ સાગરચંદ્રને યુવરાજ પદવી અને મુનિચંદ્રને ઉજ્જયિનીનું રાજ્ય આપ્યું. અનુક્રમે તે ચંદ્રાવતંસ રાજાને પ્રિયદર્શના નામની બીજી સ્રીથી ગુણચંદ્ર અને બાલચંદ્ર નામે પુત્રો થયા, ચંદ્રાવતંસ રાજા હવે નિત્ય આ લોક અને પરલોકના હિતને અર્થે ધર્મકાર્ય કરવા લાગ્યો.

એકદા ચંદ્રાવતંસ હંમેશનું રાજ્યકાર્ય સમાપ્ત કરીને પ્રતિક્રમણ કર્યા પછી સંધ્યા સમયે કાયોત્સર્ગમાં રહ્યો. અને નિયમ લીધો કે, "જયારે દીવો હોલવાઇ જશે, ત્યારે હું કાયોત્સર્ગ પૂરો કરીશ.' પછી દાસીએ ધાર્યું કે, 'જો દીવો હોલવાઇ જશે. તો રાજાનો કાયોત્સર્ગ નિ:સંશય દુ:શકય થઈ જશે!' તેથી તેણે દીપકમાં તેલ પૂર્યા કર્યું.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

અનુક્રમે પ્રભાત સુધી દીપક રહયો. પછી હોલવાઈ ગયો. ત્યારે રાજાએ કાયોત્સર્ગ પૂર્ણ કર્યો. પછી અકસ્માત આયુ ક્ષીણ થયે તેનું મૃત્યુ થયું અને તે સ્વર્ગે ગયો. તેની પાટે સાગરચંદ્ર રાજા બેઠો. તે પણ ન્યાયથી રાજ્ય ચલાવવા લાગ્યો.

એકદા તે પોતાની ઓરમાન માતા પ્રિયદર્શનાને કહેવા લાગ્યો કે, 'મ્હારા પિતા વિના મને આ રાજ્યલક્ષ્મી જરા પણ સુખ આપતી નથી, માટે જો તમારી રજા હોય તો મારા ન્હાના ભાઈ ગુણચંદ્રને રાજ્ય સોંપીને હું દીક્ષા લેવા ઈચ્છું છું.' પ્રિયદર્શના બોલી. 'ભાઈ! તને ધન્ય છે કે, તને આ સંસાર અસાર જણાયો છે; પણ આ રાજભાર મ્હોટો છે, ને તારો નાનો ભાઇ તો ન્હાનો છે, તેથી તે ભાર તેનાથી ગ્રહણ કરવો દુઃશકય છે; માટે તારે હમણાં રાજ્ય ત્યજવાની વાત જવાદેવી.' પ્રિયદર્શનાએ પ્રતિબોધ્યો છતો તે મન વિના પ્રજાનું પાલન કરતો હતો. અનુક્રમે રાજ્યની સમૃદ્ધિ વૃદ્ધિ પામતી જોઇને પ્રિયદર્શનાને સ્રીઓને સુલભ એવી ઇર્ષ્યા ઉત્પન્ન થઈ.

કહયું છે કે સ્રીઓ બીજે સ્થળે પણ કલેશના બીજને પોષનારી છે, તો એ કલેશની જન્મભૂમિ જે શોકય, તેની તો વાત જ શી કરવી? વળી આ બ્રહ્મા જેને લોકો સૃષ્ટિનો ઉત્પન્ન કરનાર માને છે, તે પણ સ્રીના ચિત્તને કે ચરિત્રને જાણતો નથી. આ નિર્દોષ એવા ભૂપતિને વિષે એ પ્રિયદર્શના શંકા ધરવા લાગી

એકદા રાજા ક્રીડાર્થે બહાર ગયો હતો. તેને માટે પ્રભાતે જમવાને સુદર્શના રાણીએ એક દાસી સાથે મોદક

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

મોકલ્યા. રસ્તે પ્રિયદર્શના મળી. તેણીએ રાજાને હણવાને અર્થે પેલા મોદકો હાથમાં લઈ તેને ઝેર મિશ્રિત કરીને પ્રીતથી પાછા આપ્યા. રાજાએ તે મોદક ક્ષુધાતુર એવા પોતાના ન્હાના ભાઈઓને વ્હેંચી દીધા; કારણ કે, પોતે મોટો હતો અને તેઓ પોતાથી ન્હાના હતા; પણ જેવા તેઓએ તે ખાધ કે, તુરતજ તેઓ અચેતન થઈ પડયા! એ જોઇને રાજાએ વિચાર્યું કે, 'માતા પુત્રને વિષ દે, તે કેમ બન્યું હશે?' પછી તેણે સુવર્ણ પાણી મંગાવીને તેમને પાયું. એટલે તેઓ સાજા થયા. પછી દાસીને પૂછીને વિષ વિશેનું સ્વરૂપ જાણ્યું. એટલે અંતઃપુરમાં જઇને તેણે પોતાની ઓરમાન માતાને કહ્યું. 'ધિક્કાર છે તને કે, તેં મને મારી નાખવાને આવું કપટ કર્યું! પણ તે તો ત્હારા પુત્રો ઉપર પડયું; તો મેં તેમને સાજા કર્યા છે મને તો મૂળથી જ રાજ્યની ઇચ્છા ન હતી. ફક્ત તારા જ આગ્રહથી મેં રાજ્ય સ્વીકાર્યું છે, પણ એ રાજ્ય શા કામનું છે? કે જેને લીધે આવી નરકનો પમાડનારી પાપ બુદ્ધિ ઉત્પન્ન થાય.' એમ કહીને પછી સાગરચંદ્રે પ્રિયદર્શનાના પુત્ર ગુણચંદ્રને રાજ્ય સોંપ્યું અને પોતે સંયમ ગ્રહણ કર્યો. અનુક્રમે સાગરચંદ્ર ઋષિ અગીઆર અંગના પારગામી થયા,

એકદા અવંતિ નગરીથી સાધુંનો સમુદાય આવ્યો. તેમને સાગરચંદ્ર ઋષિએ અવંતિના સમાચાર પૂછયા. તે ઉપરથી તેમણે કહ્યું કે, 'ત્યાં મુનિચંદ્ર રાજાનો પુત્ર સૌવસ્તિક નામના પુરોહિતના પુત્ર સહિત સાધુઓને બહુ દુઃખ દે છે. તે સાંભળીને ગુરુની રજા લઇને સાગરચંદ્ર મુનિ પોતે અવંતિએ ગયા. ત્યાં જઇને તેમણે સાધુઓના

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

ઉપાશ્રયને વિષે વિસામો લીધો. પોતે 'ભાઈના પુત્રને પ્રબોધવાને આવ્યા છે' એ વાત પ્રભાતે સાધુઓને કરી. પછી મધ્યાહ્ને પોતે દરબારમાં ગયા. તેમને જોઈને લોકો કહેવા લાગ્યા કે, 'મહાનુભાગ! રાજગૃહનેવિષે જાઓ. ત્યાં રાજપુત્ર બહુ દુષ્ટ છે. પુરોહિતના પુત્ર સહિત તે મુનિઓને બહુ ઉપદ્રવ કરે છે, માટે બીજે જાઓ.' પણ મુનિ તો ત્યાં જ ગયા. તેમને ત્યાં આવતા જોઈને પેલા બંને કહેવા લાગ્યા કે, 'હે મુનિ! તમે અમારી સાથે રમશો?' મુનિએ હા કહી. એટલે એકાંતે ચોકને વિષે જઈને તેઓ મુનિ સાથે ક્રીડા કરવા લાગ્યા. તેઓ ત્યાં જેમ તેમ બોલતા ધર્મની હેલના કરવા લાગ્યા. તેમને મુનિએ યુદ્ધને પ્રપંચે કરીને મર્મ સ્થાન ઉપર ઘાત કર્યો. તેથી તેમને મુખે ફીણ આવી ગયાં. પછી તેમના શરીરના સાંધા ઉતારી નાંખીને મુનિ બહાર નીકળી ગયા અને બહાર ઉદ્યાનમાં જઈ કાઉસ્સગ્ગ ધ્યાને રહ્યા.

અહિં રાજાએ તેમને રોતા સાંભળ્યા. પછી જાણ્યું કે આ મુનિનું કૃત્ય છે. તેમણે જ આ પરાભવ કર્યો છે.' તે ઉપરથી રૂષ્ટ થઈને સેવકોને કહ્યું. 'હે સુભટો! જે મુનિએ આ કુમારોને આવી દશાએ પહોંચાડયા છે, તેને શોધી લાવો.' તેઓએ જઈને જોયું તો મુનિ પડિમાપણે ઉભા હતા. તે વાત રાજાને નિવેદન કરી. રાજાએ તે ઉપરથી ત્યાં જઈને કહ્યું. 'હે મુનિ! આવું પાપ કેમ કર્યું?' મુનિએ કહ્યું. આપણે મોટા કુળમાં જન્મ્યા છીએ તો સાધુઓને મારણાદિ અન્યાય તમે કેમ કરો છો? એ સાંભળીને રાજાએ લજ્જાયમાન થઈ મસ્તક નીચું નમાવ્યું. મુનિએ ધર્મ-



P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

લાભ કહીને કહ્યું. 'હે ચંદ્રાવતંસના પુત્ર ! ત્હારે મુનિઓની અવગણના કે અવહેલના પ્રમુખ ન કરવાં જોઇએ.

કહ્યું છે કે, સાધુઓની હેલના કરવાથી નરક ગતિ મળે છે, પણ જો તેમનું સમ્યક્ પ્રકારે આરાધન કર્યું હોય તો તે મોક્ષલક્ષ્મી આપે છે.

તમારો પુત્ર આ મુનિઓની હેલના કરે છે, ને તમે એ સહન કરી રહો છો.' રાજાએ કહ્યું. 'એ કુમારો તો મુગ્ધ છે, હવે પછી તેઓ એમ નહી કરે.' મુનિએ કહ્યું. 'જો તેઓ સંયમ ગ્રહણ કરે તો તેમને છોડી દઉં, નહિ તો ભલે તેઓ પોતે કરેલા પાપકર્મનું ફળ અનુભવે.'

તે ઉપરથી રાજા પોતાના ભાઇને વંદન કરીને તેને કુમારો પાસે લઇ ગયો. ત્યાં જઇને તેણે કહ્યું હે પુત્ર ! આ તાહરા કાકા થાય, ને તું તો મુનિઓનો અપરાધ કર્યા કરે છે. માટે જો તમે દીક્ષા અંગીકાર કરો, તો તે તમને સ્વસ્થ કરશે, નહિ તો વેદનાથી અવશ્યમેવ મૃત્યુ પામશો. બહુજ પીડાતા તેઓએ તે વાતની હા કહી. પછી મુનિએ તેમને સ્વસ્થ કર્યા. એટલે તેઓએ દીક્ષા ગ્રહણ કરી. રાજા પણ સાગરચંદ્ર રૂષિ પાસે ધર્મ સાંભળી સવિશેષ પુન્ય કરતો સાત ક્ષેત્રમાં દ્રવ્ય વાપરવા લાગ્યો. રાજપુત્ર અને પુરોહિત પુત્ર બન્ને જણ શુદ્ધ ચારિત્ર પાળવા લાગ્યા. પુરોહિતનો પુત્ર બ્રાહ્મણ હોવાથી કોઇક વખતે કહેતો કે, સાધુના ધર્મમાં પવિત્રતા નથી. એમ કહીને મળ વિગેરે જોઇ દુગંછા કરતો. પછી તેઓ અનુક્રમે મૃત્યુ પામીને દેવતા થયા. સ્વર્ગનું સુખ અનુભવતા બન્ને પૂર્વભવના સ્નેહને લીધે પરસ્પર કહેવા લાગ્યા. આપણા બેમાંથી જે પહેલો ચ્યવીને

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

મનુષ્ય થાય, તેને બીજાએ આવીને ધર્મનો બોધ પમાડવો
હવે પ્રથમ પુરોહિતના પુત્રનો જીવ સ્વર્ગથી ચ્યવીને રાજગૃહ નગરમાં ચાંડાળની સ્ત્રીની કૂખે આવ્યો. તે સ્ત્રી કોઈ શેઠને ત્યાં કામકાજ કરે છે. શેઠની સ્ત્રીને માંસ ભક્ષણનો ડોહળો ઉત્પન્ન થયો. તે ડોહળો ચાંડાળની સ્ત્રીએ માંસ લાવી આપીને પૂર્ણ કર્યો. તેથી શેઠની સ્ત્રીની તેણીના ઉપર પ્રીતિ થઈ.

એકદા શેઠની સ્ત્રીને ચાંડાળની સ્ત્રી કહેવા લાગી. અરે સખી! હમણાં તારૂં મન ઉદાસીન કેમ જણાય છે? તને તારા સ્વામી તરફથી દુઃખ છે? અથવા બીજું કોઈ કલેશનું કારણ છે? શેઠની સ્ત્રીએ કહયું. મારા મનનું દુઃખ કોની પાસે કહું? મને જે બાળક અવતરે છે, તે કર્મ-યોગે જીવતું નથી. શું કરવું? ચાંડાળની સ્ત્રીએ કહયું— મારે અને તારે સાથે ગર્ભ રહયો છે અને મારે પુત્ર જ થાય છે. મારે બાળક અવતરશે, ત્યારે આપણે એ અદલ બદલ કરીશું. પછી બાળક અવતર્યા એટલે તેણીઓએ તેમને ફેરવી નાંખ્યા. જ્યારે ચાંડાળની સ્ત્રી શેઠને ઘેર આવી, ત્યારે શેઠાણી કહેવા લાગી. આ તારો પુત્ર વૃદ્ધિ પામે છે. તે ઉપરથી શેઠે તે પુત્રનું જન્મોત્સવપૂર્વક મેતાર્ય એવું નામ પાડયું. હવે શેઠથી લાલન પાલન કરાતો તે પુત્ર શાસ્ત્રાદિનો અભ્યાસ કરતો સોળ વર્ષની વયે પહોંચ્યો.

હવે પેલા સ્વર્ગમાં રહેલા બીજા દેવતાએ આવીને મેતાર્યને પોતાનું સ્વરુપ કહ્યું કે આપણે બન્ને સ્વર્ગમાં હતા, ત્યારે પ્રતિજ્ઞા કરી હતી તે યાદ છે કે, ભૂલી ગયો? માટે હવે આ અવસર છે. દીક્ષા ગ્રહણ કર.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

કારણ કે હજારો ઇંદ્રો અને સેંકડો ચક્રવર્તીઓ પણ (વાયુથી દીપકની પેઠે) કાળથી નાશ પામી ગયા છે. વળી આ શરીર છે તે નાશવંત છે, સંપત્તિ છે તે આપત્તિ યુક્ત છે અને સંબંધીનો મેળાપ છે તે સ્વપ્ન સમાન છે.

આ પ્રમાણે દેવે બહુ પ્રકારે પ્રબોધ્યો પણ તે વૈરાગ્ય પામ્યો નહી. પછી શ્રેષ્ઠીએ મેતાર્યનો આઠ કન્યાઓ સાથે વિવાહ કર્યો. શુભ દિવસે લગ્નને અવસરે પરણવાને માટે મેતાર્ય શિબિકામાં બેસીને રાજમાર્ગે ચાલવા લાગ્યો.

હવે મેતાર્યના પૂર્વભવનો મિત્ર દેવ. તે ચાંડાળના શરીરમાં પ્રવેશ કરીને બોલવા લાગ્યો કે, હે સ્ત્રી ! આપણો પુત્ર જો મૃત્યુ ન પામ્યો હોત તો, હું પણ તેનો આ પ્રમાણે મહોત્સવ પૂર્વક લગ્નવિધિ કરત. એ ઉપરથી ચાંડાળની સ્ત્રીએ પોતાના પુત્રનું ખરું સ્વરૂપ કહી દીધું. તેથી તે ચાંડાળ રોષે ભરાઇને રાજ્યમાર્ગ ઉપર આવીને મેતાર્યને શિબિકામાંથી ઉતારીને સર્વ લોકના દેખતાં કહેવા લાગ્યો. હે પુત્ર ! તું કેમ મારા કુળને વિષે ઉત્પન્ન થઇને આવી કન્યાને પરણે છે ? તારે તો આપણા કુળને સરખીજ કન્યા પરણવી જોઇએ. માટે આ કન્યાઓને છોડી દઇને આપણે ઘેર ચાલ. યોગ્ય કન્યા સાથે વિવાહ કર. એમ કહીને સર્વના દેખતાં તે ચાંડાળ મેતાર્યને પોતાને ઘેર લઇ ગયો. તે કન્યાઓને માતા પિતા પોત પોતાને ઘેર લઇ ગયા.

ત્યાં પેલો દેવ પ્રત્યક્ષ થઇને મેતાર્યને કહેવા લાગ્યો આપણે પૂર્વ સ્વર્ગમાં હતા, ત્યારે વાત થઇ હતી કે, એકે બીજાને પ્રતિબોધ પમાડવો. એ ઉપરથી મેં આવીને તને બોધ આપવા માંડયો પણ તને તે લાગ્યો નહી; તેથી મારે

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

ફરી આમ કરવું પડયું છે. માટે હવે દીક્ષા ગ્રહણ કરીને મનુષ્ય જન્મ સફળ કર. મેતાર્યે પણ કહ્યું. તેં મને વિષય સેવન થકી નિવાર્યો છે તે બહુ સારૂં કર્યું છે, પણ તેં મને લોકોમાં વગોવ્યો છે, તે મને સાલે છે. દેવે કહ્યું. સંસાર તો વિરસ છે.

કારણ કે, પ્રાણથી પણ જે વધારે વલ્લભ છે અને જેના વિના એક ક્ષણવાર પણ રહી શકાતુ નથી એવા એવાનો પણ વિયોગ સહન કરવો પડે છે. અહો! આ સંસારની સ્થિતિ આ પ્રમાણે મહાકષ્ટદાયી છે. વળી કાળને કંઈ વહાલું નથી, લક્ષ્મીને કોઈ પ્રિય નથી અને વૃદ્ધાવસ્થામાં કોઇ સગાં નથી; તો પણ તું અહિં કેમ ધીરજ રાખીને નિરાંતે બેસી રહયો છે ?

ત્યારે મેતાર્યે કહયું 'જો તું મ્હારૂં કલંક ઉતારીશ તો બાર વર્ષ સુધી ભોગ ભોગવીને પછી હું તારૂં કહયું કરીશ. વળી તું કૃપાળુ છે તેથી એમ જરૂર કર.' એ ઉપરથી તે દેવતા પ્રસન્ન થઇને તેને રત્નના સમૂહને આપે એવો એક બોકડો આપીને કાંઈક વિદ્યા કહીને સ્વર્ગે ગયો

પછી તે બોકડો જે રત્નનો સમૂહ આપતો, તેનો થાળ ભરીને મેતાર્યનો પિતા રોજ રાજાને ભેટ આપીને પુત્રને અર્થે કન્યા માગવા લાગ્યો. મંત્રીએ તેને કાઢી મૂકયો છતાં પણ તે હંમેશા એમ કરવા લાગ્યો. તે રત્નોનાં કિરણ સર્વ દિશાઓમાં પ્રસરતાં હતાં. એવા તે રત્નો જોઈને પણ હર્ષિત થયેલા રાજાને પોતાની પુત્રી આપવાનુ મન થયું નહિ.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

એકદા અભયકુમારને તે ચાંડાળને અભય આપીને કહ્યું કે, 'તું એ રત્નો કયાંથી લાવે છે ? ચાંડાળે બોકડાનું સ્વરૂપ કહ્યું. તે ઉપરથી અભયકુમારે તે વાત રાજાને કહીને પેલા બોકડાને પોતાને ઘેર આણ્યો; પણ ત્યાં તો તે બોકડો રત્નોને બદલે દુર્ગંધ કરવા લાગ્યો. તેથી તે ચાંડાળને પાછો આપ્યો. અભયકુમારે રાજાને કહ્યું, 'એ બોકડો તો એનેજ ઘેર રત્નનો સમૂહ વરસાવે છે. તેથી એ કોઇ દેવતાનાં ચેષ્ટિત છે. માટે એ ચાંડાળ લાગે છે, પણ છે કોઇ ઉત્તમ પુરુષ. માટે પરીક્ષા કરો,' અભયકુમારે તે ચંડાળને બોલાવીને 'પિતાનું વચન છે' એમ કહી કહ્યું કે મહાવીર સ્વામી વૈભારગિરિ ઉપર આવેલા છે, ત્યાંથી અહિં સુધીનો માર્ગ બહુ વિષમ છે, માટે તારે તે સડક કરાવીને સુગમ બનાવવો. 'દેવતાની સહાયથી તુરત તેણે એ પ્રમાણે કર્યું. વળી રાજાના આદેશથી તેણે રાજગૃહિનો કિલ્લો સુવર્ણના કાંગરાવાળો બનાવરાવ્યો.' વળી અભયકુમારે કહ્યુ. જો તું તારા પુત્રને પ્રથમ કિલ્લા સરખા ઉંચા સમુદ્રના પ્રવાહમાં સ્નાન કરાવે, તો તારા પુત્રને જરૂર રાજા પોતાની પુત્રી આપશે.' એટલે દેવતાની સહાયથી સમુદ્રમાં પોતાના પુત્રને સર્વ લોકના દેખતાં તેણે સ્નાન કરાવ્યું. તો પણ રાજાએ તેને પોતાની પુત્રી આપી નહી.

ત્યારે અભયકુમારે કહ્યું. 'પૂર્વે તો સર્વ એક વર્ણનાજ હતા. ત્યારે શું ઉત્તમ મધ્યમ વિવાહ નહોતો થતો ? અભયકુમારનું આવા પ્રકારનું બોલવું સાંભળીને શ્રેણિક રાજાએ પોતાની પુત્રી મેતાર્યને આપી, પૂર્વે વરાવેલી કન્યાઓનાં પણ તેની સાથે લગ્ન થયાં. રાજાએ તેને એક ઘર આપ્યું. તેમાં તેણે ભોગ ભોગવી બાર વર્ષ વ્યતિક્રમણ કર્યા.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

વળી દેવે તેને પ્રતિબોધવો શરૂ કર્યો. આ વખતે તો તે વૈરાગ્ય પામ્યો. તેથી પોતાના પુત્રને પોતાની સર્વ લક્ષ્મી સોંપીને પોતે ગુરૂની પાસે વ્રત ગ્રહણ કર્યું. અનુક્રમે તેને જિનકલ્પિ વિહાર આદર્યો.

એકદા મેતાર્ય મુનિ ગૌચરીએ ફરતા ફરતા એક સોનીને ઘેર જઇ ચડયા. ત્યાં એવું બન્યું કે શ્રેણિક રાજા હંમેશા ત્રિકાળ જિનપૂજન કરતો. તેને માટે તે સોની હંમેશા સુવર્ણના જવ બનાવતો હતો. તે પડતા મૂકીને મુનિને વહોરાવવા માટે ઘરમાં ગયો. તેટલામાં એક કૌંચ પક્ષી આવી તે જવ ચરી ગયું. બહાર આવીને સોનીએ જોયું તો જવ મળે નહી! ત્યારે તેણે મેતાર્ય મુનિને પૂછ્યું. 'આ મારા સુવર્ણના જવ કયાં ગયા? તમે લીધા કે કોઈ બીજુ લઇ ગયું?' મુનિએ વિચાર્યું કે, 'કહી દઈશ તો એ કૌંચપક્ષીને મારી નાંખશે.' એમ ધારીને તે બોલ્યા વગર મૌન રહ્યા. તે ઉપરથી સુવર્ણકાર બોલ્યો. 'તમે જ ચોર છો.' એમ કહીને તેણે તેમનું મસ્તક લીલી વાધર વડે દઢ વીટયું, જીવદયા ચિંતવતાં મુનિનાં ચક્ષુ નીકળી પડયાં અને તેમને તેજ વખતે કેવલજ્ઞાન ઉત્પન્ન થયું ને આયુષ્ય પૂર્ણ થયું. તેથી કાળ કરીને તેજ વખતે મુક્તિ પહોંચ્યા,

હવે પેલો કૌંચપક્ષી ડોક હલાવતો, જે હજુ આંગણામાંજ હતો, તેણે મુનિ પડયા, તેના ભયથી પેલા જવ કાઢી નાંખ્યા. તે જવને પડતા જોઇને લોકો કહેવા લાગ્યા 'અહો! આ સોનીએ રાજાના જમાઇ–મુનિનો વ્યર્થ ઘાત કર્યો. માટે રાજા એનો સહકુટુંબ વધ કરશે.' રાજાએ પણ

P. P. Ac. Gunratnasuriji M.S. Jin Gun Aaradhak Trust

તે વાત જાણીને સેવકોને તેને મારી નાંખવા મોકલ્યા; પણ તેઓ આવ્યા પહેલાં તેને સારી મતિ સૂઝી આવી એટલે તેણે સહકુટુંબ મુનિનો વેષ ગ્રહણ કરી લીધો.

કહ્યું છે કે—લજ્જાથી, ભયથી, વિતર્કથી, વિધિથી અહંકારથી, સ્નેહથી, લોભથી, હઠ-અભિમાનથી, વિનય, શૃંગાર યા કીર્તિને લીધે, વળી દુઃખથી, કૌતુક-વિસ્મય ભાવ કે કુળાચારને લીધે, અથવા તો વૈરાગથીજ જે માણસ નિર્મળ એવા એવા ધર્મને આદરે છે, તો મહાન ફળ મેળવે છે.

—સુભટો તો જોઈને પાછા રાજા પાસે ગયા. ત્યાં હકી કત જોઈ હતી તેવી કહી. તે ઉપરથી રાજાપોતે ત્યાં આવ્યો અને કહેવા લાગ્યો. 'જો તમારામાંથી કોઈ પણ દીક્ષા ત્યજી દેશે તો, હું તેનો ઘાત કરાવીશ. તમે દીક્ષા લીધી છે તેથી હું તમને છોડી દઉં છું.' પછી તે સુવર્ણકારે શ્રી વીર ભગવાન્ પાસે જઇને સહકુટુંબ સંયમ અંગીકાર કર્યો અનુક્રમે તે સર્વે મોક્ષસુખના ભોક્તા થયા.

ઇતિ મેતાર્યમુનિની કથા

卐

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

# સ્થુલભદ્ર

સંતોષરૂપી ઐશ્વર્યના વાંછક એવા પુરૂષો રાજ્યને પસંદ કરતા નથી. જેવી રીતે કે, સ્થુલભદ્રે મંત્રીની પદવી ત્યજી દઇને સંયમ અંગીકાર કર્યો.

પાટલીપુત્ર નગરને વિષે નવમો નંદરાજા રાજ્ય કરતો હતો. તેને કલ્પક વંશનો શકટાળ નામે મંત્રી હતો. તેને લક્ષ્મીવતી નામની સ્ત્રી, સ્થુલભદ્ર અને શ્રીયક નામના બે પુત્રો તથા સાત પુત્રીઓ હતી.

શકટાળ મંત્રી દેવગત થયા પછી નંદરાજાએ રિવાજ પ્રમાણે તેના પુત્ર શ્રીયકને પ્રધાન પદવી લેવાનું કહ્યું. તેણે કહ્યું મારા મ્હોટા ભાઇ સ્થુલભદ્ર છે. કોશ્યા ગણિકાને ઘેર બાર વર્ષ થયાં રહે છે, તેને બોલાવીને એ પદવી આપો. તે ઉપરથી રાજાએ સેવકોને મોકલીને તેને બોલાવ્યો. તે આવીને નમન કરીને ઉભો રહ્યો. રાજાએ તેને સન્માન પૂર્વક કહ્યું. તારા પિતા મૃત્યુ પામ્યા છે, માટે એ પદ ક્રમ પ્રમાણે તું ગ્રહણ કર સ્થુલભદ્રે રાજાને કહ્યું. આપનું કહેવું પ્રમાણ કરૂં છું, પણ વિચાર કરીને ગ્રહણ કરીશ. એમ કહીને તે અશોકવનમાં ગયો. ત્યાં જઇને વિચારવા લાગ્યો. જો એ પદ હું ગ્રહણ કરીશ તો હું પરવશ થઇશ પરંતુ તેમ કરવાથી એમ પણ થશે કે, તેમના વિચાર પ્રમાણે નહિ અનુસરૂં તો તે રૂષ્ટ થઈ પ્રાણ પણ લે.

માટે જ કહ્યું છે કે–દરિદ્ર, રોગી, મૂર્ખ, કાસદ ને નિત્ય–સેવક એ પાંચે જણ જીવતા છતાં મૃત્યુ પામેલા



P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

જેવા સમજવા. ખરેખરા સુખી તો તેજ જાણ કે, જેઓ ભોગ વિલાસને ત્યજીને મુક્તિસુખને દેનારુ એવું સંયમ અંગીકાર કરે છે.

આવો વિચાર કરી લોચ કરીને મુખવસ્ત્રિકા અને રજો હરણ સહિત તેણે રાજા પાસે જઈ ધર્મલાભ કહયો. રાજાએ કિમ આલોચિતમ ? શું વિચાર કર્યો ? સ્થુલભદ્રે ઉત્તર આપ્યો કે હા જી, મેં લોચિતમ લોચ કર્યો. એ વ્યાપારે મારે સર્યું. મારે એ મુદ્રા વ્યાપાર નહિ જોઇએ.

કારણ કે, વ્યાપાર પાંચ મુદ્રાવાળો છે જેમ કે-હાથને વિષે મુદ્રા, મુખે મુદ્રા બન્ને પગે બે મુદ્રા અને ત્યાર પછી ઘરને વિષે પણ મુદ્રા; એ પ્રમાણે વ્યાપાર પાંચ મુદ્રાવાળો છે.

એમ કહીને ધર્મલાભ દઇ તેમણે શ્રી સંભૂતિવિજય આચાર્ય પાસે જઇને સર્વ સાવદ્ય વ્યાપાર ત્યાગ રૂપી દીક્ષા ગ્રહણ કરી. પાછળ રાજાએ શ્રીયકને મંત્રીપદ આપ્યું. તેણે પણ સ્થૂલભદ્રના વિયોગથી પીડાતી કોશ્યા વેશ્યાને બોધ પમાડીને શોક ઉતરાવ્યો.

હવે સ્થુલભદ્ર મુનિ ગુરૂના ચરણની સેવા કરતા તપશ્ચર્યાદિ કરતા કરતા અભ્યાસ કરવા લાગ્યા. એકવાર વર્ષા ઋતુ શરૂ થયા. પહેલાં ત્રણ શિષ્યોએ સંભૂતિવિજય ગુરૂ પાસે આવીને એવો અભિગ્રહ લીધો—એકે કહ્યું કે, હું ચારે મહિના સિંહની ગુફા પાસે કાયોત્સર્ગે રહીશ. બીજાએ કહ્યું કે હુ સર્પના બીલ પાસે ચાર મહિના સુધી કાયોત્સર્ગે રહું ત્રીજાએ કહયું કે, હું કૂવાના ભારવટિયા ઉપર કાયોત્સર્ગે

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

રહી ચોમાસુ નિર્ગમન કરીશ. તે વખતે સ્થુલભદ્રે આવીને કહ્યું હે ભગવન્ ! હું કોશ્યા ગણિકાની ચિત્રશાળાને વિષે ષટ્-રસ ભોજન લેતો છતો ચોમાસુ પૂર્ણ કરીશ. ગુરૂએ સર્વને કહ્યું, સૌ પોત પોતાના વાંછિત સ્થાનકે જાઓ, પણ ત્યાં તમારે ધર્મને વિષે તત્પરજ રહેવું.

પછી પેલા ત્રણે શિષ્યો પોત પોતાને ઇચ્છિત સ્થાનકે જઈને રહ્યા. સ્થુલભદ્ર પણ ગુરૂને નમીને કોશ્યા વેશ્યાને ઘેર ગયા. ત્યાં તો તેમને જોઈને તે તુરત જ અંજલિ જોડીને ઉભી થઈને તેમને સન્માન પૂર્વક કહેવા લાગી. પધારો, સ્વામિ પધારો. આદેશ હોય તે ફરમાવો. આપને જે રૂચે તે કરવાને દાસી તૈયાર છે. સ્થુલભદ્રે કહ્યું. તને ધર્મનો લાભ થાઓ તારી ચિત્રશાળા મને ચોમાસુ રહેવાને અર્પણ કર એટલે સજ્જ કરાવીને તેણીએ તેમને સોંપી. કોશ્યાની રજા લેઈ તેમાં તે રહયા. વેશ્યાએ વિચાર્યું કે સુકુમાર દેહવાળા એ કુમાર વ્રત ભાર નહિ સહન કરી શકવાથી અહિં પાછા આવ્યા છે. લજ્જાને લીધે તે હમણાં કંઈ નહી બોલે, અનુક્રમે બોલશે અને મને લક્ષ્મી આપશે. એને હું ક્ષણવારમાં ચાતુર્ય અને શૃંગાર રસરુપી સમુદ્રમાં ડુબાવીશ.

એમ વિચારીને તે વેશ્યા બાકણ, સંબાકણ અને સંબાનેય એ ત્રણ પ્રકારના ધાન્યથી, તથા દૂધ, દહિં, ઘી, કાંજી છાશ આદિ એ છ રસોથી; તથા ઈક્ષુરસ, લતા, પુત્ર પુષ્પ અને ફળ આદિ એ છ પ્રકારના શાકથી મુનિને જમાડવા લાગી. તેમના જમી રહયા પછી પડી રહેલું ભોજન તે જમતી, વેશ્યા અનેક મનોરથ કરતી દુઃસહ ભૃકુટીરુપ બાણુને હલાવતી મુનિની પાસે આવતી, તો પણ તેણીની

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

બહારની સ્થિતિ કે, બહારનું રૂપ જોઇને તે મુનિ રક્ત થયા નહી; પણ તેણીની અંતરંગની મલિન સ્થિતિ જોઇને તે વિરક્ત થયા ? વેશ્યા તેમને મોહ પમાડવાને જે જે ઉપાયો કરવા લાગી તે તે આકાશમાં ચિત્રની રચના અને જળને વિષે દીપકની જેમ નિષ્ફળ થયા.

આમ તે કોશ્યા નિત્ય નિત્ય તેને ક્ષોભ પમાડવાને નવીન નવીન શોભા કરે છે. પણ સ્થુલભદ્ર મુનિ ધ્યાનરૂપી રસથી ડગ્યા નહી. ઉલટું તેણીના ઉપસર્ગથી જેમ પુષ્કળ પ્રહાર વાગવાથી વીર પુરુષનું સત્વ વધારે ને વધારે પ્રકાશે, તેમ તેમનું ધ્યાન વધારે દીપવા લાગ્યું. પછી હાવભાવ બતાવીને તેમના ચરણમાં પડીને તેણીએ ભોગ સુખાદિક માટે પૂર્વની પેઠે તેમને મનાવવા માંડયા. ત્યારે સ્થુલભદ્ર મુનિ બોલ્યા. 'હે કોશ્યા ! આ જીવે બહુ ભોગ ભોગવ્યા છે, પરંતુ તૃપ્તિ પામ્યો નથી.

કહયું છે કે– કામભોગ શલ્ય છે, કામભોગ વિષ છે અને કામભોગ આસીવિષ (સર્પની દાઢમાં રહેલા) ઝેર જેવા છે. તે કામભોગ ભોગવ્યા વિના તેની માત્ર ઇચ્છા કરવાથી પણ જીવો દુર્ગતિમાં જાય છે. વળી ચેતના રહિત વસ્તુને વિષે પણ રાગ તે દ્વેષને પોષવાને અર્થે જ છે. કારણ કે મજીઠમાં રંગ છે તો તેને બહું ખંડાવું પડે છે. ને અત્યંત તાપ સહન કરવો પડે છે. વળી મૃતિકા જેવા એકેંદ્રિય જીવને પણ રંગના દોષને લીધે વિષ્ટામાં નંખાવું, તથા પત્થરથી પીલાવાનું સહન કરવું પડે છે. વિષય તો ફક્ત કાયર પુરુષનેજ વિહ્વળ કરે છે, પણ ઉત્તમ પુરુષને નહી. જેમકે તંતુ છે તે મચ્છરને બાંધી શકે છે, પણ હસ્તિને બાંધી શકતો નથી. વળી મૈથુન સંજ્ઞામાં આરુઢ

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

થયેલો જીવ, નવ લાખ સૂક્ષ્મ જીવોને હણે છે, એમ આગમમાં કહ્યું છે. માટે મૈથુન તે જીવોની પહેલી હિંસા છે.

સ્થુલભદ્રે કહેલાં આવાં ધર્મના ઉપદેશથી કોશ્યા વેશ્યાએ પોતાનો કુળાચાર ધર્મ છોડીને શ્રાવક ધર્મ અંગીકાર કર્યો.

''પૂર્ણ ભાગ્ય વિના કુમાર્ગ ત્યજી શકાતો નથી. જે સ્ત્રી પુરુષો સન્માર્ગગામી હોય છે, તેજ મોક્ષલક્ષ્મીના ભોક્તા થાય છે.

સ્થુલભદ્ર મુનિએ આ પ્રમાણે ઇંદ્રિયો ઉપર જીત મેળવી. તે જોઈને કોશ્યાએ પણ એમ અભિગ્રહ કર્યો કે, 'રાજા પ્રસન્ન થઇને જે પુરુષને મારી પાસે મોકલે, તે પુરૂષ સિવાય બીજા બધા હવે મારે ભાઈ સમાન છે.'

ચોમાસુ પૂર્ણ થએ સ્થુલભદ્ર ગુરુ સમીપે આવ્યા. બીજા ત્રણ શિષ્યો પણ પોતપોતાના અભિગ્રહ પૂર્ણ થએ ત્યાં આવ્યા. તે ત્રણને જોઇને ગુરૂએ કહ્યું. 'અહો! તમે દુષ્કર કર્યું છે! પણ સ્થુલભદ્રને તેમણે ઉઠીને એમ કહ્યું કે, 'અહો! તમે અતિ દુષ્કર કર્યું છે!!!' તે ઉપરથી તે ત્રણે મુનિઓ વિચારવા લાગ્યા. 'આપણે સામાન્ય કુળમાં જન્મેલા છીએ અને આ સ્થુલભદ્દ તો શકટાળ મંત્રીનો પુત્ર ખરોને! તેથી ગુરુએ એને એ પ્રમાણે અતિ દુષ્કર-કારક એમ કહ્યું.

ષડ્ રસના આહારના ભોગવનારાની તેમણે પ્રશંસા કરી બત્રીશ લક્ષણવાળા વલયથી કોશ્યા વેશ્યાને વિષે આશકિત પામેલ સ્થુલભદ્રે વ્રતનું આચરણ કરીને વિશ્વને જીતનાર એવા કામને, બોધરૂપી શાસ્ત્રથી મારીને ગુરૂના પ્રાસાદથી 'આ દુષ્કરકારક કર્યું'' એવું પદ મેળવ્યું.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

પેલા ત્રણ દુષ્કરકારક મુનિઓ વળી કહેવા લાગ્યા કે, 'ગુરૂને પણ કાંઈક અધિક છે, ને કોઇ ઓછા છે! માટે હવે આપણે આવતા ચોમાસામાં દુષ્કર દુષ્કરકારક થઇશું' એવો નિશ્ચય કરીને તે ત્રણેએ મહા કષ્ટે આઠ મહિના કાઢયા.

હવે ચામાસુ આવ્યું ત્યારે સિંહગુફામાં રહેલા મુનિએ આચાર્યને કહ્યું. 'હું સ્થુલભદ્રે કર્યું તેમ કરીશ.' ગુરૂએ કહ્યું. 'હે મહાનુભાવ! સ્થુલદ્રે જે કર્યું છે, તે કોઇ નહી કરી શકે!' તારે વળી સ્થુલભદ્રનો વાદ શો? સૂર્ય વિના બીજો દિવસ ન કરી શકે. ચંદ્ર વિના બીજો કોણ અમૃત ઝરે? પાણી વિના બીજો કોણ ધાન્ય નિપજાવે? અને ચક્રવર્તિ સિવાય બીજો કોણ છ ખંડ સાધી શકે? માટે તેં આવો અભિગ્રહ કર્યો છે, તે તારૂં પૂર્વનું પુણ્ય પણ નાશ કરશે.'

સંભૂતિવિજય આચાર્યે આ પ્રમાણે બહુ નિષેધ કર્યો છતાં તે નહિ માની તે મુનિ કોશ્યાના આવાસ પ્રત્યે આવ્યો. ત્યાં તેણે તેણીની ચિત્રશાળા માગી. જે તેણીએ આપી. કોશ્યાએ જાણ્યું કે, સ્થુલભદ્ર ઉપર વાદને લીધે તે મુનિ અહિં આવ્યા છે. તે ઉપરથી તેણીએ તેમને છ રસ યુક્ત આહાર જમાડયો. પછી ઉન્નતસ્તની એવી વેશ્યા શૃંગાર, હાવ ભાવ વિગેરે વિલાસ કરતી મુનિ પાસે આવી ઉભી. તેને જાઇને મુનિ ક્ષોભ પામ્યા.

કહ્યું છે કે—સારા અવયવે યુકત એવી સ્ત્રીને દેખીને કોણ ન પડે? અગ્નિએ કોણ ન બળે? લક્ષ્મીથી કોણ ન મોહ પામે? અને વિધાત્રાને વશ કોણ ન થાય?

હવે કામાતુર અને ભોગની વાંછાવાળા મુનિને જોઇને

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

વેશ્યાએ કહ્યું. અમારે દ્રવ્ય જોઇએ. દ્રવ્ય વિના કોઇ આવા ભોગ ભોગવી શકે નહી.' તે ઉપરથી કામાતુર સાધુ બોલ્યા. મારી પાસે હાલ કંઇ નથી, પછી હું આપીશ '-હવે તે વેશ્યા તેમને પ્રતિબોધ પમાડવાને બોલી. 'જો ભોગની વાંછા હોય તો નેપાળ દેશને વિષે જાઓ, ત્યાંનો રાજા સાધુઓને લક્ષ મૂલ્યવાળી રત્નકંબળ આપે છે. તે લઇ આવો ને પછી તમારૂં ઇચ્છિત કરો.'

કામાતુર મુનિ તો ચોમાસું છતાં પણ નેપાળ દેશમાં ગયા. ત્યાંથી રત્નકંબળ લઇને પાછા વળ્યા રસ્તામાં પલ્લિપતિનો પોપટ બોલ્યો. 'લક્ષ જાય છે', એ સાંભળીને પલ્લિપતિએ જાણ્યું કે, સાધુ પાસે લક્ષ મૂલ્યની વસ્તુ છે. તે ઉપરથી તેમની પાસેથી કંબળ લઇ લીધી. તેથી સાધુને ફરી નેપાળ જવું પડ્યું. રૂપ બદલવું પડ્યું. એમ કરીને ફરી રત્નકંબળ લાવ્યા. તેને વાંસની પોલી નળીમાં સંતાડીને લાવ્યા. પોપટ બે ત્રણ વાર બોલ્યો 'લક્ષ જાય છે.' પણ પલ્લિપતિને જડી નહી. તેથી મહાકષ્ટે સાધુજી તે લઇને વેશ્યા પાસે આવ્યા. તે તેણીને આપી. વેશ્યાએ સ્નાન કરીને તેના વડે શરીર લૂછીને તે ઘરની ખાળને વિષે ફેંકી દીધી ? સાધુએ કહ્યું. 'અરે કોસ્યા ! આ મહા મૂલ્યવાળી રત્નકંબળ અત્યંત કષ્ટે પ્રાપ્ત કરી છે, તેને તું કેમ ખાળમાં ફેંકી દે છે !' વેશ્યાએ કહ્યું. 'અરે મૂર્ખ સાધુ ! એનો શો શોચ કરે છે ? આ મહાકષ્ટે ઉપાર્જન કરેલો મનુષ્ય અવતાર, વળી તે પણ શુદ્ધ ચારિત્ર યુક્ત તેને મારા મળમૂત્ર સહિત એવા શરીરમાં ફેંકી દેતાં કેમ શોક થતો નથી ? આ સાંભળીને મુનિને કામરાગ વિષ સમાન થઈ પડ્યો. એટલે વેશ્યાએ વૈરાગ્ય પમાડ્યો છે જેને એવા

મુનિ બોલ્યા. 'હે સુખની દેનારી ! હું મહા મોહજાળમાં પડયો. મારો તારા જેવી વેશ્યાએ ચતુરાઈ યુક્ત પ્રપંચ કરીને ઉદ્ધાર કર્યો છે. આ જે અતિચાર મને લાગ્યા છે તે આળોવીને હું પાપ રહિત થઇશ. હવે હું ગુરૂ પાસે જઉં છું. તને હંમેશાં ધર્મલાભ થાઓ.' કોશ્યાએ કહયું. 'હે પ્રભો ! બ્રહ્મચારી એવા આપને પણ મેં પ્રતિબોધવાને અર્થે જે આશાતના કરી હોય, તે તમે ક્ષમા કરજો '

હવે સ્થુલભદ્ર મુનિની સ્તુતિ કરે છે :– પર્વતની ગુફામાં કે, માણસો વિનાના વનમાં વાસ કરીને તો હજારો જણ ઇન્દ્રિયો વશ રાખી શકે, પરંતુ અતિ મનોહર એવી હવેલીઓમાં સ્ત્રી જનની સમીપે રહીને ઇન્દ્રિયો ઉપર નિગ્રહ રાખનાર તો શકટાળ પુત્ર સ્થુલભદ્ર એક જ છે ! કે, જે અગ્નિમાં પ્રવેશ કર્યા છતાં દાઝયો નહી; ખડ્ગના અગ્ર ભાગને પામ્યા છતાં પણ છેદાયો નહી; કાળા સર્પના ઘરમાં રહ્યો છતાં ડંશ પામ્યો નહી ! અને કાજળના ઘરમાં રહયા છતાં પણ જેને ડાઘ માત્ર લાગ્યો નહી !

સદા રાગવતી અને અનુસરનારી એવી વેશ્યાનો સંગ છતાં છ રસ યુક્ત ભોજન મળતાં છતાં, ઉત્તમ સ્થળ, મનોહર શરીર, તથા નવ યૌવનનો સમાગમ છતાં અને ચોમાસાનો કામોત્પાદક કાળ છતાં એ સઘળું વિરૂદ્ધ છતાં પણ જે મહા પુરૂષે કામદેવ ઉપર જીત મેળવી તે સ્ત્રીને પ્રબોધ પમાડવામાં કુશળ એવા સ્થુલભદ્રને નમસ્કાર થાઓ.

પછી વેશ્યાને ધર્મલાભ કહીને સિંહગુફાવાસી મુનિ ગુરુ પાસે આવ્યા, ત્યાં ગુરૂએ કહયું મહાનુભાગ, મારા નિષેધ છતાં પણ તું ત્યાં ગયો; મેં કહયું હતું કે સ્થુલભદ્રે કર્યું તે કોઈ કરી શકશે નહી. સ્થુલભદ્ર સમાન કોઇ નથી.'

હે કામદેવ ! આ સ્ત્રીઓ ત્હારાં મુખ્ય શસ્ત્ર છે. વળી વસંત, કોયલ, પંચમરાગ અને ચંદ્ર પ્રમુખ ત્હારા મુખ્ય વીરો છે. હરિ, શિવ, બ્રહ્મા વિગેરે ત્હારા સેવકો છે, છતાં એ ખેદયુક્ત છે કે, તું આવા એક મુનિથી પણ આશાભંગ થઇને હણાયો ! વળી હે રતિપતિ મદન ! આ સ્થુલભદ્ર મુનિને, નંદિષેણ, રથનેમિમુનીશ્વર અને આર્દ્રકુમાર તુલ્ય ગણ્યા; પણ તેં ન જાણ્યું કે, એ તો નેમિનાથ, જંબૂસ્વામી અને સુદર્શન શેઠની પેઠે ચોથા થઇને તને રણક્ષેત્રને વિષેજ હણશે. વલી સ્થુલભદ્ર અને નેમિનાથ એ બન્નેને સરખાવીએ તો, અમે તો સ્થુલભદ્રને જ ઉત્તમ વીર માનીશું; કારણ કે નેમિનાથે તો ગિરનાર પર્વત ઉપર ચઢીને મોહને જીત્યો, પણ સ્થુલભદ્રે તો મોહનાજ કિલ્લામાં પ્રવેશ કરીને તે મોહને જીત્યો. વળી અસ્થિર મનવાળા પુરુષોજ સ્ત્રીના વિભ્રમોથી મોહ પામે છે. પણ સ્થુલભદ્ર જેવા ધીર પુરૂષો એવા એવા સંકટને વષે પણ મોહ પામતા નથી. જેમકે, પાષાણ ચૂર્ણ થઇ શકે, પરંતુ વૈડૂર્યમણિ અગ્નિથી તપતાં છતાં પણ વિકૃતિ પામતો નથી.

હવે નંદ રાજાએ કોસ્યા વેશ્યાના ચરિત્ર સ્વરૂપને જાણીને એક કુશળ સુથારને તે વેસ્યા સોંપી. અર્થાત્ તે સૂથારને તે વેશ્યાને ઘેર મોકલ્યો. તે સૂથાર ત્યાં ગયો. ત્યાં વિષય રહિત એવી વેશ્યા, તે સુથારને પ્રતિબોધ પમાડવાને કહેવા લાગી. 'સ્થુલભદ્ર વિના બીજો કોઇ પુરૂષ ધર્મવાન ! કે કુશળ દેખાતો નથી.' તે ઉપરથી સ્થુલભદ્રની પ્રશંસાને નહિ સહન કરી શકવાથી, તે સુથારે પોતાની કળા દેખાડવા માટે શય્યામાં બેઠાં બેઠાંજ એક તીરથી આંબાની એક



P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

લુંબને વીંધી. પછી અર્દ્ધ ચંદ્રાકાર બાણથી તે લુંબનેજ છેદી ને મૂળ સહિત તે લુંબને લઇને વેશ્યાના હાથમાં આપી ! એમ કરીને તેણે વેશ્યાને કહ્યું કે, જોયું મહારૂં વિજ્ઞાન ?'

એ ઉપરથી કોસ્યાએ તેનો મદ ઉતારવાને સર્ષવના ઢગલા ઉપર સોય મૂકી તે ઉપર પુષ્પ મુકીને તેના ઉપર નૃત્ય કરવા માંડયું, પરંતુ સર્ષવ, સોય કે, પુષ્પ કિંચિત પણ હાલ્યાં નહી ! વેશ્યાની કળાથી સંતુષ્ટ થઇ સુથારે આદર સહિત કહ્યું. 'તને હું શું આપું ? હું ખરેખર તારો દાસ છું.' ત્યારે વેશ્યા બોલી. 'મેં કર્યું એ કંઈ એકે કળા નથી, એ તો પ્રાણીઓને પૂર્વના અભ્યાસથી જાતિ સિદ્ધજ છે.

કહ્યું છે કે—માછલાં પાણીમાં તરે છે, પક્ષીઓ આકાશમાં ઉડે છે અને દેવતાઓ ત્રણે જગતમાં ફરે છે. તે તેમને પ્રકૃતિથી જ સિદ્ધ છે. કંઈ આશ્ચર્યયુક્ત નથી. માટે તેં જે લુંબ આણી, તે અભ્યાસને લીધેજ મેં જે નૃત્ય કર્યું તે પણ અભ્યાસથીજ; માટે મેં અને તે જે કર્યું એ કંઈ દુષ્કર નથી; પરંતુ ભોગથીજ ઉજ્વળ છે શરીર જેનું એવા અને ભોગમાંજ ઉછરેલા એવા સ્થુલભદ્રે જે નહિ જાતિસિદ્ધ કે, નહિ અભ્યાસિત એવું કર્યું તેજ દુષ્કર કહેવાય. તેજ આશ્ચર્ય કર્ત્તા કહેવાય કે, જે સ્થુલભદ્રે કર્યું ! મારી સાથે બાર વર્ષ સુધી ભોગ ભોગવ્યા હતા, તેણે આવીને મારી ચિત્રશાળામાં રહીને છ રસનો આહાર લેતાં છતાં પણ અખંડ વ્રત પાળ્યું !' વળી વેશ્યા સુથારને કહેવા લાગી. 'એ પ્રમદારૂવી વનમાં નહિ ગૂંચ-

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

વાતાં બહાર નીકળી આવ્યો, માટે એણેજ દુષ્કર કાર્ય કર્યું".

આવું આવું વેશ્યાએ કહ્યું. ત્યારે સુથારે 'સ્થુલભદ્ર કોણ ?' એમ પૂછયું. તે ઉપરથી તેણીએ ઉત્તર આપ્યો, 'શકટાળ મંત્રીનો પુત્ર.' સુથારે કહ્યું. ત્યારે તો 'એવા પુરૂષનો તો હું દાસાનુદાસ છું.' એમ કહીને વૈરાગ્ય પામવાથી ભુપતિની રજા લઇને તેણે ગુરુની પાસે દીક્ષા ગ્રહણ કરી.

હવે એકદા બાર વર્ષ સુધી દુકાળ પડયો, તે વખતે સાધુઓનો સંઘ સમુદ્ર વાટે શ્રી ગુરૂની પાસે આવ્યો. આવો વિષમ સમય આવવાથી સાધુઓ ક્ષુધાથી પીડાતા હોય ભણુતા ગણુતા બંધ થયા. તેથી સૌ સિદ્ધાંતો વિસરી ગયાં.

તે ઉપરથી પાટલીપુત્ર નગરમાં સંઘ મળ્યો. ત્યાં જેને જે જે સૂત્ર આવડતાં હતાં તે તે એકઠાં કરીને *અગીઆર અંગ પૂર્ણ કર્યાં. ત્યારપછી શ્રી સંઘે બારમા દૃષ્ટિવાદ અંગ માટે બે સાધુઓને શ્રી ભદ્રબાહુસ્વામી પાસે મોકલ્યા તેમને પ્રણામ કરીને સાધુઓએ કહ્યું. 'તમને ગુરૂ મહારાજ પાટલીપુત્ર નગરમાં બોલાવે છે.' ભદ્રબાહુસ્વામી બોલ્યા. હમણાં મેં મહાપ્રાણ નામનું ધ્યાન આરંભ્યું છે. માટે મારાથી ત્યાં હમણાં આવી શકાશે નહી.,

સાધુંઓએ પાછા આવીને તે પ્રમાણે ગુરૂને કહ્યું., તે ઉપરથી ગુરુએ અને શ્રી સંઘે ફરીથી બે શિષ્યને ત્યાં મોક

---

* ૧ આચારાંગ, ૨ સૂયગડાંગ, ૩ ઠાણુંગ, ૪ સમવાયાંગ, ૫ ભગવતિ, ૬ જ્ઞાતાધર્મકથા, ૭ ઉપાસકદશાંગ, ૮ અતગડદશાંગ, ૯ અનુત્તરોવવાઇ, ૧૦ પ્રશ્નવ્યાકરણુ અને ૧૧ વિપાક,

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

લાવ્યા. તેમણે ભદ્રબાહુસ્વામીને પૂછયું. '**જે સંઘની** આજ્ઞા પ્રમાણે ન વર્તે, તેનો શો દંડ કરવો ?' શ્રી ભદ્રબાહુસ્વામિએ ઉત્તર આપ્યો. 'તેને શ્રી સંઘની બહાર મૂકવો, ત્યારે શિષ્યોએ તેમને કહ્યું 'આ વચનથી તો તમેજ **સંઘની** બહાર થયા.' ત્યારે ભદ્રબાહુ મુનિ બોલ્યા. 'મારે સંઘનો આદેશ પ્રમાણ છે. હમણાં હું એ મહાપ્રાણ ધ્યાનમાં છું, તેથી મ્હારે નવરાશ નથી તોપણ હું સાધુઓને સાત વાચના દઇશ. એક વાચના ગૌચરીએથી આવીને આપીશ, બીજી મધ્યાન્હે આપીશ, ત્રીજી બહારની ભૂમિથી પાછા આવીને, ચોથી સંધ્યા સમયે અને ત્રણ વાચના પ્રતિક્રમણ વખતે આપીશ. એમ કરવાથી શ્રીસંઘનું તેમજ મારું કાર્ય પણ થશે.'

આ **સાંભળી** તેમને નમીને બન્ને સાધુ પાછા વળ્યા. આવીને સંઘને સર્વ વાત કહી. તેથી હર્ષ પામીને **શ્રી** સંઘે સ્થુલભદ્ર પ્રમુખ પાંચસે સાધુને દૃષ્ટિવાદ શીખવાને મોકલ્યા. તેઓ તો ત્યાં જઇ ભણતા ભણતા ઉદ્વેગ પામી થોડું થોડું શીખી સૌ પોત પોતાને સ્થાનકે જતા રહ્યા; ફક્ત સ્થુલભદ્ર એકલા રહયા. ત્યારે સ્થુલભદ્રનું પણ મનભંગ જોઇને ગુરૂએ પૂછ્યું. 'કેમ ખેદ પામે છે ?' ઉત્તર મળ્યો કે, 'અલ્પવાચના આપો છો તેથી મને તૃપ્તિ **થતી** નથી.' ગુરુએ કહ્યું. 'ફિકર ન કર. મારુ ધ્યાન લગભગ પૂર્ણ થવા આવ્યું છે; માટે એ સમાપ્ત થશે કે, તુરત તને સંતોષ **થશે** ત્યાંસુધી પાઠ આપીશ' ધ્યાન પૂર્ણ **થએ** **ગુરુએ સ્થુલભદ્રને વાચના** આપવા માંડી, એટલે સ્થુલભદ્ર **બુદ્ધિવંત** હોવાથી **બે વસ્તુ** સિવાય દશ પૂર્વ શીખી ગયા.

હવે **શ્રીયક** પણ સંભૂતિવિજયનો ધર્મોપદેશ **સાંભળી**

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

વૈરાગ્ય પામી દીક્ષા લેવાને આતુર થયો. એટલે તેની સાથે તેની બ્હેનો બોલી, તમે દીક્ષા લેશો તો અમે પણ લેશું.' કેમકે સંયમ લક્ષ્મી ગ્રહણ કર્યા વિના સંસારનો પાર પામતો નથી. શ્રીયકે પોતાના પુત્ર શ્રીધરને મંત્રીપદે સ્થપાવી રાજાની આજ્ઞા લઈ સાતે બ્હેનોની સાથે દીક્ષા અંગીકાર કરી. શ્રી સંભૂતિવિજયની પાસે તે સર્વે ભણતાં ભણતાં તપશ્ચર્યા કરતાં વિહાર કરવા લાગ્યાં.

એકદા શ્રી પર્યુષણ પર્વ આવ્યાં, ત્યારે શ્રીયકની બ્હેનો યક્ષા વિગેરે તેને કહેવા લાગી. 'હે ભાઈ! આજે વાર્ષિક પર્વ દિવસ છે, માટે આજે તો પચ્ચખ્ખાણ કર; કારણ કે આવા પર્વને દિવસે દાન, પુણ્ય, તપ કરવાથી અનંત ફળ પ્રાપ્ત થાય છે.

કહ્યું છે કે—જે પ્રાણી એકાગ્ર ચિત્તે જિનશાસનની પૂજા પ્રભાવનામાં વૃદ્ધિ કરવા તત્પર રહે અને એકવીશ વખત કલ્પસૂત્ર સાંભળે, તે શીઘ્રપણે ભવસાગર તરી જાય.

બ્હેનોનું આવું કહેવું સાંભળી શ્રીયકે પોરિશી કરી ત્યારપછી તેણે સાઢ્ઢપોરિશીનું પચ્ચખ્ખાણ કર્યું. પછી પુરિમઢ્ઢનું, પછી અવઢ્ઢનું એમ અનુક્રમે ઉપવાસ કર્યો. આખો દિવસ મહોત્સવમાં નિર્ગમન કર્યો; પણ રાત્રિ તો મહા દુઃખદાઈ થઇ પડી! એટલે જેને પંચ પરમેષ્ઠિ નમસ્કારનું સ્મરણ કરાવ્યું છે એવો તે અંતે મૃત્યુ પામી પરલોકે ગયો.

ભાઇએ કાળ કર્યો તેથી યક્ષા સાધ્વી દુઃખથી ખેદ પામી શ્રી સંઘની આગળ કહેવા લાગી. 'મેં બહુ અવિ-

ચારિ કાર્ય કર્યું, તેથી મારા ભાઈએ કાળ કર્યો. એ પાપ થી હું કેમ છુંટીશ ? મેં સાધુનો ઘાત કર્યો, તેથી મારે નરક ગતિમાં જવું પડશે. માટે હવે હું આત્મઘાત કરીશ શ્રી સંઘે કહયું. 'એમાં તમારો દોષ નથી. એ તો તમે હિત બુદ્ધિએ એને ઉપવાસ કરાવ્યો. તમને પુણ્ય થશે ને તમારા ભાઈને પણ સ્વર્ગ પ્રાપ્ત થયું છે.' યક્ષાએ કહયું. પણ તે વાત જિનેશ્વર કહે તોજ હું સત્ય માનું.' એટલે શ્રી સંઘે કાયોત્સર્ગ કર્યો. તેથી શાસનદેવીએ યક્ષા સાધ્વી ને ધીમેથી ઉપાડીને શ્રી સીમંધરસ્વામી પાસે જઈ મૂકી. તેણીએ નમસ્કાર કરી પોતાના સંદેહ પૂછયા, ત્યારે અર્હત્ ભગવાને કહયું. એમાં તારો દોષ નથી. શ્રીયક બહુ કર્મોનો ક્ષય કરીને પહેલે દેવલોકે ગયો છે. ત્યાંથી તે મુકિત પામશે.' ત્યાં શ્રી સીમંધરસ્વામીએ ધર્મોપદેશ રુપ ચાર ચૂલિકા આપી. તે તેણીએ એકલીએજ ધારી લીધી.

હવે પોતાનો સંશય નિવારણ થયો એટલે તે જિનેશ્વરને વંદન કરી શાસનદેવીની સહાય્યથી પોતાને સ્થાનકે આવી ચારે ચૂલિકા તેણીએ શ્રી સંઘને આપી. પછી યક્ષા સંઘ સહિત ધર્મકાર્ય કરવા લાગી.

હવે એકદા તે સાતે બ્હેનો પોતાના ભાઈ સ્થુલભદ્રને વંદન કરવાને ગઈ. વનને વિષે શ્રી ગુરુપાદ સંભુતિવિજય આચાર્યને નમીને પુછયું. 'હે સ્વામીન્ ! અમારો ભાઈ કયાં છે ?' ગુરૂએ કહયું. 'આગળ જાઓ. અશોકવૃક્ષ આવશે. તેની પાસે તે એકાંતે સજ્ઝાય કરતો હશે.' બ્હેનો ત્યાં ગઈ, તો પોતાના ભાઈની જગ્યાએ તેણીઓએ સિંહને દીઠો. જોઈ ભય પામીને તેણીઓ પાછી આવતી રહી.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

આવીને ગુરૂને કહ્યું. 'અમારા ભાઈને સિંહ ભક્ષણ કરી ગયો છે; કારણ કે, ત્યાં તે નથી. ફકત એક સિંહ છે.' આચાર્યે કહ્યું. ખેદ ન કરો તમારો ભાઈ કુશળ વિદ્યમાન છે. ફરી જાઓ ને વંદન કરો' યક્ષાદિ સર્વ (બ્હેનો–) સાધ્વીઓ ત્યાં ફરી ગઈ ને સ્થુલદ્રને વાંદ્યા. તેણીઓએ ત્યાં ચમત્કાર પામીને પુછયું. એટલે સ્થુલભદ્રે 'એ સિંહનું રુપ મેં વિકુર્વ્યું હતું.' એમ કહ્યું. એ વાત સાધ્વીઓએ જઈને સંભૂતિવિજય્ર આચાર્યને કહી.

હવે સ્થુલભદ્ર સજઝાય કરીને ગુરુની પાસે વાચના લેવા આવ્યા. ગુરુએ કહ્યું. 'હુ તને હવે વાચના નહિ આપું. તું અયોગ્ય છે. તેં સિંહનું સ્વરુપ કર્યું, તો બીજાની શી વાત ? કાળના માહાત્મ્યથી હવે આગળ વિદ્યા પચશે નહી. માટે સુપાત્રને વિદ્યા આપવી. કુપાત્રને ન આપવી. જેવી રીતે કાચા ઘડાને વિષે નાંખેલું પાણી તે ઘડાનો જ વિનાશ કરે છે, તેવી રીતે સિદ્ધાંતનો રહસ્ય પણ આધારનો વિનાશ કરે છે.' તે ઉપરથી સ્થુલભદ્રે શ્રી ગુરૂપાદને પ્રણમીને પોતાના અપરાધની ક્ષમા માગી. 'હું હવે પછી એવો અપરાધ નહિ કરૂં.' પણ ગુરૂએ તો વાચના આપવાની ના પાડી. ત્યારે શ્રી સંઘે મળીને કહ્યું. 'હે સ્વામિન્ ! ત્યારે તમે બીજા દશ પૂર્વધારી સાધુઓને વાચના આપો.' ગુરૂએ ઉત્તર આપ્યો કે, 'સ્થુલભદ્ર જેવાને પણ આ જ્ઞાનનું અજીર્ણ થયું, ત્યારે બીજાઓને તો તે કયાંથીજ પચશે ? કારણ કે, કાળજ દુષમ છે.' શ્રી સંઘે કહ્યું. 'એમ કરવાથી તો સર્વ પૂર્વનો વિચ્છેદ થશે અને તેનું પાપ આપને લાગશે.' ત્યારે ગુરૂએ કહ્યું. 'જો સ્થુલભદ્ર હવે પછી બીજા સાધુઓને છેલ્લાં ચાર પૂર્વ ન શીખ

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

વે, તો હું એને તેનો પાઠ આપું.' શ્રી સંઘે કહ્યું. 'આપે આપે કહ્યું તેમજ થશે' પછી ગુરુએ સ્થુલભદ્રને ચાર પૂર્વ મૂળથી શીખવ્યા નહીં.

હવે સ્થુલભદ્ર એકલા ચૌદપૂર્વના ધારણહાર પૃથ્વીમાં વિચરતા, તપશ્ચર્યા કરતા અનેક ભવ્ય જીવોને પ્રતિબોધ કરતા કાળધર્મ પામી પહેલે દેવલોકે ગયા.

ઇતિ સ્થુલભદ્રની કથા.

---

આજનો માનવી વાસનાઓમાં મસ્ત બનીને,
માનવ જન્મને નિષ્ફળ ગુમાવી ન બેસે,
તે માટે આવી કથાઓ બહુ જ ઉપયોગી છે.

---

## વજ્રસ્વામી

ભવ્ય પ્રણીએ સર્વદા વજ્રકુમારની પેઠે બાલ્યાવસ્થાને વિષે પણ શિવસુખ દાતા એવો શ્રી જૈનધર્મ ગ્રહણ કરવો. જે પ્રાણી ઉત્કૃષ્ટ ગુણોથી યુક્ત એવી ધર્મની નિશ્ચળ પ્રભાવના કરે છે, તે પ્રાણી સુહસ્તિસૂરિના વંશમાં થએલા વજ્રસ્વામીની પેઠે લબ્ધિ મેળવે છે. એવા વજ્રસ્વામીએ અનુક્રમે કેવી રીતે પ્રવચનનો ઉદ્ધાર કર્યો ? તે કથા કહીએ છીએ.

જંબૂદ્વીપના આભૂષણરૂપ અવંતિ નામના દેશમાં તુંબવન નામનો સન્નિવેશ છે. ત્યાં ધર્મમાં નિપુણ અને દ્રવ્યમાં કુબેરભંડારી સમાન ધનગિરિ નામનો વ્યવહારી વસતો હતો. બાળપણમાંજ તે સમતા રસનો ધારક હતો.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

એકદા તેના માતા પિતા તેને માટે કોઇ યોગ્ય કન્યા શોધવા લાગ્યા. જ્યારે ધનગિરિને કન્યા દેવાને અન્ય શ્રેષ્ઠીઓ આવવા લાગ્યા, ત્યારે તેણે કહ્યું. 'તમે મને તમારી કન્યા આપવાને ઇચ્છો છો, પરંતુ હું તો દીક્ષા લેવાનો છું. તો પરણેલી કન્યાને ત્યજી દેઉં તો મને દોષ ન દેવો.' ત્યારે ધનપાળ નામના શેઠની પુત્રી સુનંદાએ કહ્યું. 'મારે આ ભવમાં ધનગિરિ વિના બીજા પતિને પરણવું નથી.' જો કે ધનગિરિ તે કન્યાને ન ઇચ્છતાં દીક્ષા ગ્રહણ કરવાનો હતો તોપણ સુનંદા તો દઢતાપૂર્વક તેનેજ પરણી.

એકદા વૈરાગ્યવાન છતાં પણ કર્મના યોગથી ધનગિરિએ રૂતુને અંતે સ્નાન કરેલી સુનંદા સાથે વિષયસુખ ભોગવ્યું. તેથી જંભક નામનો દેવ (જેણે અષ્ટાપદ પર્વત ઉપર ગૌતમસ્વામી પાસે પુંડરિક અધ્યયન સાંભળ્યું હતું) તે સ્વર્ગથી ચ્યવીને સુનંદાના ગર્ભને વિષે અવતર્યો. પછી વખત વીત્યે ધનગિરિએ પોતાની સ્ત્રીને ગર્ભવતી જોઇને કહ્યું, 'હે ભદ્ર ! આ તારા ગર્ભનું કલ્યાણ થાઓ, હું તો તારા ભાઇ આર્યશમિતે જેમની પાસે દીક્ષા લીધી છે, તેજ મહાગુરૂ સિંહગિરિ પાસે જઇને ચારિત્ર અંગીકાર કરીશ.' એમ કહીને તે ધનગિરિ ગુરુ પાસે જઇ સંયમ ગ્રહણ કરી તીવ્ર તપશ્ચર્યા કરતા ગુરૂ મુખ થકી સિધ્ધાંતરૂપી અમૃતસરનું પાન કરવા લાગ્યા.

આ તરફ શુભ દિવસે ઉચ્ચ ગ્રહોને સમયે જેમ રત્નભૂમિકા વજ્રમણિને જન્મ આપે અને પૂર્વ દિશા સૂર્યને જન્મ આપે તેમ સુનંદાએ ચિત્તને આનંદદાયક એવા વજ્ર નામે કુમારને જન્મ આપ્યો. તેની સખીઓ તે વખતે

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

કહેવા લાગી. 'મારા વ્હાલા બાળક ! જો તારા પિતાએ દીક્ષા ન લીધી હોત તો, તારો જન્મકર્મ–મહોત્સવ ઘણી શ્રેષ્ઠ રીતે કરત. પુરુષ વિના એકલી સ્ત્રીઓથી જગતને આનંદકારક જન્મ મહોત્સવ થતો નથી. જેમ કે–સૂર્ય વિના દીપક પણ દિવસ કરી શકતો નથી.' ઈત્યાદિ સખીયોએ કહેલાં વચન ધ્યાનમાં રાખી, તે બાળક ઉહાપોહ કરતાં જાતિસ્મરણ જ્ઞાન પામ્યો. તેથી તેને તેના પૂર્વ ભવ યાદ આવ્યો. એટલે તે દીક્ષા લેવાને આતુર થયો. ને તે કારણ માટે રોવા લાગ્યો. તે એમ ધારીને કે, 'રોયા વિના મારી માતા મને ત્યજી દેશે નહી.' તેની માતાએ તથા તેણીની સખીઓએ તેને અમૃત સમાન મધુર શબ્દોથી, મીઠી મીઠી બોલીથી, ચુંબન વિગેરેથી તથા હીંચકાવવાથી વિગેરે બહુ પ્રકારે રમાડયો. પણ તે રોતો બંધ થયો નહીં. આમ રોતાં રોતાં તે કુમાર છ મહિનાનો થયો. સુનંદા પણ બહુ રુદન કરતી કરતી કહેવા લાગી. 'મેજ આને જન્મ આપ્યો છે. માટે હું આને હણવાને તો સમર્થ નથી, પણ જો એનો પિતા અહિં આવે તો એને આપી દઈને હું સુખી થઉં. જે પુત્રથી ક્ષણવાર પણ સુખ નથી, તે પુત્ર શા કામનો ? અત્યારથીજ એ આમ કરે છે, તો મોટો થયે શું નહી કરે ?' સુનંદા આમ વિલાપ કરતી કરતી બેભાન બની ગઈ.

એવામાં એકદા ધનગિરિ અને આર્યશમિત પ્રમુખ સાધુઓ સહિત શ્રી સિંહગિરિ આચાર્ય અન્યત્ર વિહાર કરતા કરતા આ નગર પ્રત્યે આવ્યા. એટલે શ્રાવકોએ તેમને મોટા ઉત્સવ સહિત નગરમાં પ્રવેશ કરાવ્યો. પછી તેમણે તેમને ધર્મનો ઉપદેશ દીધો. મધ્યાહને આર્યશમિત

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

સાધુ સહિત ધનગિરિ સાધુએ ગુરુપ્રત્યે કહ્યું. 'હે ભગવન્! આજ્ઞા આપો તો અમે નગરમાં અન્ન વહોરવાને જઈએ.' ગુરૂ તો જ્ઞાનાતિશયવાળા હતા, તેથી તેમણે કહ્યું 'આજ તમને મહા લાભ થશે તમારે સચિત્ત અચિત્તનો વિચાર કરવો નહી (જે મળે તે લાવવું.)' તે સાંભળીને 'જેમ આપ કહો છો તેમ કરીશું.' એમ કહીને તે બન્ને સાધુઓ શ્રાવકોને ઘેરથી ફરતા ફરતા સુનંદાને ઘેર ગયા. તેમને જોઈને દુખિણી સુનંદાએ પોતાના પતિ પ્રત્યે કહ્યું. 'આ પુત્રે તો મન શૂન્ય હૃદયની કરી નાંખી છે. એનાંથી હું બહુ દુઃખી થઈ છું. એ આપનો પુત્ર છે તો આપજ લઈ જાઓ. મારે એનું જરાએ કામ નથી. એ મને કાળ જેવો લાગે છે. માટે કૃપા કરીને એને તમે લઈ જાઓ. આપ છો તો નિસ્પૃહિમાં અગ્રેસર, પરંતુ એ આપનોજ પુત્ર છે માટે હેં કૃપા સિંધુ! આપ એને લઇ જઈને મારા ઉપર દયા કરો.'

ગુરુએ કહ્યું હતું, તે સંભારીને ધનગિરિ બોલ્યા. 'જેમ તને ગમે તેમ; પણ પાછળથી પસ્તાવો કરીશ નહી. અમને આપી દીધા પછી તને એ પાછો મળશે નહી.' તે ઉપરથી સુનંદાએ કહ્યું. 'આ મારી સખીઓ તે બાબતની સાક્ષીભૂત છે કે, હું એને ફરી પાછો નહિ માગું.' એમ કહીને તેણીએ એને સાધુએ વિસ્તારેલા પાત્રબંધમાં મૂકયો તેને લઇને સુનંદાને ધર્મલાભ કહીને તેઓ પાછા ગુરુ પાસે આવ્યા. બાળકના ભારથી ધનગિરિનો હાથ નમી જતો હતો તે જોઇને ગુરુ બોલ્યા. 'આ બાળ વજરના જેવો સારવાળો થશે. માટે તેનું વજર કુંવર નામ થાઓ. પછી સચિત્ત એવા પણ તે બાળકને ગુરુએ ખોળામાં લઇને તેની સન્મુખ જોયું, એટલે તે બાળક હર્ષિત થયો. પછી

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

તેનું પાલન કરવાને ગુરૂએ તેને સાધ્વીઓને સોંપ્યો. સાધ્વીઓએ તેને શય્યાતરીઓને (ઉપાશ્રય આપનારી શ્રાવિકાઓને) સોંપ્યો.

હવે રોતા બંધ થએલા એવા તે વજ્રને શ્રાવિકાઓ વડે સ્તનપાન વિગેરેથી ઉછેરવામાં આવ્યો. તે વખતમાં સાધ્વીઓ અગીઆર અંગ ગણતી હતી, તે તે શીખ્યો. ત્રણ વર્ષનો થયો એટલે સરખી વયવાળા બીજા બાળકોની સાથે તે ધર્મોપકરણ વડે રમવા લાગ્યો. વળી શય્યાતરી શ્રાવિકાઓના સૌભાગ્યનો નિધાનભૂત એવો તે, જેમ હંસ એક કમળ ઉપરથી બીજા કમળ ઉપર જાય છે, તેમ એકના ખોળામાંથી બીજીના ખોળામાં જવા લાગ્યો. સ્ત્રીઓ પણ સન્માન અને આદરપૂર્વક તેને પોતાની પાસે બોલાવી કાનને અમૃત જેવા વચનોથી ગીત ગાવા લાગી આમ વજ્ર તો પોતાના ગુણવડે વજ્ર સરખા કઠિન હૃદયને પણ વીંધ્યાં એ યુક્તજ હતું. કારણ કે વજ્ર વજ્રથીજ વિંધાય છે. હવે સુનંદા પણ વંદન કરવા આવવાને બ્હાને ત્યાં આવી પોતાના પુત્રને સ્તનપાનાદિથી પોષવા લાગી.

હવે ત્યાં કન્ના અને પૂર્ણા નામની બે વિખ્યાત નદીઓ હતી. તેમનાં પાણી નિર્મળ હતાં. તે બે નદીઓની વચ્ચે વિભૂતિ (રક્ષા) લગાડવાથી શ્વેત છે શરીર જેમનાં એવા ઘણા તાપસો રહેતા હતા. તે તાપસોમાં એક તાપસ બહુ પ્રખ્યાત હતો. કારણ કે, તે લેપવાળી પાદુકા પહેરીને જળમાં ચાલતાં છતાં પણ તળીયાને એ જળનો સ્પર્શ થયા વિના નદી ઉતરતો હતો. તે કૌતુક જોવાને બહુ લોકો ત્યાં આવતા. તેઓ તે તાપસની તથા બીજાઓની પ્રશંસા

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

કરીને કહેવા લાગ્યા. 'અહો ! આવો પ્રભાવ તો આપણે કયાંય જોયો નહી. ન જોયો જૈનમતમાં કે, ન જોયો બીજે કયાંય.' આમ બોલીને તે તાપસ ભકતો તો જૈનોને હસવા લાગ્યા. એવા અવસરમાં વજરસ્વામીના મામા યોગસિદ્ધ આર્યશમિત સાધુ વિહાર કરતા કરતા ત્યાં આવી પહોંચ્યા. તેમને વૃદ્ધ શ્રાવકોએ પેલા તાપસની શક્તિની વાત કહી. તેના ઉત્તરમાં સાધુએ કહ્યું કે, 'એમાં કાંઇ એની પોતાની શકિત કે, માહાત્મ્ય ન સમજવું. એ તો લેપ પગે લગાવીને નદીની ઉપર ચાલે છે પછી તેમણે એક મહા ઋદ્ધિવાળા શ્રાવકને બોલાવીને એકાંતે કહ્યું. 'તમે તે તાપસની પાસે જાઓ અને ત્યાં જઇને આ પ્રમાણે કરો.' એમ કહીને જે કહેવાનું હતું તે કહ્યું.

પછી તે શ્રાવક પેલા તાપસ પાસે ગયો જઇને તેને વંદન કરીને કહેવા લાગ્યો. 'અહો ! તમારા જેવા કોઇ તાપસને મેં જોયા નથી કે, જેની આવી જળ ઉપર ચાલવાની શક્તિ છે. મેં સર્વ જૈનમત જોયો. પણ આવો પ્રભાવ કયાંય દીઠો નથી. માટે હવે તમેજ મારા ગુરૂ થાઓ.' તાપસે કહ્યું. 'પાછા ફરી જતા નહી.' શ્રાવકે કહ્યું 'મારૂં કહેવું મેરુ પર્વતના જેવું દૃઢ જાણવું. એકવાર મારે ઘેર આપે પારણાને અર્થે જરૂર પધારવું.' તાપસે કહ્યું. 'જો તમારી ઇચ્છા હોય તો ભલે તેમ કરીએ.' પછી બીજેજ દિવસે તે તાપસ પેલા શ્રાવકને ત્યાં પારણું કરવા ગયો. ત્યાં તે શ્રેષ્ઠીએ બહુ ભક્તિ દર્શાવી તેના પગ ધોયા. તેની ગુપ્ત પાદુકા પણ ધોઈ. તેને ઉત્તમ ભોજન જમાડીને પછી હજારો માણસો સહિત તેને મૂકવા ચાલ્યો. આર્યશક્તિ આચાર્ય

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

પણ સાથે ચાલ્યા, તેઓ સઘળા નદી પાસે પહોંચ્યા. ત્યાં પેલો તાપસ જેવો નદી ઉતરવા ગયો કે, તુરત ડુબી ગયો! લોકો હસવા લાગ્યા. 'અહો ! આજે આ તાપસનું તપ ક્યાં ગયું ?'

પછી આર્યશમિત આચાર્યે કહ્યુ. 'અહો લોકો ! આજે હવે સાવધાન થઈ ને જૈન મતનો પ્રભાવ જુઓ!' પછી તેમણે નદી પ્રત્યે કહ્યું. જો મારો તપ નિશ્ચળ હોય તો તારા બે ભાગ થઈ જાઓ ને મને માર્ગ મળો.' તે ઉપરથી નદીએ ઝટ માર્ગ આપ્યો. આર્યશમિતે આ પ્રમાણે કર્યું. તે જોઇને સર્વ તાપસોએ ગર્વ ત્યજીને દીક્ષા લીધી.

પછી સર્વેએ કહ્યું. 'અહો ! આ તપ નિશ્ચે પ્રશંસાને યોગ્ય છે; કારણ કે, તેનાથી વિઘ્ન પરંપરા નાશ પામે છે, દેવતાઓ સેવક રુપ થાય છે, કામ શાંત થાય છે, ઇંદ્રિય ગણ ઉપર નિગ્રહ રહે છે, કલ્યાણ પ્રાપ્ત થાય છે, મહા-રૂદ્ધિ આવી મળે છે, કર્મનો સમૂહ નાશ પામે છે અને સ્વર્ગ પ્રાપ્ત થઈ અંતે મોક્ષ મળે છે.'

પછી તાપસના ઘણાં ભકતો હતા તેઓ પણ શ્રાવક થયા. તે તાપસો બ્રહ્મદ્વીપના વાસી હોવાથી 'બ્રહ્મદ્વીપિક' એ નામે પ્રસિદ્ધ થયા.

હવે વજ્રકુમાર ત્રણ વર્ષનો થયો છે. એટલામાં ધનગિરિ વિગેરે સાધુઓ વિહાર કરતા કરતા પાછા અહિંજ આવ્યા ધન-ગિરિને આવ્યાં જાણી 'હવે તેમની પાસેથી મારો પુત્ર પાછો લઈશ.' એમ ધારી સુનંદા હર્ષ પામી, ને તેમની પાસે તેણીએ વજ્રને માગ્યો. મુનિઓએ કહ્યું, 'તમે સર્વ સાક્ષીએ એને ધનગિરિને આપ્યો છે, તો હવે કેમ પાછો માગો છો? લજ્જા નથી આવતી કે, એકવાર વિક્રય કર્યું હોય કે આપી દીધું, તે પાછું કેમ મંગાય ?' સુનંદાએ કહ્યું. મેં પૂર્ણ વિચાર કર્યાં વિના પુત્ર આપી દીધેલો. માટે એ કાર્ય

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

મેં સહસાત્કારે કર્યું છે. તેથી હવે પાછો માગવો એ અયોગ્ય નથી.' તે ઉપરથી શ્રી સંઘે કહ્યું. 'હે સુનંદા! તેં ચોક્કસ નક્કી કરીને પ્રથમ ગુરુને પુત્ર આપી દીધો છે તો હવે ગુરુએ અંગીકાર કર્યો એ તને પાછો કેમ આપે? જે વહોરી લીધું તે સર્વથા પાછું અપાય નહી."

તે ઉપરથી શ્રી સંઘ અને સુનંદા વાદ કરતા કરતા રાજા પાસે ગયા; સાધુઓ પણ ત્યાં ગયાં. પછી રાજાએ કહ્યું. 'એ બાળક જેની પાસે જાય, તેને તે સોંપીશ.' એટલે સુનંદાએ કહ્યું. 'એ આ સાધુઓના લાંબા કાળથી પરિચયવાળો થયો છે, માટે એને ખાવાનું આપીને પ્રથમ હું બોલાવીશ.' રાજાએ એ વાતની હા કહી. પ્રથમ સુનંદાએ તેને વિવિધ પ્રકારનાં ભોજન તથા રમકડાં પ્રમુખ બતાવીને કહ્યું. 'આવ પુત્ર અહિં આવ. આ વસ્ત્ર લે. મારું રક્ષણ કરનાર તું દેવ તુલ્ય છે, તું મને હર્ષ પમાડનાર ગુરુ તુલ્ય છે અને તું જ મારો આધાર છે; માટે આવ મારા ખોળામાં બેસ. હે પુત્ર! તારા પિતા તો દીક્ષા લઈ મને ત્યજીને જતા રહ્યા છે, એટલે હવે તું જ મારો પ્રાણાધાર છે, હે પુત્ર! આ લોકોની પાસે હું દીન જેવી છું. અહિં આવીને મને આલિંગન દે અને નવમાસ સુધી મેં તને ગર્ભમાં રાખ્યો છે તે ઋણમાંથી તું મુક્ત થા.' વળી રાજાની આજ્ઞાથી સુનંદા વજ્રને રમકડા તથા ખાવાના પદાર્થો બતાવીને કહેવા લાગી. 'હે પુત્ર! મેં આ તારે માટે હાથી, ઘોડાં, પાળા, રથ વિગેરે રમકડાં આણ્યાં છે, તે તું લે. વળી આ મોદક, મંડક, દ્રાક્ષ, સાકર, ખાંડ પ્રમુખ પણ હું લાવી છું, તેમાંથી જે ગમે તે લે અને અહિં આવ."

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

માતાનાં આ પ્રકારના શબ્દો સાંભળી વજર વિચારવા લાગ્યો. 'લોકો માતાપિતાને તીર્થ કહે તે સત્ય છે, પરંતું તેઓ તો આજ લોકમાં સંપત્તિને વખતે સુખ આપનાર થાય છે સ્વાર્થેજ પુત્રને ઉત્પન્ન કરે છે, પુત્રને અર્થે નહિ; પણ શ્રી સંઘ અને ગુરુ તો આ લોકમાં તેમજ પર લોકમાં પણ સુખને આપનારા થાય છે. વળી શ્રી સંઘ તો તીર્થંકરને પણ માન્ય છે અને શ્રી સંઘની આરાધના કરી તે માતાની આરાધના થઈ જ ગઈ. વળી માતા તો અનંતી થઈ ગઈ. કહ્યું છે કે, સમુદ્રના જળ કરતાં પણ અધિક એવું સ્તનપાન આ જીવે આ સંસારમાં કર્યું છે. આ સંઘ તો મોક્ષાદિ સુખને આપનાર છે. તેનું આરાધન કરવાથી થોડા ભવમાં સુખ મળે છે જો માતાનું વચન માનીશ તો મારે અધોગતિમાં જવું પડશે.'

પછી ધનગિરિ સાધુએ રજોહરણ બતાવીને કહ્યું. 'હે વજર ! જો તેં ધર્મ ભજવાનો અધ્યવસાય કર્યો હોય તો આ કર્મરૂપી રજનું માર્જન કરનાર એવું (ધર્મધ્વજ) રજોહરણ છે તે તું શીઘ્ર ગ્રહણ કર. કર્મથી બંધાએલા જીવને બીજું બધું તો ભવે ભવે સુલભ છે, પણ એ કર્મને ઉચ્છેદવાને સમર્થ એવો એક ધર્મજ દુર્લભ છે.' ગુરૂનું આવું વચન સાંભળીને વજર તો હર્ષ પામ્યો. એટલે શ્રી સંઘે તથા ગુરુએ રજોહરણ અને મુખવસ્ત્રિકા મૂકીને કહ્યું. 'હે વજર ! જો તારે દીક્ષા લેવાની હોય તો, આ રજોહરણ વિગેરે ગ્રહણ કર, નહિં તો તારી માતાએ મૂકી છે તે વસ્તુ લે.'' વજરે વિચાર્યું કે, 'શ્રી સંઘ જ માન્ય છે,' તે ઉપરથી તે રજોહરણ તથા મુખવસ્ત્રિકાને મસ્તક ઉપર મૂકીને નાચવા લાગ્યો. પછી તે હાથને વિષે રજોહરણ લઈ

ને પિતાના ખોળામાં જઈને બેઠો. એટલે તે સમતારૂપી અમૃતનાં સરોવરનાં કમળ ઉપર બેઠેલા હંસના પેઠે શોભવા લાગ્યો.

દુઃખી બનીને સુનંદા વિચારવા લાગી. 'અહો ! મારો પુત્ર પ્રવ્રજ્યા લેશે ? મારા ભાઇ તથા પતિ તો તે લીધેલીજ છે. તો હવે ઘરમાં એકલી રહેલી હું પણ તેજ માર્ગ લઉં,' એમ કહીને તે પોતાને ઘેર ગઇ. મુનિઓ પણ વજરને લઇને પોતાને સ્થાને ગયા. ત્યાં તેને સાધ્વીઓને સોંપ્યો. વજરે તેમની પાસે રહીને તે સાધ્વીઓ શીખતી હતી તે અગીઆરે અંગ સાંભળીને બુદ્ધિ વડે શીખી ગયો અને 'બાળકોને અજ્ઞતા દોષ' પોતાનામાંથી હંમેશને માટે દૂર કર્યો. સુનંદાએ પણ સંસારની અસારતા જાણીને સિંહગિરિ ગુરુ પાસે ચારિત્ર અંગીકાર કર્યું. છ વર્ષ પછી આચાર્યે વજરને દીક્ષા આપી અનુક્રમે તે આઠ વર્ષનો થયો.

એકદા વજરની સંગાથે ગુરૂ મહારાજા અવંતી નગરી તરફ વિહાર કરતા હતા. તેવામાં માર્ગમાં વર્ષાદ વરસવા માંડયો. એટલે સર્વ સાધુઓએ એક યક્ષમંડપમાં વસતિ લીધી. તે અવસરે વજર સાધુના સત્ત્વની પરીક્ષા કરવાને તેના પૂર્વભવના મિત્ર જરુંભક નામના દેવતા, તેજ વનને વિષે આવી સાર્થવાહનું રૂપ લઇને તંબુ નાંખીને રહ્યો· વરસાદ તો વરસ્યા કરતો હતો; એવામાં તેમણે આવીને ગુરુને નમસ્કાર કરીને કહ્યું. 'હે ભગવન્ ! અમારા ઉપર કૃપા કરીને અમારા તંબુમાં સાધુને આહાર લેવા મોકલો.' ગુરૂએ જોયું તો વર્ષાદ બંધ પડયો હતો. તે ઉપરથી તેમણે વજરને આહાર લેવાને મોકલ્યા. માર્ગે વજરની પરીક્ષા કરવાને દેવતાએ સૂક્ષ્મ જળબિંદુ વિકુર્વ્યાં. તે જોઇને વજર

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

બોલ્યા, ફરી દેવે બિંદુ સંહરી લીધા એટલે ઝુંપડીમાં ગયા તે દેવ જ્યારે અન્ન વહોરાવવા લાગ્યો ત્યારે તેને જોઇને વજરે વિચાર્યું કે, 'અહો ! આના પગ ભૂમિને સ્પર્શ કરતા નથી નેત્ર નિમેષ રહિત છે અને વળી જે આ અન્ન વહોરાવે છે, તે અન્ન આ કાળે સંભવતું નથી.'' એમ વિચારીને વજર સાધુએ તેને કહ્યું. 'અમને દેવપિંડ–દેવતાએ આપેલો આહાર કલ્પે નહિ.' એમ સાંભળીને અને વજરનું ઉત્કૃષ્ટ સત્ત્વ જોઇને દેવે પ્રગટ થઇને તેને વૈક્રિયલબ્ધિ આપી. વળી એક બીજે અવસરે પણ વણિકનું સ્વરુપ લઇને દેવોએ વજરને ઘૃતનું દાન દેવા માંડ્યું, ત્યારે પણ 'દેવતા છે' એમ જાણીને તેણે કહ્યું. 'અમને સાધુઓને દેવપિંડ કલ્પે નહી.' એ દેવોએ તેને મહાજ્ઞાનવંત જાણીને આકાશગામિની વિદ્યા આપી. એકદા વળી સ્થવિર સાધુએ વજરને કહ્યું. 'કેમ પાઠ કરતો નથી ? પાઠ કર.' પણ વજર તો પોતે મહાગંભીર હોવાથી પોતાની શક્તિ બતાવ્યા વિના રહ્યા.

એકદા બધા સાધુ ગૌચરી ગયા ને ગુરૂ પણ સ્થંડિલે ગયા તે વખતે વસતિમાં વજર એકલા રહ્યા ત્યારે વજર સર્વ ઉપધિને સાધુના મંડળની પેઠે ચોતરફ મૂકીને પોતે ગુરુજ હોયની ! તેમ વચ્ચે બેઠા ને મોટે સાદે અગીઆર અંગની વાચના આપવા લાગ્યા. એટલામાં ગુરુ બહાર દ્વાર પાસે આવી પહોંચ્યા; તો તેમણે સાંભળ્યું કે, વજર અગીઆર અંગની વાચના આપે છે. ગુરુએ વિચાર કર્યો કે, શું, ત્યારે સર્વે સાધુઓ આહાર લઇને આવી ગયા કે, વજર તેમને વાચના આપે છે ! ' પણ દ્વારના છિદ્રમાંથી તેમને એકલા વજરને જોઇને વિચાર્યું કે, અહો ! ધન્ય છે આ

બાળસાધુના ગંભીર્યને ! કે પોતાને આટલી વિદ્યા છતાં પણ એ બીજા કોઇ પાસે એ અગીઆર અંગનું જ્ઞાન પ્રગટ કરતો નથી.' વળી જો હું આ પ્રમાણે એકદમ અંદર જઈશ તો, વજ્ર શરમાઇ જશે; માટે મારે તેમ ન કરવું. એમ ધારીને તેમણે બહારથી જ ઉંચે સ્વરે નૈષેધિકી કહી. એ સાંભળી જરે સર્વ ઉપધિ એક બાજુએ મૂકી દીધી અને પોતે સામા આવીને દ્વાર ઉઘાડી ગુરૂના ચરણની રજને દૂર કરવા લાગ્યો.

કવિ કહે છે કે, 'આ બાળ સાધુએ જે ગુરૂની ચરણના રજનું કપાળને વિષે તિલક કર્યું, તે બીજું કંઈ નહિ, પણ મોક્ષરૂપી સ્રીને વશ કરવાનું કારણ સમજવું.''

પછી સુર્ય જેવા દેદીપ્યમાન એવા તે વજ્ર ગુરુને આસન ઉપર બેસારીને પ્રાસુક જળથી તેમના ચરણ ધોયા.

ગુરૂએ તેને બારે અંગના જ્ઞાનવાળો તથા વિનયી જાણ્યો. એટલે એકદા પોતે કોઈ બહાર ગામ જવાના હતા, ત્યારે તેમણે સર્વ યતિઓને કહ્યુ. "અમે અહિં આસપાસ ગામડામાં વિહાર કરવાના છીએ. ચાર દિવસમાં પાછા આવીશું." યતિઓએ કહ્યું. "ત્યારે અમે પણ આપની સાથે આવીશું." પણ ગુરૂએ ના કહી કે, "ગામડામાં બહુ સાધુઓએ સાથે વિહાર કરવો નહી. કારણ કે, તેમ કરવાથી આધાકર્માદિ દોષ લાગે છે.

શાસ્ત્રમાં આવા સોળ પ્રકારના દોષ બતાવ્યા છે. ૧ આધાકર્મ દોષ, ૨ ઊદ્દશિક દોષ, ૩ પૂતિ કર્મ દોષ, ૪ મિશ્રજાતિ દોષ, ૫ સ્થાપના દોષ, ૬ પ્રાભુતિકા દોષ, ૭

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

પ્રાદુઃકૃત દોષ, ૮ ક્રીત દોષ ૯ પ્રામિત્ય દોષ, ૧૦ પરા-વર્ત્ત દોષ, ૧૧ અભ્યાહૃત દોષ, ૧૨ ઉદ્‌ભિન્ન દોષ, ૧૩ માલાહૃત દોષ, ૧૪ આચ્છેદ્ય દોષ, ૧૫ અનિસૃષ્ટ દોષ અને ૧૬ અધ્યવપુરક દોષ, એવા પ્રકારના સોળ પિંડદોષ કહયા છે.”

એ સાંભળી સાધુઓએ કહ્યું “ત્યારે અમને પાછળ કોણ વાચના આપશે?” ગુરૂએ કહયું વજ્ર વાચના આપશે.” તે વખતે સાધુઓ “ગુરૂએ કહેલું વચન અન્યથા ન હોય.” એમ ધારી કંઈ બોલ્યા નહી. ગુરૂ પ્રભાતે ગામ ગયા. પછી સાધુઓએ કહયું. એટલે વજ્ર તેમને વાચના આપી. તેની સહેલાઈથી બોધ પમાડનારી વાચના ગ્રહણ કરતા થકા સાધુઓ તો વિચારમાં પડયા કે, ‘અહો! આ તે સરસ્વતી આવી કે, બૃહસ્પતિ સ્વર્ગ થકી ઉતરી આવ્યા કે, ગુરૂ પોતે વિહાર કરીને પાછા આવ્યા?” વિહાર કરીને ગુરૂ મહારાજ પાછા આવ્યા, ત્યારે શિષ્યોને પૂછવા લાગ્યા કે, “તમોને વજરે વાચના આપી તે ઠીક પડી કે નહી!” તેમણે ઉત્તર આપ્યો કે, “હવે પછી અમને નિત્ય વજરજ વાચના આપો. તે બાળ છતાં પણ તેનામાં મોટા માણસનો ભાવ છે, કારણ કે અમને લાગે છે કે, અમને વાચના આપવાને માટે સરસ્વતી પોતેજ તેનું રૂપ લઈને અત્રે આવી છે!” પછી ગુરૂએ પણ વજરનો ઉદય જાણીને તેને દ્રષ્ટિવાદ પર્યંત સર્વ શાસ્ત્રાદિ રહસ્યમાં પ્રવીણ કર્યો.

હવે અનુક્રમે વિહાર કરતા ભવ્ય જીવોને તારતા ગુરૂ વજર સહિત દશપુર નામના નગરે જઈ પહોંચ્યા. ત્યાં ગુરૂએ વજરને કહયું. ‘અવંતી નગરીને વિષે દશપૂર્વિ એવા ભદ્રગુપ્તસૂરિ રહે છે, માટે દશ પૂર્વનો અભ્યાસ કરવાને અર્થે

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

તું તેમની પાસે જા. તેમનો શિષ્ય કે, મ્હારો શિષ્ય કોઈ દશ પૂર્વ શીખ્યો નથી. માટે તું ઉજ્જયિની જઈને ત્યાં રહી દશ પૂર્વનો અભ્યાસ કરીને આવ અને ભવ્ય જનોને બોધ પમાડ. દશ પૂર્વ રૂપી અમૃતનું પાન કરવાથી તને નિરંતર શાસનદેવતા પ્રીતિથી સાન્નિધ્ય કરશે.”

ગુરૂનું વચન અંગીકાર કરીને ચિત્તમાં હર્ષ પામ્યો થકો વજર બે સાધુઓ સહિત ઉજ્જયિની તરફ ગયો, તે વખતે તે આકાશમાં બુધ અને શુક્રના યોગથી સૂર્યની પેઠે માર્ગમાં શોભવા લાગ્યો. હવે દશ પૂર્વ રૂપી અમૃતના સમુદ્ર સમાન ભદ્રગુપ્ત આચાર્યોના દર્શન કરવાને આતુર એવા તેઓ ઉજ્જયિની પહોંચ્યા; પણ રાત્રી પડી જવાથી નગરી બહાર રહેવું પડ્યું.

અહિં પ્રભાતે ભદ્રગુપ્ત આચાર્ય જાગ્યા. એટલે પોતાના શિષ્યોને કહેવા લાગ્યા કે; ‘આજે મેં એવું સ્વપ્ન જોયું કે, જાણે મારા હાથથી કોઈ દૂધનું ભરેલું પાત્ર લઈને પી ગયું અને તૃપ્ત થઈને અત્યંત પ્રમોદ પામ્યું.” આ મારા સ્વપ્ન ઉપરથી મને એમ લાગે છે કે, કોઈ મહા બુદ્ધિશાળી સાધુ આજે મારી પાસેથી દશ પૂર્વ ગ્રહણ કરવા આવશે. મારો આજનો દિવસ સફળ થશે ને મારો દશ પૂર્વનો પરિગ્રહ પણ સફળ થશે કે, એવા સાધુ મારી પાસેથી એ શીખવા આવશે. આજ સુધી હું જાણતો હતો કે, એ દશ પૂર્વ વિચ્છેદ પામશે, પણ આજ તો નિઃસંદેહ કોઈ ઉત્તમ પાત્ર આવશે.”

હર્ષથી પૂર્ણ છે મન જેનું એવા ભદ્રગુપ્ત આચાર્ય વિચાર કરે છે, એટલામાં તો વજર સાધુએ દ્વાર પાસે

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

આવીને નૈષેધિકી કહી. તેની આકૃતિ તથા પ્રકૃતિ જોઇને તેમણે નક્કી કર્યું કે, 'પોતે રાત્રીને વિષે સ્વપ્નામાં જે પુરુષ જોયો હતો તે સાક્ષાત્ આજ છે,' વજર પણ અત્યંત હર્ષ સહિત આચાર્યને પ્રદક્ષિણા દઇને વારંવાર નમી નમીને ગુરૂના ચરણને વંદન કરવા લાગ્યો. ગુરૂએ પણ હાથવડે બહુમાન સહિત વજરને આલિંગન દીધું. પોતે સાંભળી હતી એવી જ આકૃતિ જાણી 'તે વજર છે' એમ ઓળખીને આચાર્યે તેને પૂછયું. 'કેમ વિહાર તો સુખે થયો છે ને ? શરીરે પણ સુખી છો ને ? તપ પણ નિર્વિઘ્નપણે થાય છે ને ? તારા ગુરૂ પણ કુશળ જ છે ને ? આ વખતે તારે કેમ અવંતિમાં આવવું થયું ?' મહા ભક્તિવંત એવા વજરે ઉત્તર આપ્યો કે, 'આપે પ્રથમ જે સુખે વિહારનાં ઇત્યાદિ પ્રશ્નો પૂછયાં, તે દેવ ગુરૂના ચરણની કૃપાથી તેમજ છે અને અહિં આવવાનું પ્રયોજન તો એ કે, આપની પાસે મારે દશ પૂર્વનું અધ્યયન કરવું છે, માટે અભ્યાસ કરાવો.' ગુરૂ પણ યોગ્યપાત્ર જાણીને વજરને તે સંબંધી પાઠ આપવા લાગ્યા. એટલે વિનય પૂર્વક અભ્યાસ કરતો વજર અલ્પકાળમાં દશ પૂર્વિ થયો.

કહ્યું છે કે—જળને વિષે તેલ, ખળ પુરૂષને વિષે ગુહ્ય વાત, પાત્રને વિષે દાન અને બુદ્ધિશાળી પુરુષને વિષે શાસ્ત્ર એટલાં વાનાં તેને વસ્તુની શક્તિના પ્રમાણમાં વિસ્તાર પામે છે.

પછી ભદ્રગુપ્ત ગુરૂની રજા લઇને વજરસ્વામી દશપુર નગર તરફ જવા નીકળ્યા. ત્યાં આવીને સિંહગિરિ ગુરૂને પ્રદક્ષિણા કરીને પ્રણામ કર્યો. ત્યાં તેના પૂર્વ ભવના મિત્ર જે જરુંભક દેવતા હતા, તેઓએ અહિં આવીને

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

દશ પૂર્વના ધારણહાર એવા વજ્રસ્વામીનો મહોત્સવ કર્યો પછી ગુરુએ તેને આચાર્ય પદની સાથે ગચ્છનો ભાર પણ આપ્યો. ત્યાર પછી સિંહગિરિ આચાર્ય અનશન વ્રત ગ્રહણ કરીને સ્વર્ગે ગયા.

હવે વજ્રસૂરિ પાંચસો સાધુની સંગાથે પૃથ્વી ઉપર વિચરવા લાગ્યા. તેઓ જ્યાં જ્યાં વિચરતા, ત્યાં ત્યાં અનેક માણસો સમકિત મૂળ બારવ્રત અંગીકાર કરવા લાગ્યા.

એ સમયે પાટલીપુત્ર નામે નગરીને વિષે ધન નામનો વણિક ગૃહસ્થ રહેતો હતો, તેને રુકિમણી નામે અત્યંત સૌંદર્યવતી પુત્રી હતી. તેજ ધનશ્રેષ્ઠીની શાળામાં શ્રી વજ્રસ્વામીની સાધ્વીઓ રહી હતી. તે સાધ્વીઓ શ્રાવિકાઓને ધર્મોપદેશ આપતી વખતે વજરસ્વામીના સૌભાગ્ય-લાવણ્યાદિ ગુણોની પ્રશંસા કરતી. એમની એવી પ્રશંસા સાંભળીને રુકિમણી રાગ રહિત એવા પણ એ સાધુ ઉપર રાગવાળી થઈને સાધ્વીને કહેવા લાગી. 'આ ભવમાં વજરસ્વામી મારા ભર્ત્તાર થાઓ.' એ સાંભળીને તેણીને સાધ્વીઓ કહેવા લાગી. 'હે મુગ્ધે! એમ ન બોલ, તેં એ ખોટું ચિંતવન કર્યું છે. એ તારો કદાગ્રહ છે, અમારા ગુરુ પાસે એ વિફળ થશે.' તે ઉપરથી રૂકિમણીએ કહ્યું 'જો મારો આ નિયમ સફળ નહિ થાય તો મારે સંયમ એજ શ્રેય છે.'

અહિં વિહાર કરતા કરતા વજરસ્વામી એજ નગરે આવી પહોંચ્યા ને બહારના ઉદ્યાનમાં રહ્યા. રાજાએ મહોત્સવ પૂર્વક તેમને નગરમાં પ્રવેશ કરાવ્યો. સર્વ સાધુઓને સરખા રૂપવાળા જોવાથી રાજાએ પ્રશ્ન કર્યું કે, 'આપનામાં

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

વજરસ્વામી કોણ ? ' તે ઉપરથી સાધુઓએ તેમને ઓળખાવ્યા. એટલે રાજાએ ભક્તિ સહિત તેમને પ્રણામ કર્યો. પછી વજરસ્વામીએ ઉપદેશ આપ્યો. તે સાંભળીને રાજા પ્રમુખ સર્વ લોક પોત પોતાને સ્થાનકે ગયા. રાજાની પટ્ટ રાણીઓ પણ રાજાને મુખેથી ગુરૂના સૌભાગ્યાદિ ગુણોની સ્તુતિ સાંભળીને મહા આડંબર સહિત તેમને વાંદવાને આવી. તેણીઓને પણ ગુરુએ ઉપદેશ દીધો.

તે આ પ્રમાણે :— 'જે ભવિ જીવ ભાવે કરીને ધર્મને આદરે છે, તે સકળ કલ્યાણ પ્રત્યે પામે છે અને તેને મોક્ષ પણ પાસે જ છે; એમ શ્રી અરિહંત ભગવાને કહ્યું છે.''

બીજે દિવસે શ્રેષ્ઠી પુત્રી રુકિમણીને સૂરિના આગમનની ખબર પડી. તેથી તે લજ્જાનો ત્યાગ કરીને પિતાને કહેવા લાગી. 'હે પિતા ! જે વજરસ્વામીની સાથે મને વરવાની ઇચ્છા છે, તે આવી પહોંચ્યા છે. તો એજ મારા સ્વામી થાઓ. જો તેમ નહિ થાય તો હું મૃત્યુનું શરણ કરીશ.' તે. સાંભળીને ધનશેઠ તો તેણીને દિવ્યાભરણથી શણગારીને મુનિને આપવા માટે લઈ ચાલ્યા ! માર્ગે લોકો પણ વજરસ્વામીના રૂપ–સૌભાગ્યાદિ ગુણોનું સ્તવન કરતા હતા, તે સાંભળીને તો ધનશેઠ બહુ હર્ષ પામી બોલવા લાગ્યા. 'અહો ! ધન્ય મારી પુત્રીને કે, જે આવા શ્રેષ્ઠ વરને વરવાની ઇચ્છા કરે છે ! ' પછી ત્યાં જઈને વજરસ્વામીને નમન કરીને બેસી ધર્મોપદેશ સાંભળી શેઠે વિજ્ઞપ્તિ કરી. 'હે કૃપામય ગુરૂ ! આપના ઉપર આસકત જે આ મારી પુત્રી રૂકિમણી છે, તેને આપ ગ્રહણ કરો. આપને વરવાનો અથવા તો મૃત્યુને શરણ થવાનો એણીએ નિયમ લીધો છે; વળી હું આપને કન્યાદાનની સાથે એક ક્રોડ

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

રત્નો આપીશ. માટે આપ એને ગ્રહણ કરો.'

વજરસ્વામીએ કહ્યું, 'એ ભોગ છે તે નદીના કલ્લોલની પેઠે ચંચળ, તથા હસ્તિના કાનની પેઠે અસ્થિર છે. વળી તે પુન્યરુપી લક્ષ્મીને વ્યાધિ ઉત્પન્ન કરનારા છે, ત્યારે એની કોણ ઈચ્છા કરે ?

અનાદિ કાળથી એવો નિયમ છે કે, સ્ત્રી કે લક્ષ્મીનું દાન દેવું એ પૂર્ણ નિશ્ચય કર્યા પછી દેવું એ ઉચિત છે. તો હે મહામાન ! મારા પ્રત્યે તું કેમ આપવા આવ્યો છે ?શું એ માંસ, હાડકાં, રૂધિર પ્રમુખથી પૂર્ણ એવા મારા દેહને વિષે પ્રીતિવાળી થઈ છે ? તેણીનો પતિ તો એવો થશે કે, જે દેવતાને પણ દુર્લભ છે ! જેની પાસે સદ્‌ગુણો કિંકર સમાન છે, રુપ અને લક્ષ્મી પણ જેની દાસી છે, સર્વ ક્રિયાઓ પણ જેની પાસે તુચ્છ છે અને જેનામાં કંઈ પણ દૂષણ નથી. વળી જેના પ્રસાદથી સુર, અસુર અને નરેશ્વરો પણ શોભે છે અને જેની અત્યંત ભક્તિ થકી મોક્ષ પણ પ્રાપ્ત થાય છે આ પ્રકારે વર્ણવેલો જે સંયમ, તેજ તારી પુત્રીને લાયક છે. માટે જો તારી ઈચ્છા હોય તો હું હસ્તમેળાપ કરાવું ?

કહ્યું છે કે–મરણ જન્મને, ઘડપણ વિજળી જેવા ચંચળ યૌવનને, ધનની પ્રાપ્તિની ઇચ્છા સંતોષને, પ્રૌઢ સ્ત્રીઓના વિલાસો શાંતિના સુખને, દ્વેષી માણસો ગુણોને સર્પો વનની પૃથ્વીઓને, દુર્જનો રાજાઓને અને ચંચળતા ધૈર્યને ગળે છે; માટે આ જગતમાં કોણે શું નથી ગળ્યું ? વળી વાઘણની પેઠે તિરસ્કાર કરતું ઘડપણ પાસે જ રહે છે, શત્રુની પેઠે રોગો સર્વદા દેહને પ્રહાર કરે છે અને ફૂટેલા ઘડામાંથી ઝરી જતા પાણીની પેઠે આયુષ્ય નષ્ટ

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

થાય છે, તો પણ લોકો વિરૂદ્ધ કર્મ કરે છે; એ આશ્ચર્ય છે ! વળી પણ પુરૂષ ક્ષણવાર બાળ થઇને પાછો ક્ષણવાર વિષયમાં રસિક યુવાન થાય છે, ક્ષણવાર ધન રહિત થાય છે ને તેજ પાછો ક્ષણવાર પુષ્કળ ધનવાળો થાય છે. ક્ષણ વાર ઘડપણથી શિથિલ થએલા અવયવવાળો થાય છે અને ક્ષણવાર ત્રિવળીથી શોભતા શરીરવાળો થાય છે; એવી રીતનો મનુષ્ય, મરણ પછી નટની પેઠે યમની નગરી રૂપી પડદામાં પેસે છે, અર્થાત્ જેમ નટી નાના પ્રકારના વેષને ગ્રહણ કરીને અંતે પડદામાં પેસે છે, તેમ મનુષ્ય પણ બાળપણ વિગેરે વેષ લઇને અંતે યમપુરીમાં પેસે છે ' કહ્યું છે કે–લોહના ઘણે કરીને ઘડાએલા ઘણની પેઠે રુકિમણીરૂપ ઘણે કરીને જે કિંચિત્ માત્ર ભેદ પામ્યા નથી, એવા તે વજરસ્વામી ખરેખરા વજરમણિ જેવા છે.

વજરસ્વામીનાં આવાં અમૃતમય વચનોથી શાંત થયો છે મોહજ્વર જેણીનો એવી રૂકિમણીએ દીક્ષા અંગીકાર કરી. તે વખતે બીજા પણ ઘણા માણસો વજરસ્વામીની મનોહર વાણીથી આકર્ષાઇને જિનભાષિત ધર્મમાં આદરવાળા થયા. પછી આચાર્યે મહાપરિજ્ઞા નામે અધ્યયન થકી સંઘને અર્થે પદાનુસારિણી લબ્ધિવડે આકાશગામિની વિદ્યાનો ઉદ્ધાર કર્યો; પણ હવે પછી પ્રાણીઓ અલ્પ સત્વ વાળાં થવાના છે, એવું જાણીને તે વિદ્યા કોઇ સાધુને આપી નહી.

પછી વિહાર કરતા કરતા વજરસ્વામી પૂર્વ દિશાએથી ઉત્તર દિશા તરફ ગયા, ત્યાં મોટો દુકાળ હતો, તેથી ક્ષુધાથી પીડાતા સંઘના લોકો આવીને તેમને કહેવા લાગ્યા

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

"આ દુષમકાળના સામ્રાજ્યમાં વારંવાર જમતાં છતાં પણ તૃપ્તિ થતી નથી. વળી વિષયની બ્હીકથી જેમ યોગી પુરૂષો ચક્ષુ ઊઘાડતા નથી. તેમ ભિક્ષુકોના ભયથી અહિં પણ લોકો ઘરનાં દ્વાર ઉઘાડતા નથી. તૈયાર કરેલી રસોઇ પણ કોઇ જમી શકતું નથી. બજારમાં પણ લેવા વેચવાનો વ્યાપાર બંધ થઇ ગયો છે. ભિક્ષુક લોકો દંડવડે પ્રહાર કર્યા છતાં પણ હાથમાંથી અન્ન લઈ જઇને ખાઇ જાય છે વળી વિચરતા વિચરતા કોઈ સાધુ આવે તો તેમને માટે પણ શુદ્ધ અન્ન મળતું નથી. ધર્મમાં પણ ધ્યાન રહેતું નથી. માટે હે પ્રભો ! આવા દુઃખથી અમારો ઊદ્ધાર કરવો ઘટે છે; કારણ કે, આપ અદ્‌ભુત લબ્ધિના સાગર છો.

શ્રી સંઘની આવી વિનંતી ઉપરથી વજ્રસૂરિએ વિચાર્યું કે, જે છતી શક્તિએ, તે શક્તિ સંઘના કાર્યમાં નહિં વાપરે, તે દુર્ગતિએ જાય છે. કારણ કે, શ્રી સંઘ તો તીર્થંકરને પણ માન્ય છે." એમ વિચારીને તેમણે તુરત જ ચર્મરત્નથી એક મોટો પટ બનાવ્યો. તે ઉપર સર્વ સંઘને બેસારીને પોતે પણ તેના મધ્યમાં બેસી ગગનગામિની વિદ્યાનું સ્મરણ કર્યું. તેના પ્રતાપથી તે પટ આકાશમાં ચાલ્યો. એટલે તે દેવતાના વિમાન સમાન દેખાવા લાગ્યો.

એવામાં કોઇ શય્યાતર સાધુ કોઇ કાર્યને અર્થે ગયા હશે તે રહી ગયા. વજ્રસૂરિને કહેવા લાગ્યા 'હે પ્રભો ! હું જ શય્યાતર હતો; હવે આપણે સાધર્મિક છીએ. તો મને આપ આવે સ્થાને ત્યજીને કેમ જતા રહો છો?" એ સાંભળીને વજરસૂરિ આ પ્રમાણે સૂત્રાર્થનું સ્મરણ કર્યું. "જેઓ સાધર્મિકના વાત્સલ્યમાં કે, સ્વાધ્યાયમાં કે, ચારિ-

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

ત્રમાં અથવા ધર્મની પ્રભાવનામાં તત્પર હોય, તેમને મુનિએ જરૂર તારવા.' એવો આગમોનો અર્થ યાદ કરીને સુનંદાના પુત્ર જે વજરસ્વામી, તેમણે તે મુનિને વિદ્યાપટમાં લઇ લીધા. એટલે શ્રી સંઘના તેજથી દિશાઓને ઉજ્વળ કરતો, વિશ્વના સારનો ઉદ્ધાર કરવાવાલો તે પટ આકાશમાં ચાલવા લાગ્યો.

માર્ગે સર્વ ગંધર્વ લોક તથા સિદ્ધજનો પણ વંદન કરવા લાગ્યા અને સંઘ પણ ભક્તિ વડે નમ્ર થઇ વંદાવા લાગ્યો. તે વખતે વજરસ્વામીને બહુ હર્ષ થયો.

વજરસ્વામી તે પટને મહાપુર નામના નગરમાં લાવ્યા ત્યાં સુકાળ હોવાથી શ્રી સંઘ સુખી થયો. વળી બૌદ્ધલોકો સાથે ત્યાં પરસ્પર વાદ થવા લાગ્યો; તેમાં પણ જૈનલોકો તેમના ઉપર વિજય મેળવતા. એવામાં જૈનલોકોનાં વાર્ષિક પર્વ આવ્યાં, ત્યારે બૌદ્ધલોકો બૌદ્ધમાર્ગી એવા પોતાના રાજા પાસે જઇને કહેવા લાગ્યા. 'હે રાજન્ ! જૈનલોકોનાં વાર્ષિક પર્વ આવ્યાં છે. તો આપે માળી લોકો પાસેથી આપના મંદિરમાં પુષ્પો મંગાવી લેવા એમ કરવાથી એ લોકોનો ગર્વ ઉતરશે.' રાજાએ એમ આદેશ કર્યો. જેથી જૈન લોકોને પુષ્પ મળતાં બંધ થયાં. ત્યારે તેમણે વજરસ્વામી પાસે જઇને એ વાત કહી. 'રાજાએ આપણને પુષ્પ મળતાં અટકાવ્યાં છે અને પુષ્પ વિના તો શોભા આવશે નહી. માટે આપજ એ પુષ્પો લાવી આપવામાં સમર્થ છો.

'દુષ્ટનો નિગ્રહ કરવામાં અને આપણા તીર્થની થતી અવહેલના અટકાવવામાં આપે આપની શક્તિ ગુપ્ત રાખવી નહી. સાધુઓ પણ તીર્થની ઉન્નતિને અર્થે યત્ન કરે છે.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

માટે આપે પણ તીર્થપ્રભાવના કરવી.'

શ્રી સંઘની પ્રાર્થનાં ઊપરથી વજ્રસૂરિ આકાશગામિની વિદ્યાવડે માહેશ્વરીના સમીપના વનમાં ગયા, ત્યાં પોતાના પિતા ધનગિરિનો મિત્ર તડિત નામનો માળી હતો તેણે વજ્રસ્વામીને જોઈને હર્ષથી કહ્યું. 'આજે હું કૃત્યકૃત્ય થયો કે, મેં આપના મુખનાં દર્શન કર્યા, તોપણ આપ કાંઈ કાર્યનો આદેશ કરો.' તે ઉપરથી તેમણે કહ્યું. 'આવતી કાલે અમારૂં વાર્ષિક પર્વ છે, માટે અમારે મહાપુર નગરમાં પૂજાને અર્થે પુષ્પોનો ખપ છે." એ સાંભળીને માળીએ તેમને એકવીશ ક્રોડ પુષ્પ આપ્યાં તે લઈને તેઓ ચુલ્લહિમવંત પર્વત ઉપર ગયા. ત્યાં શાશ્વતિ જિનપ્રતિમાનાં દર્શન કરી ત્યાંના દેવતા પાસેથી પણ પુષ્પ લીધા પછી માર્ગે હુતાશન યક્ષના વનના દેવતા પાસેથી પણ પુષ્પ લીધાં આ પ્રમાણે વજ્રસ્વામી બહુ બહુ પુષ્પોના કરંડીઆ લઈને આવ્યા. તે ઉપરથી જિનાલયમાં મહાન્ ઉત્સવ થયો. તેથી અનેક બૌદ્ધલોકો પણ માન મૂકીને શ્રી વજ્રસ્વામીના પગમાં નમ્યા. બૌદ્ધરાજા પણ જૈનધર્મ થયો.

દશપુર નગરને વિષે સોમદેવ નામે બ્રાહ્મણ રહેતો હતો. તેને રુદ્રસોમા નામે જૈનમતાનુયાયી પત્નિ હતી. તેમને આર્યરક્ષિત અને ફલ્ગુરક્ષિત નામે પુત્ર હતા. સુબુદ્ધિ એવા આર્યરક્ષિતે અભ્યાસ કરવા માંડયો. જનોઈ દીધી ત્યાં સુધીમાં તો તેણે પિતા પાસે હતી તે સર્વ વિદ્યા શીખી લીધી; પરંતુ અધિક વિદ્યાનો અભ્યાસ કરવાને અર્થે તેને પાટલીપુત્ર જવું પડયું. ત્યાં જઈ તે સર્વ

વિદ્યામાં પ્રવીણ થઈને દશપુર નગરે પાછો આવ્યો. તેને સકળ શાસ્ત્રમાં પારંગત જાણીને રાજાએ સામા જઈ મહોત્સવ પૂર્વક હસ્તિ ઊપર બેસારીને શહેરમાં આણ્યો અને લક્ષ્મી આપી સન્માન કર્યું.

પછી તો બીજા લોકો પણ ભેટ લઈને તેને મળવા આવવા લાગ્યા. બંદીજનો પણ ઘરને આંગણે તેની સ્તુતિ કરવા લાગ્યા. તેના ઘરનાં માણસો પણ તોરણ અને સ્વસ્તિક વિગેરે રચવા મંડયા. એક દિવસ તેને વિચાર થઈ આવ્યો કે, અહો ! મને ધિક્કાર છે કે આવી પદવીને પ્રાપ્ત થયા છતાં હું આજ સુધી પણ મારી માતાના ચરણમાં નમવા ગયો નથી;

હવે મારે સુખે સુખી અને મારે દુઃખે દુઃખી એવી તે મારી માતાને મારા પ્રવાસનાં ફળ જે વિદ્યા અને ધન તેનાથી આનંદ ઉપજાવું એમ વિચારી ઘરમાં જઈને માતાના ચરણમાં ભક્તિ સહિત નમ્યો. માતાએ કહ્યું. હે પુત્ર ! દીર્ઘાયુ થાઓ. માતાએ કહ્યું ખરૂં, પણ તેનો બરાબર હર્ષ ન માલમ પડયો. તે ઉપરથી પુત્રે વિચાર્યું. મારી માતા મારી સાથે પ્રસન્ન ચિત્તથી કેમ કંઈ બોલતી નથી ? મેં કંઈ અપરાધ તો કર્યો નથી ? તેથી તે ફરીથી નમીને પૂછવા લાગ્યો. 'હે માતા ? હું આટલાં આટલા શાસ્ત્રોનો અભ્યાસ કરીને આવ્યો છું, છતાં તને કેમ કંઈ હર્ષ માલમ પડતો નથી ?' માતાએ કહ્યું 'આવી નરકના હેતુ રૂપ કુવિદ્યા શીખી આવ્યો તેમાં શું ? તેવી કોડી સમાન અને પરાળના પૂળા જેવી વિદ્યા શા કામની ? કે જેથી નથી ખબર પડતી જીવઅજીવની કે નથી હરાતી પરની પીડા, કે નથી થતાં ઉપકારનાં કાર્ય ?'

એ સાંભળીને પુત્રે કહ્યું ત્યારે હે માતા ! તું કહે કે, હું કયા શાસ્ત્રનું અધ્યયન કરૂં તો તને હર્ષ થાય ? માતાએ કહ્યું. હે પુત્ર ! જો તું ખરેખરો માતા ઉપર ભક્તિવંતજ હોય તો મુક્તિસુખને આપનાર એવું જે દૃષ્ટિવાદ, તેનો અભ્યાસ કર અને તે દૃષ્ટિવાદના અભ્યાસમાં પ્રવીણ થવા સારૂ જૈન શ્રાવક થા, કારણ કે સૂર્ય ઉદય થયા વિના હીમનો નાશ થતો નથી તોસલિપુત્ર નામે સૂરિ જેઓ ઇક્ષુવનમાં રહેલા છે, તેમની પાસે જઇને મહા પ્રયત્ન કરી દ્રષ્ટિવાદનો અભ્યાસ કર. પુત્રે કહ્યું - હું પ્રભાતે તેમ કરીશ એમ કહીને હવે હું કયારે પ્રભાત થાય ને દષ્ટિવાદ ભણવા જઉં. એમ વિચારતાં વિચારતાં આર્યરક્ષિતે રાત્રી વિતાવી.

પછી પ્રભાતે આર્યરક્ષિત માતા પિતાની રજા લઇને ચાલ્યો. નગર બહાર નિકળ્યો ત્યાં તેને કોઇએ પુછયું. તું કોણ છે ? તેણે કહ્યું. હું આર્યરક્ષિત છું તે સાંભળીને પેલા પુરૂષે તેને આલિંગન દઇને કહ્યું હું શાખાપુરમાં રહેનારો ત્હારા પિતાનો મિત્ર મહાદ્વિજ છું. હું ઘરની ચિંતાના ભારમાં બહુ મગ્ન છું; તું પણ ઉત્સુક છે; તો લે આ પ્રભાતને સમયે શેલડીના સાડાનવ સાંઠા. આર્યરક્ષિતે તે લીધા, ને કહ્યું કે હું કાર્યની વ્યગ્રતાને લીધે આગળ જઉં છું. માટે આપ આ શેલડીના સાંઠાનો વૃત્તાંત મારી માતાને કહેજો. એમ કહી તે આગળ ચાલ્યો.

પાછળ વિપ્રે શેલડીનો વૃત્તાંત રુદ્રસોમાને કહ્યો. તેથી તેણીએ કલ્પના કરી કે મારો પુત્ર સાડાનવ પૂર્વ શીખશે. આર્યરક્ષિતે પણ ધાર્યું કે શેલડીના સાડાનવ સાંઠા મલ્યા, જેથી હું સાડાનવ પૂર્વનો અભ્યાસ કરીશ પછી ગુરુને

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

વંદન કરીશ એમ વિચાર કરતો જેવો તે શાળાના દ્વાર પર્યંત ગયો ત્યાં તેણે શિષ્યોને માલવકી પ્રમુખ વિદ્યા શિખવતા ગુરૂનો શબ્દ સાંભળ્યો. શબ્દ સાંભળીને તે હર્ષ પામ્યો. પણ તેણે વિચાર કર્યો કે, હવે શી વિધિએ પ્રવેશ કરવો ? એવામાં ત્યાં ઢઠ્ઠર નામે ધાર્મિક શ્રાવક આવ્યો. તે નૈષેધિકી કહીને અંદર પેઠો તેણે ઉંચે સ્વરે કરીને ગુરૂને અને બીજા સાધુઓને પ્રત્યેકને વાંદ્યા. પછી તે ભૂમિ પ્રમાર્જન કરીને બેઠો.

તે જોઇને આર્યરક્ષિત એજ પ્રમાણે પોતે પણ ગુરુને ને પછી બીજા સાધુઓને વંદન કરીને બેઠો. ગુરૂએ જાણ્યું આ કોઈ નવો માણસ છે. તેથી તેને પુછ્યું હે શ્રાવક ! તારો ગુરૂ કોણ ? તેણે કહયું. આ શ્રાવક જ મારો ગુરૂ, કે જેની પાસેથી હું આ શીખ્યો. પછી ગુરૂએ પુછ્યું. તું કયાંથી આવે છે ? તે ઉપરથી તેણે વિનય પૂર્વક સર્વ વૃત્તાંત ગુરૂને કહ્યો ગુરૂએ મને ભદ્રક પરિણામી જાણીને કહ્યું. 'દષ્ટિવાદ દીક્ષા લીધા સિવાય શીખાશે નહી' ત્યારે તેણે કહયું. ત્યારે પ્રથમ દીક્ષા આપો. ગુરૂએ તેને યોગ્યપાત્ર જાણીને દીક્ષા આપી પછી તે ગુરૂ સાથે વિચરવા લાગ્યો, ને અલ્પ સમયમાં તેણે અગીઆર અંગ તો શીખી લીધાં. પછી ગુરૂએ તેને દષ્ટિવાદ શીખવ્યું; ને કહયું કે જો વધારે દષ્ટિવાદ શીખવાની ઈચ્છા હોય તો, વજ્રસ્વામી પાસે જઇને શીખ.

એ ઉપરથી તે મહાપુર નામે નગરે થઇને ઉજ્જયિની નગરીએ ભદ્રગુપ્ત આચાર્ય પાસે ગયો. ત્યાં તેને ઓળખીને ગુરૂએ કહયું. હે વત્સ ! ઠીક કર્યું. બ્રાહ્મણપણું ત્યજી દઈને સાધુ થયો તો ઠીક કર્યું; પણ હું હવે વૃદ્ધ

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

થયો છું તેથી અનશન કરવાનો છું; માટે તું વજ્રની પાસે જા; તેની પાસે તે શીખજે, પણ ત્યાં તું જુદે ઉપાશ્રયે રહેજે કારણ કે, વજ્રની સાથે આહાર લે છે, તે તેનીજ સાથે અનશન વ્રત આદરશે.

ગુરૂનું વચન માન્ય કરીને ગુરૂને નિઝામણા કરાવીને પછી તે વજરસ્વામી પાસે આવ્યો. તે પહેલાં વજરસ્વામીને સ્વપ્ન આવ્યું હતું કે, 'કોઇક માણસ આવીને મારી પાસેથી બહુ દુધ પી ગયો; ફકત થોડું જ બાકી રહ્યું.' તે સ્વપ્ન અને તેનો શાસ્ત્ર પ્રમાણે અર્થ વજરસૂરિએ પોતાના શિષ્યો પ્રત્યે પ્રભાતેજ કહ્યો હતો કે, 'કોઇ અપૂર્વ શિષ્ય આવીને મારી પાસેથી દશ પૂર્વથી કંઇ ઓછું શીખી જશે.' એવામાં તો આર્યરક્ષિત અકસ્માત્ આવીને નૈષેધિકી કહીને દ્વાર પાસે ઉભો રહ્યો; પછી અંદર આવીને વજરસ્વામીને નમન કરીને બેઠો, તેને આવવાનું કારણ પૂછતાં ઉત્તર મળ્યો કે ભદ્રગુપ્તસૂરિએ આપની પાસે દષ્ટિવાદ શીખવા મને મોકલ્યો છે.' તે ઉપરથી વજરસ્વામીએ તેને શીખવવાનું શરૂ કર્યું. ભદ્રગુપ્ત આચાર્યના કહેવા પ્રમાણે જુદે ઉપાશ્રયે રહીને તે શીખ્યો નવપૂર્વ શીખી લઇને દશમા પૂર્વના કઠિન યમક શીખતો હતો, તેવામાં તો પિતાનો સંદેશો આવ્યો કે, 'તારા વિના અમે બહુ દુઃખી છીએ; માટે અહિં આવીને અમને સુખી કર.'

આ ઉપરથી તે દશમું પૂર્વ ઉતાવળથી શીખવા લાગ્યો; પણ ત્યાં તેનો નાનો ભાઈ ફલ્ગુરક્ષિત આવીને કહેવા લાગ્યો કે, 'જો તને માતા અને પિતા ઉપર પ્રેમ-

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

'જે અસૂઝતો આહાર ગ્રહણ કરે. તેને નિઃસંદેહ અચારિત્રી જાણવો; અને ચારિત્ર વિનાની જે ક્રિયાઓ છે, તે સર્વ નિરર્થક છે. ॥ ૨ ॥

વળી આ પુદ્ગલોએ તો વારંવાર ભોજન કરીને તેને છાંડેલું છે; તો તેવા ઉચ્છિષ્ટના જેવા આ આહાર ઉપર અમારે શી લોલુપતા હોય ? માટે અમારે એ અન્ન ગ્રહણ કરવાની ઇચ્છા નથી.' એ પ્રમાણે વજ્રસેનને સમજાવીને તેના પાંચસો શિષ્યો વજ્રસ્વામીની પાસે આવ્યા. આ પ્રમાણે અત્યંત સૌભાગ્યવાન્ એવા વજ્રસ્વામી, વજ્રસેન સિવાય બીજા સૌને લઇ, ફક્ત એક જ સાધુ ક્ષુલ્લક (બાળ સાધુ)ને છેતરીને ગામમાં પાછળ મૂકી. પર્વત ઉપર ગયા. તે ક્ષુલ્લક પણ ગુરૂની અપ્રીતિ ન થાય, એટલા માટે ગિરિની હેઠળ જ રહી ચતુર્વિધ આહારનો ત્યાગ કરીને એક શિલાતલ ઉપર માખણના પિંડની પેઠે ગળી જઇને દેવલોકે પહોંચ્યો. પેલા શિષ્યો પણ સ્વર્ગે ગયા.

પેલા ક્ષુલ્લકના શરીરની પૂજા કરવાને દેવતાઓ ત્યાં આવવા લાગ્યા, તે જોઇને પરિવારે તેનું કારણ ગુરૂને પુછયું. વજ્રસ્વામીએ ઉપયોગથી જોયું ને તે વાત તેમને કહી

તે પર્વત ઉપર કોઈ મિથ્યાદૃષ્ટિ દેવ વજ્રસ્વામીને ચલિત કરવાને આવ્યો પણ તેઓ ચળ્યા નહી. તે ક્ષેત્રમાં દેવની અપ્રીતિ જોઇને, બીજે સ્થળે જઈ વજ્રસ્વામીએ ક્ષેત્ર-દેવીનો કાઉસ્સગ્ગ કર્યો; ત્યાંથી કાળ કરી તેઓ સ્વર્ગે ગયા. ત્યાં ઇન્દ્રે આવીને તીર્થ સ્થાપ્યું ને તેમને વંદન કર્યું.

ત્યાર પછી વજ્રસેન અને તેનો શિષ્ય સોપારપત્તન

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

નામે નગરે ગયા ત્યાં જિનદત્ત શ્રેષ્ઠીને ઘેર તેણે અને તેની સ્ત્રીએ સાધુને વંદન કર્યું; પણ સાધુએ જિનદત્તને વિષ (ઝેર) વાટતો જોઈને કારણ પુછ્યું. ત્યારે તેણે કહ્યું. 'આ દુકાળમાં અમારી પાસે પુષ્કળ ધન છે; પણ જરાએ અન્ન નથી. માટે આજે એક લક્ષ સુવર્ણનું બહુ થોડું પણ અન્ન લાવીને આ વિષ તેમાં ભેળવીએ છીએ. તે ખાઇને સૌ સાથે મૃત્યુ પામીશું'' તે સાંભળીને ગુરૂએ કહ્યું. 'એમ કરશો નહીં; આવતી કાલે ધાન્યનાં ભરેલાં પુષ્કળ વહાણો આવી પહોંચશે.' શ્રેષ્ઠીએ કહ્યું તે પ્રમાણ થાઓ! આપે કહ્યું તે જો ખરૂં પડશે તો, આ ચારે પુત્રો આપની પાસે દીક્ષા લેશે.' પ્રભાત થયું એટલે સુકાળવાળા દેશમાંથી ધાન્ય આવવાથી એ વાત ખરી પડી. તે ઉપરથી શ્રેષ્ઠીએ પોતાના કુટુંબ સહિત ચારિત્ર ગ્રહણ કર્યું. તે ચારે પુત્રો નાગેંદ્ર, ચંદ્ર, વિદ્યાધર અને નિવૃત્તિ નામે આચાર્યો થયા

ગુર્વાજ્ઞાં મસ્તકે ધૃત્વા, સર્વજ્ઞાજ્ઞાનુપાલનમ્ ।
તજ્જાયતે તતસ્તત્ર, યથાસ્યાદપુનર્ભવઃ ॥ ૪ ॥

કહ્યું છે કે—ગુરુની આજ્ઞા મસ્તકે ધરવી, સર્વજ્ઞની આજ્ઞા પાળવી અને ઉત્તમ જનની સંગત કરવી. કે જેથી ફરી ભવ થાય નહી.

પછી તે ચારે આચાર્યોની ચાર શાખા થઇ. આજ સુધી સોપારપુર પાટણમાં શ્રી રૂષભદેવના મંદિરમાં તેમની મૂર્તિઓ જોવામાં આવે છે.

ઇતિ વજ્રસ્વામીની કથા.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

❊ અકલંક ગ્રંથમાળામાં આપેલ રકમની શુભ નામાવલી ❊

૧૫૧ મીઠાલાલ ધુળચંદજી
૧૫૧ જયંતીલાલ ઝુંઝાભાઈ
૧૫૧ લલ્લુભાઈ કાળીદાસ રૂપાલવાળા
૧૫૧ જે. કે. મઠીઆ
૧૫૧ પોપટલાલ કેશવલાલ પાંચોટવાળા
૧૫૧ ચંપકલાલ હરીચંદ દોશી
૧૫૧ બબલદાસ કપુરચંદ
૧૫૧ મદનલાલજી
૧૫૧ નવીનચંદ માવજી રોલેક્સ
૧૫૧ દેવીચંદજી હીરાચંદજી
૧૫૧ હરેશભાઇ ડાહયાભાઇ
૧૫૧ ખાન્તિલાલ વાલચંદ
૧૫૧ અનોપચંદ વાલચંદ
૧૫૧ મનસુખલાલ ડુંગરશી
૨૫૧ ભીખાલાલ મોહનલાલ
૨૫૧ નીહાલચંદ જીવનચંદ
૨૫૧ લાલચંદજી જુહારમલજી
૩૫૧ નગીનભાઈ ધનજી રોલેક્સ
૫૦૧ હસમુખ ધામી હસ્તક કાર્ટરરોડ સંઘના
૫૫૧ ચંદ્રકાન્ત મંગળદાસ છઠીઆરડાવાળા
૫૦૧ બ્હેનો તરફથી હ. મધુબેન
૫૦૧ બાબુલાલ પુખરાજજી

૪૧ જૈન કથાઓ ભા–૫, (૪૨) ભા–૬ (૪૩) ભા–૭
૪૪ ભા–૮ (૪૫) ભા–૯ (૪૬) ભા–૧૦ (૪૭) ભા–૧૧
૪૮ જૈન ચેઇયથયથુઇ સજ્ઝાયમાળા ભા–૨
૪૯ સજ્ઝાયમાળ ભા–૨
૫૦ છ કર્મગ્રંથસાર
૫૧ જૈન દર્શનને શ્રાવક દિન કૃત્ય
૫૨ જૈન કથાઓ ભાગ ૧૨
૫૩ ચેઇયથયથુઇ સંગ્રહ
૫૪ ભૂભુવઃ સ્વઃ ભા. ૨
૫૫ જૈન કથાઓ સુબોધ કથાઓ
૫૬ સુબોધકથાઓ જૈન દર્શન
૫૭ બૃહદ્ સંગ્રહણી સાર્થ
૫૮ જૈનધર્મ પ્રવેશક ભા. ૧
૫૯ ઉપમિતિ ભવ પ્રપંચા કથા ભા. ૧
૬૦ ઉપમિતિભવ પ્રપંચા કથા ભા. ૨
૬૧ નુતન સ્તવનાવળી
૬૨ ઉપદેશસીત્તરી
૬૩ સહસ્રકુટનામાવલી
૬૪ જૈન કથાઓ ભા. ૧૩
૬૫ ભા. ૧૪ (૬૬) ભા. ૧૫
૬૭ જૈન મહાભારત
૬૮ ,, ઇતિહાસ
૬૯ ,, ધર્મ પ્રવેશક ભા. ૨
૭૦ ,, રામાયણ
૭૧ વસુદેવહિંડ ચરિત્ર
૭૨ સમકિત મૂળ બાર વ્રતની કથાઓ
૭૩ નવ સ્મરણમૂળ
૭૪ નવપદ મહાત્મ્ય
૭૫ લઘુક્ષેત્ર સમાસસાર્થ
૭૬ અકલંક આત્મકથા
૭૭ સાધુ–સાધ્વી આવશ્યક સૂત્રાર્થ
૭૮ ચેઇયથયથુઇ સજ્ઝાય માળા ભા. ૩
૭૯ જૈન કથાઓ ભા. ૧૬
૮૦ ,, ભા. ૧૭
૮૧ નવકારના જાપની નોંધ
૮૨ તત્ત્વાર્થાધિગમ સૂત્રાર્થ
૮૩ જૈન ધર્મ પ્રવેશક ભા ૩
૮૪ ,, પ્રશ્નોત્તરી ભા. ૧
૮૫ ,, ભા. ૨
૮૬ ,, ભા. ૩
૮૭ બે પ્રતિક્રમણ તથા પ્રકીર્ણ સંગ્રહ
૮૮ ભા. ૧૮ (૮૯) ભા. ૧૯
૯૦ ,, ભા. ૨૦
૯૧ ચોસઠ પ્રકારી પૂજા સાર્થ ભા. ૧
૯૨ પૂજા ભા. ૨

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

ણમો વીયરાયાણં,                    નમો નમઃ શ્રી ગુરૂધર્મસૂરવે

# અભિપ્રાય

વિદ્વાન તપસ્વી મુનિવર શ્રી અકલંક વિજયજી દ્વારા અનેક જૈન ધર્મનું ચરિત્રાદિ વાર્તા સાહિત્ય બહાર પડે છે જેઓને સંસ્કૃતનું જ્ઞાન નથી તેવા બાલજીવોને તેમનું સાહિત્ય ઉપયોગી બની શકે તેવું છે. સકલ જૈન સંઘે અને જૈન સમાજના સાહિત્ય પ્રેમી ધર્મપ્રેમીઓએ તેમના શુભ પ્રયત્નમાં હંમેશા સારો સહકાર આપવો જોઇએ.

એજ વિજય કનકરત્નસૂરિ

મુનિ અકલંકવિજયજીએ કુલ ૧૦૮ પુસ્તકોનું પ્રકાશન કરવાનું વિચાર્યું છે અને એમાં ૮૫ પુસ્તકો છપાયા છે. આ પ્રકાશન પ્રવૃત્તિ પાછળનો હેતું દષ્ટાંત કથાઓ ચરિત્રો અને આત્મવૃતાંતો દ્વારા લોકોમાં ધાર્મિક રૂચી ઉભી કરી તેમને સદાચાર અને સદ્ધર્મ તરફ વાળવાનો છે. સમાજના સામાન્ય સ્તરના મોટા સમુદાયને આવી દષ્ટાંત કથાઓમાં રસ પડે છે. એટલું જ નહિ પરંતુ એમના જીવન ઉપર પણ થોડે ઘણે અંશ એની અસર થાય છે. આ શુભ પ્રવૃત્તિ બદલ તપસ્વી મુનિ અકલંકવિજયજી ધન્યવાદને પાત્ર છે.

લિ.
મુગટલાલ પો. બાવીશી
ડો. પી. એચ. ડી.
૪/૪ સાંઈ એપાર્ટમેન્ટ
હવાડીઆ ચકલા પાછળ
સુરત ૩૯૫૦૦૩

P. P. Ac. Gunratansuriji M.S.                    Jin Gun Aaradhak Trust

ણમો વીયરાયાણં,  નમો નમઃ શ્રી ગુરૂધર્મસૂરયે

# અભિપ્રાય

વિદ્વાન તપસ્વી મુનિવર શ્રી અકલંક વિજયજી દ્વારા અનેક જૈન ધર્મનું ચરિત્રાદિ વાર્તા સાહિત્ય બહાર પડે છે જેઓને સંસ્કૃતનું જ્ઞાન નથી તેવાં બાલજીવોને તેમનું સાહિત્ય ઉપયોગી બની શકે તેવું છે. સકલ જૈન સંઘે અને જૈન સમાજના સાહિત્ય પ્રેમી ધર્મપ્રેમીઓએ તેમના શુભ પ્રયત્નમાં હંમેશા સારો સહકાર આપવો જોઇએ.

એજ વિજય કનકરત્નસૂરિ

મુનિ અકલંકવિજયજીએ કુલ ૧૦૮ પુસ્તકોનું પ્રકાશન કરવાનું વિચાર્યું છે અને એમાં ૮૫ પુસ્તકો છપાયા છે. આ પ્રકાશન પ્રવૃત્તિ પાછળનો હેતુ દૃષ્ટાંત કથાઓ ચરિત્રો અને આત્મવૃતાંતો દ્વારા લોકોમાં ધાર્મિક રૂચી ઉભી કરી તેમને સદાચાર અને સદ્ધર્મ તરફ વાળવાનો છે. સમાજના સામાન્ય સ્તરના મોટા સમુદાયને આવી દૃષ્ટાંત કથાઓમાં રસ પડે છે. એટલું જ નહિ પરંતુ એમના જીવન ઉપર પણ થોડે ઘણે અંશ એની અસર થાય છે. આ શુભ પ્રવૃત્તિ બદલ તપસ્વી મુનિ અકલંકવિજયજી ધન્યવાદને પાત્ર છે.

લિ.
મુગટલાલ પો. બાવીશી
ડો. પી. એચ. ડી.
૪/૪ સાંઈ એપાર્ટમેન્ટ
હવાડીઆ ચકલા પાછળ
સુરત ૩૯૫૦૦૩

P. P. Ac. Gunratansuriji M.S.  Jin Gun Aaradhak Trust